॥ ॐ ॥

શ્રી શિવાય નમઃ　　　　　　　　　નીત્યે તેમ.

કીરપારામ કૃત્ય

બોધ સંગ્રહ ભજનાવળી.

ગરબીઓ, પદ, લાવણીઓ, થાળ વીગેરેથી ભરપુર.

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

કીરપારામ હરીરામ. તપોધન બ્રાહ્મણ.

મુ. વસ્ત્રાલી,—તાબે દસ્ક્રોઈ.

અમદાવાદ, ખાડીઆમાં-"હિતેચ્છુ" પ્રેસમાં
મહેતા હરિપ્રસાદ પિતાંબરદાસે છાપી.

—∞0∞—

સવત ૧૯૭૧　　　　　સને ૧૯૧૫

આવૃત્તિ. ૧ લી.　　　　નકલ ૧૦૦૦

કીંમત પાકા પુઠાના	૦–૮–૦
" કાચા પુંઠાના	૦–૬–૦

॥ ॐ ॥ No. 491

શ્રી શિવાય નમઃ નીત્યે નેમ.

કીરપારામ કૃત્ય

બોધ સંગ્રહ ભજનાવળી

ગરબીઓ, પદ, લાવણીઓ, ધોળ વીગેરેથી ભરપુર.

બનાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

કીરપારામ હરીરામ તપોધન બ્રાહ્મણ.

મુ વડાલી,–તાબે ઇડર

અમદાવાદ, ખાડીઆમા–"હિતેચ્છુ" પ્રેસમા

મહેતા હરિપ્રસાદ પિતાંબરદાસે છાપી.

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

આવૃત્તિ. ૧ લી નકલ ૧૦૦૦

કીંમત પાકા પુઠાના ૦–૮–૦

" કાચા પુઠાના ૦–૬–૦

॥ ॐ ॥

શ્રી ગણુપતયે નમઃ

પ્રથમ સમરૂં હુ તો ગણુપતિ તમને; દેવના દેવ નમેછેરે તમને.ટેક.
ગણુપતિ દેવ પ્રથમ પુજાયે, પિતા શંકરને તો હરખ ન માયે.ગ.
ગણુપતિ દેવ ગજાનંદ મોરા, નિત્ય સેવા માગું શરણુરે તોરા. ગ.
ગણુપતિ દેવ શોભી રહ્યા ભારી, પુષ્પ દુર્વારે લાવે નરને નારી.ગ.
ગણુપતિ જમો રૂડા કંસાર લાડુ,પ્રેમ ધરી સંતો ઘીની ધારા પાડુ ગ
ગણુપતિ દેવના ગુણુરે ગાયે, જન્મો જન્મનાં પ્રાશ્ચિત જાયે. ગ.
ગણુપતિને ભાવે બહુ મેવા, કર જોડીને કરૂં તોરી શેવા. ગ.
ગણુપતિ દેવ દુંદાળારે મોરા, સર્વે દેવ ગુણ ગાયેરે તોરા. ગ.
ગણુપતિ દેવ મંગળ મોરાળી, નર નારી લે એકે ચિત્તે તાળી.ગ.
શાસ્ત્ર આધારે પ્રભુ બંધુરે લાગુ, મોટાભાઈની પ્રભૂ શેવારે માગુ.
અજ્ઞાની પુરૂષો મારો ક્ષેદ કરે છે, જ્ઞાની પુરૂષો પ્રભૂ ભેદ જાણેછે.ગ.
ગણુપતિ દેવ મારૂ કષ્ટ નિવારો, કુડીઆ સંસારમાથી ફીરપાને
તારો. ગ.

(પદ ૨. રાગ ધોળ, માંમેરૂ મોંધા મુલનુ.)

મગનમા શુ મહાલીઓ ટેક.

કર પ્રભૂના સાથે વહાલ, અંધરૂં થાશેરે કાલ. ॥ ૧ ॥ મગ.
અન્યા પેટને અર્થે પાખંડ કર્યાં, નહિ ધર્યા પ્રભૂ સાથે ધ્યાન,
તુંને કેમ ન આવીરે ભૂડા સાન. ॥ ૨ ॥ મગનમાં.

વહાલા ફોગટ ફંદમાં શું ધાવે, હીરો હાથે કરી શું ગુમાવે;
પ્રેમ ધરી સુરતામા ચિત્ત લાવે. ॥ ૩ ॥ મગનમા.
તુને નરરે છોડીને નારી કર્યો, દુષ્ટ વાસનાથી નહિ ડર્યો.
તેથી ગુણકાને ઘેર અવતાર ધર્યો. ॥ ૪ ॥ મગનમા
અનેક અવતાર ઉદરમા અવતર્યો, કશો વેપાર અર્થ નહિ સર્યો,
ઝાડ પાલા ખાવા શુ સંચર્યો, ॥ ૫ ॥ મગનમા.
તારે સુતવીતકુટુંબ ઘરની નારી, ખરૂં જાણીને મોહમાયા કરે ભારી
કેવી થાશે કાયાની ગતિ તારી. ॥ ૬ ॥ મગનમા.
મોહમાયા કરી શું વખાણે, તારે ન કરવી ઘણી તાણા તાણે,
જ્ઞાન ઘોડે ચઢીને સુખ માણે. ॥ ૭ ॥ મગનમા.
તું તો માયાના ઘેનમા ઘાયો, રટણ રામ નામનું ન પાયો,
ક્રિયા પશુ તુને ભણાયો. ॥ ૮ ॥ મગનમા.
નરતન સુક્રિત કરવાથી લાધ્યો, અંતર જાણીને ધ્યાન આરાધો,
સ્નેહ કાચારે કુંભ જેવો બાંધ્યો. ॥ ૯ ॥ મગનમા.
અંતરજામીનું ધ્યાન આરાધો, અમૃત મેલીને કુશકા ન રાંધો,
હાથે કરીને રોગ શુ બાંધો. ॥ ૧૦ ॥ મગનમા.
ગુરૂ જીવતરામના વેણુ, વારે વારે વાગે મુને બાણુ,
પ્રભૂ કિરપાને કરો વેચાણુ. ॥ ૧૧ ॥ મગનમા.

(પદ ૩ જું. રાગ ધોળ.)

તારા ડહાપણુમા લાગીરે આગ, નેત્ર ઉઘાડીને જાગ;
આતમનું સાધન કરો. ટેક.

નવ મહિના પૂર્યોરે વાસ, માત ઘણું ઘણું પામી ત્રાસ;
અંતે તારો લ્યા થાશેરે નાશ. ॥ ૧ આતમનું.
પંચ તત્વના માસના તાર, માના ઉદર મીલાવ્યા અપાર;
જુક્તિ કરીને ઉઘાડેરે દ્વાર. ॥ ૨ ॥ આતમનું.
સુક્ષ્મા માત્ર બિંદુનુંરે કામ, ત્રણે ગુણ મુકયારે તેણે ઠામ;
માહે ચેતન મુકનાર રામ. ॥ ૩ ॥ આતમનું.
યત્ન કરી કાઢયો તુંને બહાર, એવા ઉપકાર પ્રભૂના અપાર;
પ્રાણી શેવા ન કીધી લગાર. ॥ ૪ ॥ આતમનું.
જુગમાં ભણી ગણીને પોપટ થયો, ન ભણ્યો શાસ્ત્ર વિવેક ઉચ્ચાર;
જાણી જોઇને શું ખાય માર. ॥ ૫ ॥ આતમનું.
ગુરૂજીનો નહિરે કર્યો સંગ, માયામા તો લાગીરે ગયો રંગ;
જન્મ ધર્યો ના બળી ગયા ઢંગ. ॥ ૬ ॥ આતમનું.
પચીસે મોહ્યો સ્ત્રીના સુખમાહે, પરિવાર થયોરે તારે ત્યાહે;
પરમારથ કરી ન જાણ્યુંરે કાહે. ॥ ૭ ॥ આતમનું.
પરિવાર વધે તો વધવા દેજે, સંસારમાં ટેક ધરી તુંરે રહેજે;
ચેતન વિઠલ વરમાં ભેળવજે. ॥ ૮ ॥ આતમનું.
ચાળીશે ન લીધું રામનું નામ, કાળ દાંણી આવીરે કરે કામ;
દ્રવ્ય પડયું રહેશે તેણે ઠામ. ॥ ૯ ॥ આતમનું.
સાઠયે કર્યાં ઘણાંરે કુડા કામ, ચાલે કથા કિરતનનુંરે નામ;
તે તો નિંદા કરીરે તેણે ઠામ. ॥ ૧૦ ॥ આતમનું.

કહું કારણ કેરી વાત, સંત નિંદે થાશેરે ઉત્પાત;
કહ્યું ગીતા મધ્યેરે સાક્ષાત. ॥ ૧૧ ॥ આતમનું.
ન બોલાવી નીવૃત્તિરે નાર, આતમ ધન લુટે ચોરરે ચાર;
કિરપાના પ્રભૂ વિણ કોણ તુને તારે. ॥ ૧૨ ॥ આતમનું.

(પદ ૪. રાગ ધોળ)

આતમ ઘડયો રામ નામરે લેવા, બીજું સગું તારે લેવાને દેવા ટેક
માના ઉદર નવ મહિનારે ઝુલ્યો, ઉપકાર કર્યો ત્યારે શુ અલ્યા કુલ્યો
એ અવસર ભૂંડા શું તુંરે ભૂલ્યો. ॥ ૧ ॥ આતમ.
અવતર્યો લક્ષ ચોરાસીરે વાર, તોએ ન પામ્યો સંસારનો પાર;
પ્રભૂ વિના કોણ કરે તારી વાર. ॥ ૨ ॥ આતમ.
આળસ મરડી હરિ ગુણ ગાને, ધર્મ નિરંતર ઢાલરે સહાને;
રામ નામના તું મેવારે ખાને. ॥ ૩ ॥ આતમ.
દ્રવ્યના કારણ કુડ કરી ભટકયો, દયાતણો તુને ન લાગ્યો ખટકો;
જમડે ઉંચો કરી કુંડમાં પટકયો. ॥ ૪ ॥ આતમ.
વરણાગીમા કાળે મુખે ફરો છો, માર ખાઇને શું પેટ ભરોછો;
શું સમજી કુડાં કામ કરો છો. ॥ ૫ ॥ આતમ.
ઉંચ નીચ પ્રભૂનેરે વહાલો, કુડાં કપટ તમો ખોદીરે ઘાલો;
ભક્તિ કરે તો ઓદ્ધાડે દુશાલો. ॥ ૬ ॥ આતમ.
રંગ મહોલ કેવો ઠાઠ બનાવ્યો; પોતે કારીગરે ઘાટ ઘડાવ્યો;
તેમાં ઘણો ભૂડા સ્વાદ મિલાવ્યો. ॥ ૭ ॥ આતમ.

ભકતો કારણ દશ અવતાર લીધા, દુષ્ટોને માર ઘણેરારે દીધા;
એવા પ્રભૂએ તો ઉપકાર કીધા. ॥ ૮ ॥ આતમ.
સુખ આપ્યુ પ્રભૂ ગુણલારે ગાવા, લાભ મુકીનેચાલ્યો મુડી ગમાવા
શું સમજીને જાય મારરે ખાવા. ॥ ૯ ॥ આતમ.
સાધન કરે તો રામને વાહાલો, સીધે રસ્તે તમે સમજીને ચાલો;
બ્રહ્મ રૂપે અમરાપૂર મહાલો. ॥ ૧૦ ॥ આતમ.
માયાના પૂરમાં શુરે તણાયે, તણાણો તણાણો શુ અલ્યા જાએ;
પૂર આવ્યું ત્યારે કુંણ તુને સહાય. ॥ ૧૧ ॥ આતમ.
કુડ કર્યું તેથી ડબકારે ખાય, ધર્મ રાજા તો વેગળા જાય;
કિરપાના પ્રભૂનો નથીરે અન્યાય. ॥ ૧૨ ॥ આતમ.

(પદ ૫ મું. રાગ ધોળ.)

ભકતોનાં લક્ષંણ સંત કહે છે, દંડવત કરીને પાયે પડેછે. ટેક.
જળમાં માછલી રહીછે રે ઝુલી, બહાર પડી ત્યારે ભાનજ ભૂલી;
તેવા ધ્યાને તારી જાત અમુલી. ॥ ૧ ॥ ભકતો.
સંસાર રહીને ધન કમાવે, જુઠું બોલી પરમારથ કરાવે;
દુંદુંભી નાદ તો રામ કરાવે. ॥ ૨ ॥ ભકતો.
બાળપણે જેને ડાહાપણ આવે, કુડ કપટ ધન ઘરમાં ન લાવે;
ભક્તિ કરેથી સ્વધામમે જાવે. ॥ ૩ ॥ ભકતો.
મારૂ મારૂં કરી ખાઉંછુ રે માર, હાથે કરીને ઉપાડીએ ન ભાર;
તેત્રા વિચારે પ્રભૂ ચડે વારે. ॥ ૪ ॥ ભકતો.

મનરે જાણે હું શ્વાનરૂપ છું, અલ્પ મૃત્યુ થાશે કોણ ભૂપશું;
વૈરી કુટુંબ સાથે શું રે વસું છુ. ॥ ૫ ॥ ભકતો.
દુઃખ દેખીરે આ દેહને દીલમાં, રાજી રહેવું પોતાનારે મનમાં;
જીવડલો જાશે એકજ પળમા. ॥ ૬ ॥ ભકતો.
કિરતન ગાયે વૈરાગ નિદાન, બ્રહ્મરૂપ થઇ ધરવુંરે ધ્યાન,
જ્યાંરે જાય ત્યાં પામે ઘણુ માન. ॥ ૭ ॥ ભક્તો
સંત સગતથી છૂટે તેની માયા, શુદ્ધ થાયરે પોતાનીરે કાયા,
શામે તો તારા ગુણલારે ગાયા. ॥ ૮ ॥ ભકતો.
બાર વરસની નટડીરે જેની, દોરી ઉપર ચડી પુત્રીરે તેની,
સુરતા લાગી છે કેવીરે તેની ॥ ૯ ॥ ભકતો.
લગ્ન જેવોરે જેને હરખરે થાય, પકવાન ખાય તો પેટ ભરાય,
પ્રેમરસ તેના ઉરમા ન માય. ॥ ૧૦ ॥ ભકતો.
ભકત થઈ સમતા રસ રાખો, અવળા અંતઃકરણો કાપીરે નાખો,
અમૃત પ્યાલો તમો ઢોળી ન નાખો. ॥ ૧૧ ॥ ભકતો.
ઉપદેશ આપે સર્વેને તે વારી, કામ ક્રોધને મેલજે વિસારી;
જન્મ સફળ કર વારીરે વારી. ॥ ૧૨ ॥ ભકતો.
પ્રભૂ ઉપર આધાર ગણોરે, ભાર ઉપાડીને શીદને મરોરે;
કિરપો કહે મારૂં કહ્યું કરોરે. ॥ ૧૩ ॥ ભકતો.

(પદ ૬ રાગ ધોળ.)

દુષ્ટોનાં લક્ષણ સંત કહે છે, દુષ્ટોથી વેગળા સંત રહે છે. ટેક.

માનવ દેહ થઇ ફુલીરે ગયો, માયા જાળમા જે ઝુડીરે ગયો;
કોલ દીધેલો ભૂલીરે ગયો. ॥ ૧ ॥ દુષ્ટો.

ગુરૂ વાળ્યો મુરખ નહિ વળ્યો, સિદ્ધ થવાને તું નહિ ગળ્યો,
સંત કહે તેનો અવતાર બળ્યો. ॥ ૨ ॥ દુષ્ટો.

એક કહુ છુ રે વાત વિચારી, પર સ્ત્રીઓમા કામી રહ્યા ભારી,
ભાન વિના પડયો નરક તે વારી ॥ ૩ ॥ દુષ્ટો.

પરમારથમા આડો થાય ભારી, હાથે કરીને રૂવે મ્હો વાળી;
તેનું મોઢું ન જોઇએરે સવારી. ॥ ૪ ॥ દુષ્ટો.

પંગતો ભેદ કરે જે વારી, પોતાનું પેટ ભરે મન વારી;
જારે જીવડલા શી ગતિ તારી. ॥ ૫ ॥ દુષ્ટો.

જ્યોતિષમા તો જરા નથી ખામી, વિવેક વિના થયોરે હરામી,
કુડથી રીસાણા અંતરજામી. ॥ ૬ ॥ દુષ્ટો.

વિશ્વાસ ઘાત કરે જે વારી, અગણિત કામ કરે જે શિકારી,
પ્રભૂના ઘેરે થયોરે ભીખારી. ॥ ૭ ॥ દુષ્ટો.

સંસારમા તો કુડ ભરી ભારી, સિદ્ધ થવાની કરીરે તૈયારી.
ભગવા કરૂં તો ગતિ થાય સારી ॥ ૮ ॥ દુષ્ટો.

વેશ લીધો વૈરાગત ટાણી, ભીતર વાત ચણી ન જાણી,
માખણનું તો થયું છેરે પાણી. ॥ ૯ ॥ દુષ્ટો.

પરાયાં ધન દેખી મન જે ડગાવે, વ્રતવાળાનાં વ્રત ભગાવે;
જીવડલા તું જ જમડા બોલાવે. ॥ ૧૦ ॥ દુષ્ટો.
હિરાની પરિક્ષા કરી ન ભાઇ, સંસારમાં તો કરી છે વડાઇ;
ફેરા ફરવા ગયોરે વેવાઇ. ॥ ૧૧ ॥ દુષ્ટો.
ગરધવ અવતાર ધરવા ન જારે, ભાર ઉપાડીને માર ન ખારે;
કીરપાનો રામ ચઢે તારી વારે. ॥ ૧૨ ॥ દુષ્ટો.

(પદ ૭ મું. રાગ ધોળ.)

મરણુનો છે વરઘોડો, તમે પ્રિત પ્રભૂના સાથે જોડો. ટેક.
માના ઉદર કર્યો તેં લ્યા કોલ, કહ્યું પ્રભૂએ વગાડીને ઢોલ. મ.
પ્રભૂ ઇચ્છાથી નિકળ્યો તું બહાર, વિસર્યો પ્રભૂનું નામ તું ત્યારે. મ
કરાવી જન્મોત્રી તારા બાપે, પડી મરણની ત્યારે લ્યા છાપ. મ.
લીધાં ઘડીયાં લગ્ન તારા આજે, સ્થાપ્યું સ્મશાન તારે કાજે. મ
ચઢયો વરઘોડો વિવિધ પ્રકારનો, સાથે નહિ આવે એક લ્યા આનો, કહ્યુંરે માનો. મરણુ.
વર પરણે વાજીત્ર નાઠોરે, બાંધી ઠાઠડી ખરરે બપોરે. મરણુ.
ફેરા ફરીને મંગળ ગાય, નથી રહેવાના રાણાને રાય. મરણુ.
લગ્નમાહે ખરચ્યુ ઘણુ નાણું, પ્રાણી ઓચિંતું આવશે આણું. મ.
વર કન્યા પરણીનેરે જાય, થઇ માડવે ઘણી હાય હાય. મરણુ.
વર કન્યા પુંખી લોરે ભાઇ, ઉડી રાખને ગઇરે સગાઇ. મરણુ.
સંતો સુખ દુઃખ એણીપેરે આવશે, હરખ શોકનો વરઘોડો કહેશે. મ
કોઇ ચેતનવાળારે ચેતજો, પ્રભુ કીરપાના દુઃખડારે હરજો. મરણુ.

(પદ ૮ મું. રાગ ધોળ.)

તારૂં ગોકુળ જોવાને આવેરે. એ રાગ.

પ્રાણી વરણાગીઆ મારા વહાલારે, શું સંસારના કરો ચાળારે;
નથી ભજતા પ્રભૂને રૂપાળા. ॥ ૧ ॥ પ્રાણી વરણાગીઆ.
સંસાર સમુદ્રના જેવોરે, તેનો જોતા નહિ થાય મેવો. ૨ પ્રા.
હિરા મોતીની હાટડીરે, જોઇ વિચારી બાધો ગાંઠડી. ૩ પ્રા.
કરો નિત્ય તમો સતસંગરે, જોતાં થાશે હાટડીનો ભંગ. ૪ પ્રા.
પ્રભૂ ભજી કરો ઘરનું કામરે, રત્ન મણી છે સીતારામ. ૫ પ્રા.
દીધો પ્રભૂએ રૂડો અવતારરે, કરો હરિ ભજન ઉચ્ચાર. ૬ પ્રા.
દેવાં હોય તો દેજો દાનરે, નહિ તો ધરજો દયાનું ધ્યાન. ૭ પ્રા.
દયાથી થાશે માયાનો ગર્વ દૂર, ભક્તિ દ્રવ્ય થાશે ઘણું જોર.૮પ્રા.
ફરીએ દેશ વિદેશે કામરે, અરે નામ લેતા બેસે શુ દામ.૯ પ્રા.
કરીએ ઘર ધંધાનુ કામરે, નિત્યે લઇએ પ્રભૂનું નામ. ૧૦ પ્રા.
વસ્તુ શોધી લો અજવાળેરે, દિપક વિના નહિ તું ભાળે. પ્રા.
લોભ કરોછો ઝાઝો ઝાઝોરે, તમો શીદને માયાને બાઝો ૧૨ પ્રા.
તમો કરજો ભાઇઓ ભજનરે, કિરપારામના થાજો સજન. ૧૩ પ્રા.

(પદ ૯ મું. એજ રાગ.)

કાયા અંદર શોધ કરોરે, દયા ધર્મનું સતો તીલક કરોરે ટેક.
ખરના અવતાર ધરવારે પડશે, ભાર ઉપાડીને ફરવુરે પડશે;
તે વેળા તારૂં કોણુ દુઃખ હરશે. ॥૧॥ કાયાના અંદર.

બળદોના અવતાર ધરવારે પડશે, જમીનો ખેડત્તા ફરવુંરે પડશે;
ગાદી તકીયા તારા વેગળા રહેશે. ॥૨॥ કાયાના અંદર.
ઊંટોના અવતાર ધરવારે પડશે, અણુતોલ્યા ભાર ઉપાડવારે પડશે
સર્વે વરણાગી તારી વેગળી રહેશે. ॥૩॥ કાયાના અંદર.
શ્વાનના અવતાર ધરવારે પડશે, દયા વગરના લાકડી મારશે;
ખુરશીઓનો શોખ કુણ ભોગવશે. ॥૪॥ કાયાના અંદર.
વાદર અવતાર ધરવારે પડશે, રાત દિવસ ઝાડો ઉપર રહેવું પડશે
મશરૂની ગાદીમા કોણ પહોઢશે. ॥૫॥ કાયાના અંદર.
અશ્વના અવતાર ધરવારે પડશે, ગાડીઓ ફેરવવા ફરવુંરે પડશે;
ચાબખોના માર ખમવારે પડશે. ॥૬॥ કાયાના અંદર.
અનેક અવતાર એમ ધરવારે પડશે, ધર્મી પ્રાણીએ ને ખ્યાલ કરવારે પડશે, કિરપાનો રામ સર્વે દુઃખડારે હરશે. ૭. કાયાના.

(પદ ૧૦ મું. રાગ લાવણી.)

માયાના રણમા મુરખ શુ મોહી રહ્યો માણી, કઇ સાધ કરી લે અંતર વાત જાણી. ટેક.
રાજ દરબારે શુ દિવાન થઇ વખાણ કરે શુ પ્રાણી, દયાની તરવાર ન તાણી, અંતે કોણ પાશે તુંને પાણી. ॥૧॥ માયા.
ભીન્ન ભીન્નથી વાદ કરીને પંડીતમાંરે પુરાણી, પર ઉપકારની વાત ન જાણી; તેવી પંડીતાઇ ધુળધાણી. ॥૨॥ માયા.
રંગ મહેલમા દિપક કર્યા વિના, વાદ કરે શુ પ્રાણી;
રામ નામની ધુન્ય કરતો, પુણ્યની કોઠી ભરાણી. ॥૩॥ માયા.

ગાદી તકીયા સેજ બીછાવીને, કાયા તારી પાપે ભરાણી,
ઇંદ્ર દ્વાર તો અચેત થાશે, તારા હિસાબ કોણ કરશે પ્રાણી. મા.
કુડ કરીને ભટકી ઝુરી, સંસાર ભમ્યો શું પ્રાણી;
સત સમાગમ પાયા વિના, તારી ઠકરાઇ મેં તોરે જાણી. ૫ મા.
યત્ન કરીને કાયા ઘડી છે, પ્રભૂની પ્રિત લે તું જાણી;
પુન્યતણો પોકાર કરે તો, તારી વાત ઘણી શાણી. ૬ માયા.
જોબન ધનનું જોર જણાવી, વાત કરે તું તાણી;
કિરપારામ કહે પ્રભૂ ભજીને, જ્ઞાન ઘડુલે ભર પાણી. ૭ માયા.

(પદ ૧૧ મું. રાગ લાવણી)

એ માયાના લોભી, દયાનુ ધ્યાન ધરાવો. ટેક.
લાખ કરોડે લેખ ગણીને, જુગમાં વાત વધારે;
ભીક્ષા અર્થે માગણુ આવે વિવેક મન નવ લાવેરે. ૧. એ.
સત સમાગમ કોઠાર ભરીને, મનની ભ્રાત ભાગે,
પ્રભુ ભજન વિના શ્વાન રૂપે, ઘેર ઘેર ટુકડા શુ માગે. ૨. એ.
ચાકર નોકર ઝુલતારે, કોઇ ન આવેલારે;
દ્રવ્ય હતું તે પડયુ રહ્યુ છે, કરમના ભોગ થયાતારે. ૩. એ.
સુખ હતુ તે દુઃખ થઇને વળગ્યુ તારે લારે;
દયા વિના તો પાર ન પામે, જન્મ મરણુ વારે. ૪. એ.
વહાલા હશે તે વેરી થઇને, શબ્દ કાઢી રોશે;
સવાયા દોઢા કર્યા હશે તો, મેળ હિસાબ પ્રભુ જોશે. ૫. એ.
અધિકારથી શિક્ષા કરશે, પ્રભુ ચઢે નહિ વારે,

રૂધીર સરખું નિર વહે છે, કોણ ઉતારે પારે. ૬. ઓ.
પ્રભુ કથા રસ અનુભવીને, ઉત્તમ દેહ ન પાવો;
કિરપાની શિખામણ રાખી, હરી શરણે ચિત્ત લાવો. ૭. ઓ.

(પદ ૧૨ મું. રાગ લાવણી)

ઓ જંજાળી જીવડા, સંસાર રહી કઈ સાધ. ટેક.
જન્મ ધરીને ગુરૂ ન કરે, તેથી થયો તું ત્રાસી;
ભાવ ધરીને ગુરૂ કરે તો, શાસ્ત્ર પુરાણો જો વાંચી. ૧ ઓ.
જાત જાતમા પચાત કરતો, મોહ કરી તું ડુલે;
પ્રેમ ધરીને પ્રભુ ભજે તો, દેવ કરશે તારૂ સુલે. ૨ ઓ.
સુખ જોઇને દુઃખ કરે છે, જાણે માત ભ્રાત;
એક દિવસ તો આવી જાશે, જાવું અંધારી રાત. ૩ ઓ.
દિવસે દિવસે માયા જોડી, મોહ કરી તું બોલે;
સાર અસાર મન ધારી, હૈયું ઉઘાડીને ખોલે. ૪ ઓ.
વાકાં મેલી છોગલાંને, દરપણ લઇને ભાળે,
મનનું ધાર્યું ધુળ થાશે, લેનારો લઇ જાશે કાળ. ૫ ઓ.
નારી આગળ નિર્લજ થઇને, વહાલ કરી તું બોલે,
ગળચોરૂ તો કોરૂં પહેરી, સર્વે ઘોરી ઘોરી ડોલે. ૬ ઓ.
કિરપારામ કહે પ્રભુ ભજીલે, દિવસ દિવસ જાશે;
એક દિવસ તો આવી જાશે, વાસો સ્મશાનમા થાશે. ૭ ઓ.

પદ ૧૩ મું રાગ ઉપરનો.

વિવેકે કરી પ્રભુનું ધ્યાન ધરાવો, મન ગમતી મેવા મીઠાઈ
જ્ઞાન રસ પાવો. ટેક.

સુપાત્ર ગુરૂની સંગ ધરીને, જ્ઞાન મન ધરાવો; વિવેકે ૧
દયા તણી તો ધજા કરીરે, દેવના દર્શને જાવો. વિવેકે ૨
નિતીના વહેવાર રાખી, જીવની રક્ષા કરાવો. વિવેકે ૩
શકતી સાર દાન કરી લો, નહી તો બીજાનું દ્વાર બતાવો. વિ. ૪
વૈરી થઈ અવગુણ કરે તો, તેનો દાખલો નવી લાવો. વિ. ૫
માત પીતાની સેવા કરીને, સંસારમા લો લાવો વિવેક. ૬
કપટીનો તો સગ તજીને, રામના ગુણલા ગાવો. વિવેકે ૭
વિષયનો તો સંગ તજીને, સત સમાગમ પાવો. વિવેકે ૮
તસ્કર સગત દુર કરીને, દેશ પરદેશ સુખે જાવો વિવેકે ૯
દુઃખ પડે તો પ્રભુને ભજીએ, આગળના સુખનો લો લાવો. ૧૦
વચન કોલમા બધાઇને, પાછા ફરી નવ જાવો. વિવેકે ૧૧
ઉચ હોય પણ નીચ હોય તો, તેની સગત તજાવો વિવેકે ૧૨
જુગટું રમવા કદી ન જઇએ, ભજનમા ચીત લાવો. વિવેકે ૧૩
દુષ્ટ નીચની સગ તજીને, સતની સાથમાં નચાવો. વિ. ૧૪
કલંક આળ કોઇને નવ દો, સમતા રસ મનમા ભેળરાવો વિ. ૧૫
શાસ્ત્રના આધાર હોય તો, દાખલા ખરા મનાવો. વિવેકે ૧૬
ઉપરના વહેવાર રાખીને, સાધુથી અધિક કહેવાવો. વિવેકે ૧૭
કીરપારામની શીખ મનાવો, દૂધમા સાકર ભેળવાવો. વિવેકે ૧૮

(પદ ૧૪ મું. સત્ય વિષે.)

સત્ય રાખી કદીરે નહિ ડરવું, પડે દુઃખ પ્રભુનું ધ્યાન ધરવુંરે;
સત્ય વચન ઉચરવું. ટેક.

સત્યે થયા હેરાન ગુણી જન, પણ ભકત ડરે નહી મ નરે. સત્ય
નહી કામ અસત્ય કદી કરવું, વર વીઠલ વરને વરવુ રે. સત્ય.
શિર ઉપર માર માગી લીધો, હુદીઆએ ઘાવ દીધારે. સત્ય.
દુઃખી થયા ઘણુારે સત્યવાદી, પ્રભુએ ગાદી આપીરે. સત્ય.
સત્યે કેરી ઘણીરે મીઠી પાકી, જ્ઞાનીએ રસ લીધો ચાખીરે.સત્ય.
સત્યે ગુણી આફ્તમારે પડશે,છેવટ તો પ્રભુ દુઃખ હરશેરે. સત્ય.
પૂર્વે કર્મે તે જોગ છુપાઈ જાય, પણુ અ તે સુખ થાયરે. સત્ય.
સત્યવાદીને નીંદે આખો જુગ, છેવટ જાશે તેના રોગરે. સત્ય.
નથી સત્યવિના બીજો ધર્મ,સત્યે થવા માડયુ રામરામરે. સત્ય.
સત્યે સૂર્યનારાયણ ઉગી જાયે, દુનીઆને દરશન થાયે. સત્ય.
સત્યવાદી રાજાઓ બેઠા મરવા, પ્રભુનું ધ્યાન ધરવારે. સત્ય.
સત્યવાદીએ હીમત ઘણી રાખી, ઝટકાના માર દીધા નાખીરે.સ.
સત્યે ગયા ગુણીજન સ્વર્ગે, કીરપારામ પાયે લાગેરે. સત્ય.

(પદ ૧૫ મું. માયા વિષે)

લાગી પૈસાની તો તુજનેરે માયા, ઘણુ દુઃખ વેઠીને કમાયારે;
આશી તારી માયા. ટેક.

રાત દીવસ નીદ્રા નહી આવે, પ્રભુમા ચિત્ત ન લાવેરે. આશી.
પેટ ભરીને કદી નવ ખાવુ, પ્રભુ સ્મરણમાં મન વીંધ્યુ રે. આશી.
સ્મર્ણ વિના તે ભુત પ્રેત થાશો, દેવોના માર ખાશોરે. આશી.
મૂરખે પૈસાનું ઝેર ઘોળી પીધુ, તે અમૃત ઢોળી દીધુરે. આશી.
સ સાર રહીને રામ રામ સમરો, શુ કરવા કુટો ભમરોરે. આશી.

ફરત ફરત તેં નામ ન લીધું, તેં વિખ ઘોળી પીધુંરે. આશી.
દુ.ખ દરીઆમા શુરે તણાય, પ્રાણીની શી ગતિ થાએરે. આ.
કુડ કપટના ત્રાજવાંરે લીધાં, ઘણા કુડાં કામ કીધારે. આશી.
કામ ક્રોધને માગીરે લીધો, અમૃત પ્યાલો ઢોળી દીધોરે આ.
માયા ઉતારી પ્રેમ ધોતી પહેરો, તારે તો ભરવો વેરોરે. આ.
લાખે કરોડે લેખરે ગણીઆ, કુંડના કોઠાર ભરીઆરે. આશી.
પ્રભુ વિના તે પાર કોણ ઉતારે, તું જીતી બાજી ન હારે. આશી.
ઝીણુ કાતીને સર્વેરે ખોયું, પ્રભુમા ચિત્ત ન પરોવ્યુંરે. આશી.
પારકા મૌંસ લોચામા પ્રાણી શુરે મોહ્યા,ગોરી કાયામા મોહ્યારે.
જ્ઞાની લોકો તે જ્ઞાનમારે જીલે, નીવૃત્તી સાથે ખેલેરે. આશી.
સ્મરણ કરતા તુંનેરે ટાઢ વાએ. તું પાપ કરવા જાયરે. આશી
સગા વહાલાને લુટવારે જાએ, તુંને અંતે દુઃખ થાએરે. આ.
મુરખો સમજાવેરે શુ થાય, જ્ઞાનીઓ સમજી જાયરે આશી.
ઘોડા ગાડીઓના શોખ થાયે, તું જમપુરીમા જાએરે. આશી.
સતો પવનના વા મુને વાયા, કીરપાને લાગી માયારે. આશી.

(પદ૧૬ મું. રાગ ઉપરનો)

પ્રાણીને એકલું જાવુ, તારે કોના કાજે કમાવું;
હુ નિત્યે ઉદાસી થાઉરે. ટેક.
ફોગટ ફંદમા તારે નથી ફરવું, તારે પ્રભુના નામે તરવુંરે. પ્રા.
કામ સર્વે વિવેકેરે કરવું, દયા રાખીને ધ્યાન ધરવુરે. પ્રાણી.
દુ ખ દરિયામા શું તારે પડવું, તારે તો આખરે મરવુંરે. પ્રા.

શત દિવસ ઉદાસીમાં ફરવું, તારે પ્રભુ વિના શું કરવુંરે. પ્રા.
ઉંચી મેડી ઉપર નથી ચઢવું, તારે તો શુળીએ ચઢવુરે. પ્રાણી.
સુત ગણપતનુંરે થયું મરવું, હવે દેવશ કરને શુ કરવુંરે. પ્રા.
પ્રભુ નાણાનું સ્મરણ કરવું તારે તો ભરણુ ભરવુંરે. પ્રાણી.
ગણી જુવાનીમાં નથી ફરવુ, માત પીતાના પહેલું મરવુરે. પ્રા.
કુટુંબ કબીલાનું પેટ ભરવું, તારે તો પુન્ય નથી કરવુંરે. પ્રા.
દયા વગરનુ કર્મ સર્વે કરવું, તે પ્રાણીનુ ન થાય તરવુરે. પ્રા.
દયા ધર્મનું ધ્યાન તારે ધરવું, પછી સંધ્યા પાઠ કરવુ રે. પ્રા.
નવ મહિના નરકમા થયું ફરવું,બહાર પડવાનું સ્મરણ કરવુ રે.પ્રા
સગા વહાલાંનું વેરી તારે થાવુ, સ્મશાને એકલું જાવુ રે. પ્રા.
દ્રવ્ય લાગે મુને ઝેર જેવુ રે, હું નિત્ય પ્રભુને સેવુ રે. પ્રા.
દેવશંકર તારે હ્યા મરવું, તે માટે સ્મરણ કરવુ રે. પ્રાણી.
સંતો કીરપારામના ગુરૂનુ મન તેવું,નરસિંહ મેતાના નામને જેવું

(પદ ૧૭.મુ સાધુ વિષે પદ.)

સાધુ તો સર્વે મોટારે, પણ નિતિ વગરના ખોટા. ટેક
ઘરમાં કરજ થયુ જે વારે, પછી સાધુ થયા તે વારેરે સાધુ ૧
બાઇઓ બહેનો ઉપર નિતિ ન ધારે, તેનું કારજ પ્રભુ કેમ સારેરે સાધુ. ૨
નથી શમ વિભુતિરે ચોળે, બે વાતો મનમાં ન પાળેરે. સાધુ ૩
દ્રવ્ય ભેગુ કરીને બહુ ખાયે, પરમારથમાં ન જાયરે. સાધુ ૪
સહુ મળીને સાધુને વાળે, પણ કજીયામા ન હારેરે. સાધુ ૫

કરી ભગુવા ને જટા વધારે, પ્રપચે લોકોને માંરે. સાધુ ૬
કચન કામની તજે જેવારે, પરમારથમા ન હારેરે. સાધુ ૭
ઉપદેશ લાગેલો ઇડર રામદ્વારે, કેશવદાસ ગુણુનો અપારરે.
સાધુ. ૮
તેમના ગુરૂ મુગટરામ સાર, પ્રાંતીની ગુફામાં મનખો તારેરે
સાધુ. ૯
તેવા સાધુ તો સૌથીરે મોટા,મને વાગે જ્ઞાન સોટારે. સાધુ ૧૦
છે કળીમા સાધુ ઘણા મોટા, પાપીને દરશન ટોટારે. સાધુ ૧૧
ખરા સાધુ તે સૌથીરે મોટા, તેથી કીરપાનો રામ મોટારે. સાધુ ૧૨

પદ ૧૮ મું રાગ

દુનીયા તો છે દિવાનીરે, તું ભજને અતર જામી. ટેક.
રૂડો મનુષ્યા દેહી તું લ્યા પામી, તું શીદને લગાડે ખામીરે,
તું ભજને.
આખા જુગમા ફ્રે તું હરામી,સ્મરણ કરને તું હરામી તું ભજને
પ્રભુ સ્મરણમા થઈ ગયો સમી, તુંને સીદને જણ્યો અધર્મી
તું ભજને.
કોઇ સત પરખી લે તું ધર્મી, તુંને દરશન થાય સકર્મીરે;
તું ભજને
તું તો સસારમાં થઇ ગયો કર્મી, તુંને આળસ થઇ અધર્મીરે.
તું ભજને
પૂર્વે કર્મેથી પૈસાનો કર્મી, તું સમજી જાને મરમીરે. તું ભજને.

કિરપારામની શીખ વીસરામી, પ્રભુથી ઘાલ હામીરે. તું ભજને

પદ

મારા બાનાની પત રાખોરે, પ્રભુ નીત્ય શરણુમા નાખો. ટેક
પ્રભૂના દરસન કરવા આપી આંખો,મે પરખ્યો નહિ ચોખોરે. પ્રભુ
હુ લક્ષ ચોરાસી ફ્ર્યો, લાખો,કામ ક્રોધને મારી ન નાખ્યોરે. પ્રભુ
મે અપરાધ કરેલા લાખો, દુનીઆમા થયો શાખોરે. પ્રભુ
પ્રભુના દરશનની લીગીરે ભુખો, અજ્ઞાની પીએ વિખોરે. પ્રભુ
સ્મરણુ માગુ ઘણોછુ પ્રભુ તીખો, હાથ જોડી ન રાખુ બીકેરે પ્રભુ
ઘણા ભગતોની લાજ પ્રભુ રાખો, મુને શીદ માયામા નાખોરે. પ્રભુ
કીરપારામના અવગુણુ ન દેખો, સ તો નીત્ય ભજન શીખોરે. પ્રભુ

પદ ૧૯ મું મીરાંનું પદ.

જોશી તો ખોટા થાયરે, પ્રભુ વિના કોણુ સાય ટેક
મેડતા ગામે ભકિતનો આરભ થાય, જેમલ જોશી બોલાવા જાયરે. જોશીનો
પૂર્વે જન્મની પ્રીતરે બ ધાય, મીરાને દરશન થાયરે. જોશીનો
બધા બોલે તે મીરા સમજી જાય, તમારૂ ધાર્યું ખોટુ થાયરે
ખરી જુવાનીમા ભકિત થાય, તેનું પાપ સર્વે જાયરે. જોશી
જોશી કહે પરણાવે ભકિત ન થાય, મીરા કહે જબરાઇથી કામ ન થાય. જોશીનો
મુવેલું મુડદુ તે ઉભુ ન થાય, તેને બોલાવે શુ થાયરે. જોશી.
માતા કહે ભકિતએ રાજ જાય, મીરાનુ મન ન લલચાયરે. જો.

કહે પિતા બાળક તું કહેવાય, પરણાવું મોટા રાયરે. જો.
કહે મીરા તમારૂં વચન ન લોપાય, પરણાવો મારૂં શુ જાયરે. જો
ચીતોડગઢનો તે રાણો રાય, તેના સાથે લગન થાયરે. જો.
મીરાબાઈની જન્મોત્રી થાય, પરણીને દેવી જાયરે જોશી.
કહે સાસુ દરશને પુત્રો થાય, મીરાનું મન ગભરાયરે. જો.
રાણાજીને તો હરખ ન માય, મીરાં નથી લાગતી પાયરે. જો.
મીરાબાઇનું ઉદાસી મન થાય, મોહનમા મનડુ જાયરે. જો.
સાસુ કહે મીરા લાગે પાયે, તારે પુત્રો ઘણા થાયરે. જો.
ચીતોડગઢનું તે રાજ ચોડી જાય, પ્રભુથી પ્રીત બંધાયરે. જો.
કહે મીરા તમારૂ કામ થાય, મારે નથી લાગવું પાયરે. જો.
કહે સાસુ તું રાજ્યમા ન જાય, મીરાને આનદ થાયરે. જો.
મીરા રામ રામ કરતી જાય, મીરા જુદી મહેલમા જાયરે. જો.
પ્રભુ પ્રતાપે મીરા જુદી થાય, સમરણ કરવા મહોલે જાયરે. જો.
રાણાજીને તો ક્રોધ ઘણો થાય, મારવાનો આરંભ થાયરે. જો.
લઇ તરવારને મારવા જાય, અનેક રૂપ મીરાના થાયરે. જો.
ઝેરી પ્યાલા મીરાંને મહોલે જાયરે, તે અમૃત સરીખું થાયરે જો.
ઝેરી સર્પો મીરાને મહોલે જાય, ફુલાની માળા થાયરે જો.
રાણોજી તો જોશીને ઘેર જાય, મીરાનું મરણ ન થાયરે. જો.
પ્રભુ કૃપાયે મીરા મરી જાય, સમસાને દાગ દેવાયરે. જો.
મીરાબાઇની તે રાખ ઉડી જાય, તે ફરી સજીવન થાયરે, જો.

રાણાજીતો અભીમાને તણાય, થયુ ગ્યાન મીરાના દરશન થાયરે. જો.
મીરાં થાકી દ્વારકાં જાય, પ્રભુનું રૂપ ગણાયરે. જોશી. ૨૬
જોશ જોયા રાણા ર ક રાય, રાજકુવરી મરી કેમ જાયરે. જો.
જોશીના ઘરની જન્મોત્રી થાય, તેની પુત્રી શુ રંડાયરે. જો.
સ તો જે જે થવાનુ હોય તે થાય, શ્રીફળમાં પાણી ભરાયરે. જો
જોશી લોકોનુ કહ્યું ન થાય, ખરૂ થાતું સત્યજુગને પાયેરે. જો.
કીરપારામ જોશીના ગુણ ગાય, જોશી પ્રભુને લાગુ પાયરે. જો.

(પદ ૨૦ મું. ગુરૂના મહીમા વિષે.)

મારા ગુરૂનો મહીમાયરે, હું નીત કરૂં સેવાય. ટેક.
ઉતરંડા ગામે જંગલમાં ગુરૂ જાય, એક કુવામા પાણી ન થાયરે.મ.
વીઠલ વીઠલ કરી ત્યા જાય, ગુરૂને તરશા થાયરે મારા
કહે પુરૂષો વિઠલ જો સાચો હોય, તે તમને પાણી પાયરે. મા.
અમો કુવો ખોદીને થાકી જાય, પણ કુવામા પાણી ન થાયરે.મા.
તમારો વિઠલ જો સાચો હોય, તે કુવામા પાણી થાયરે. મા.
એકસો રૂપિયાની બોલી થાય, તમારા કુવામા પાણી થાયરે.મા.
વિઠલ વિઠલ આરાધન થાય, કુવાવાળોને ગમત થાયરે. મારા.
વિઠલ કૃપાથી કુવો ભરાઇ જાય, રૂપિયાની ઢગલી થાયરે. મા.
રૂપિયા લેવા ગામમા ગુરૂ જાય, લોકોને અચરજ થાયરે. મારા.
ઘણા વરસોથી પાણી ન થાય, વિઠલની થઇ કૃપાયરે. મારા.
સવા રૂપિયો લઇ ખુશી થાય, સંતોનાં મન હરખાયરે. મારા.

એકસો રૂપિયા છોડી ગુરૂ જાય, લોકોને આનંદ થાયરે મારા.
પુત્ર મરણથી એકલા ગણાય, સ્મરણમાં દીન જાયરે. મારા.
સહેરા ગામે ગુરૂ મારા જાય, અડધું ગામ બળતું દેખાયરે. મા.
વિઠલ વિઠલ કરી ત્યાં જાય, પ્રભુનું ભજન થાયરે. મારા.
લોકો કહે જો આગ બંધ થાય, તો વિઠલ ખરો ગણાયરે. મા.
વિઠલ નામનું પાણી છેંટાય, પછી આગ બંધ થાયરે. મારા.
ધોતી જોટો ને દશ રૂપિઆ અપાયે, ગુરૂને ભેટ થાયરે. મારા.
ગુરૂજીનો જેજેકાર થાયે, સહેરામા હરખ ન માયરે. મારા.
સર્વે સંતોને ગુરૂ ભજન ગાય, નીવેદની થાળ ભરાયરે. મા.
મોટો ગુણ ગુરૂનો ગણાય, મુકી લાડુ ને રોટી ખાયરે. મા.
ખોટા ઉપર ક્રોધ ગુરૂને થાય, જ્ઞાનીઓ સમજી જાયરે. મા.
ગુરૂ પૈસાના લોભી ન થાય, પણ પ્રભુ કરે તેની સહાયરે. મા.
મારા ગુરૂ તે નિરધન કહેવાય, કમાવામા ચીત ન જાયરે. મા.
એકડો બગડો જાણે નહી કાંઈ, સંસારી રૂપ ગણાયરે. મા.
પંઢરપુરની તે ભક્તિ ગણાય, વિઠલ વિઠલ કરતા જાયરે. મા.
રાજ દરબારે પરીક્ષા થાય, ગુરૂજી ન લલચાયરે. મારા.
ઘણા રૂપિયા આપવા જાય, છોડીને પાછા જાયરે. મારા.
કરે ફેરી ને ભીક્ષા માગી ખાય, લોકોની કરે પરીક્ષારે. મા.
મારા ગુરૂના દરશન થાય, જ્ઞાનના ભંડાર ભરાયરે. મારા.
સંતો સર્વે કામ પ્રભુ વિના નવ થાય, ગુરૂ જશ કરમી
ગણાયરે. મારા.

જીવતરામ તે નામ ધરાય, કીરપારામ ગુણ ગાયરે. માયા.

(પદ ૨૧ મું. શિવ પુત્રોનુ પદ)

શીવ પુત્રનો કથાયરે, શકરને લાગુ પાય;
દધીરૂષી સતયુગમા ગણાય, ભક્તિયે મોટા થાયરે. શકર.
તેમનો પુત્ર સુદર્શન ગણાય, શીવરાત્રી અપવાસ થાયરે. શકર.
દધીરૂષી બીજે ગામ જાય, અહીંઆ પુત્રની શી ગતી થાયરે. શં
તેની સ્રીને વિષય ભોગ થાય, તેથી સુદર્શન લલગાયરે સ.
પ્રાતઃકાળે સેવા કરવા જાય, શકરનો શરાપ થાયરે. શંકર.
સુદર્શન તે જડ રૂપ થાય, તે પોતે મરી જાયરે શકર.
દધીરૂષી પોતાના દુવારે જાય, આખોમા પાણી ભરાયરે. શં.
બહુ વિધીએ ધ્યાન ધરાય, ગીરજાને થઇ ચિંતાયરે. શં.
શીવ ગીરજાને સંવાદ થાય, બનેને તકરાર થાયરે. શ.
બીજા રૂષીએ કરેલા અન્યાય, આ પોતાની સ્રી ગણાયરે. શ.
પરસ્રીનો દોષ ગણાય, તમને કેમ ન આવી દયાયરે. શં.
મારો પુત્ર સજીવન ન થાય, દુનીયાને ગર્વ થાયરે. શ.
દધીરૂષી તે ધ્યાન ચુકી ન જાય, તેનો પુત્ર સજીવન થાયરે. શં.
પ્રભુ કૃપાથી પુત્ર સજીવન થાય, ઉડીને બેઠો થાયરે. શંકર.
ઉમીઆ માના ખોળામા બેસી જાય, ઉમીયા મા વ્રત સ્નાન
કરી જાયરે. શંકર.
શીવ પુત્ર પ્રભુનો ગણાય, ચડેલા માલ ખાયરે. શંકર.
દધીરૂષીની ભકિત ન્યાય, દેવોને અચરજ થાયરે. શકર.

અઘકેશ્વર સામે તે નગરી ગણાય, ત્યાં ભદ્રસીજીત રાજા
કહેવાયરે. શંકર.
તે રાજા તે ભકત ગણાય, ત્યાં રોજ યજ્ઞ થાયરે. શંકર.
શીવ પુત્ર તે પ્રથમ જમી જાય, તે પ્રસંગે દેત્રજ પડી જાયરે. શં.
ગમે તે પ્રસંગે બ્રહ્મ ભોજન થાય, શીવ પુત્ર વિના પુન્ય
ન થાવરે. શકર.
ભજન માહે દરશાવાનું થાય, લોકોને અજાણમાં જાયરે. શ.
શીવ નીરમાલ બીજા બ્રાહ્મણો ખાય, તેનું જડામુળ જાયરે. શ.
જુવો શીવ પુરાણે મહીમાય, ચુવાળીમો અધ્યાયરે. શ.
જ્ઞાની લોકો તે સમજી જાય, અજ્ઞાની ગોથા ખાયરે. શં.
કીરપારામ શકરના ગુણ ગાય, દીનદીન પ્રતિ આનદ થાયરે.
શંકરને લાગુ પાયરે.

પદ ૨૨ મું.

શ્રાવક ભાઇઓને શીખામણ.

શ્રાવકનો ધર્મ સારોરે, મુને અતી લાગે ઘણો પ્યારો. ॥ ટેક ॥
શ્રાવક ભાઈઓ ઝીણા ધર્મ પાળો, અનાજના વેપાર ટાળોરે. શ્રા
કોઇ દેવની નીંદા ન કરો, પોતાને ધર્મે તરોરો. શ્રા.
પરસ્ત્રી તે તો મા બેન જાણો, પછી સસ્કૃત વાણી તાણો. શ્રા.
મોટા જીવનો કરો ઉગારો, સુક્ષ્મ જીવોનો ન કરો સહારોરે. શ્રા.
સર્વે શાસ્ત્રમાં હિંસા ન કરવી, દાણાની કોઠી નથી ભરવીરે. શ્રા.
નથી કૃષ્ણ નેમનાથમા ફેર, શું કરવા કરવું વેરરે. શ્રા.

નાહી ધોઇને જીન મંદીરે જાવું, દર્શન કરી પવિત્ર થાવુંરે. શ્રા૰
નીચુ જોઈને જીન મદીરે જાવો, પ્રભુમા ચિત લાવોરે. શ્રા૰
પુંજો વાળીને લીપણું લીંપો, જ્ઞાનની પીઓ છીપોરે. શ્રા૰
વીવેકેથી જીવને બચાવે, જાતુએ ખીલા ન મારોરે. શ્રા.
ગરીબ લોકની વાર તમો કરજો, દેવાળુ કાઢવાની વાત વીસ
રજોરે. શ્રાવક.
દુઃખ પડેથી સાધુ જે થાયે, તે સાધુ ન ગણાયરે. શ્રાવક.
સર્વ માયા તજીને સાધુ થાયે, તે મોક્ષપુરીમા જાયરે. શ્રા
ખોટો લેખ તે ચોપડે ન લખો, શું કરવા વેઠો વખોરે. શ્રા૰
ઘરમા ને બહાર ન કરવો કુટારો, મારી શી ગતી થાશે ધારોરે. શ્રા.
જ્ઞાની લોકો વિવાદ ન કરે, તે પ્રભુનું ધ્યાન ધરેરે. શ્રા.
નહિ સોપો પુજારીઓને દેવ, જાતેથી કરો સેવરે. શ્રાવક.
પારકી કલમ બીજાની રૂસનાઈ, સેવાનું ફળ નથી ભાઇરે શ્રા.
સેવા કરી સાધારણ પગાર ખાયે, તે શ્રાવક ન ગણાયરે. શ્રા
ધર્માદા પૈસાનું વ્યાજ જે ખાયે, તે શીવ નિર્માલ્ય ગણાયરે. શ્રા૰
શ્રાવક ભાઈઓ, મીલોને રાખો, અસખ્ય જીવોને મારી ન
નાખોરે શ્રાવક.
જુઠા બોલ શું કરવા બોલો, સત્ય ત્રાજવે તોલોરે. શ્રાવક.
જુઠી સાખો શુ કરવા પુરો, ન રોપો પાપના મુળોરે શ્રા.
વિષ્ણુ ધર્મ ખોટો ન જણાવો, તમારૂં મોક્ષ જુદુ બતાવોરે. શ્રા
ઓહં સોહંમાં નથીરે ફેર, શું કરવા કરવુ ઝેરરે. શ્રાવક.

સર્વે ધર્મને બોધ લાગુ થાય, સરવે જીવ ઉગરી જાયરે. શ્રા.
શ્રાવક ભાઇઓ અપરાધ જો જણાય, આ ધર્મનો મહીમાયરે. શ્રા.
મન માને તે ધર્મને સમરો, કીરપાના બોલ અનુસરોરે. શ્રા.

પદ ૨૩.

સંસારી ભક્ત ગણાયરે, તારૂ કલ્યાણ કેમ કરી થાયે. ટેક.
લઇ મૃદંગને ભજન ગાવા જાયે, દોસ્તારો ભેગા થાયરે તા.
લોકો સમજાવા રાગ તું ગાય, મર્મની વાત ન જણાયરે. તારૂ.
સંસારી મંડલ ભેગું થાય, ભજન તો ઉંધી જાયરે. તારૂ.
ભજન ગાવાની રીત ન જણાય, શું કરવા ભજન ગાયરે. તા.
ખોટી નિંદાએ પાપે ભરાએ, ભજનમા ભંગ થાયરે. તારૂ.
જોર કરી ભજન ગાવા જાય, ચપટીમા જીવ જાયરે. તારૂ.
અસ્ટામણ પસ્ટામણ વાયરે ઉડી જાયે, આપો બ્રાહ્મણ રાંધી
ખાયરે તારૂ.
બાવો ગામ પરગામે જાયે, મંદીરમા અધર્મ થાયરે તારૂ.
ભજન રૂપ તે જુદુ ગણાયે, પ્રભુ કરશે ન્યાયરે. તારૂ.
મોટુ ટીલુ કરી ભજન ગાયે, દયા ધર્મનુ મુલ ન થાયરે. તા.
સ્વાદ કરવા મંદીરે નીત જાય, બાવાને લુટી ખાયરે. તારૂ.
ભજન ગાતા ગાતારે ઉડી જાય, તારૂ તો કાળું થાયરે તા.
સંતો એ વાતો તજી સ્મરણ થાય, કીરપારામ ભજન ગાયરે.તા.

પદ ૨૪ જન્મેલી પુત્રીને મારવાનું પદ.

જન્મેલી પુત્રી મારેરે, મારો પ્રભુ કેમ કરી તારે. ટેક.

મોટા યજ્ઞ કરે તેને દ્વારે, તે પાપ ન જાય કોઈ વારેરે. જ.
લાખો બ્રાહ્મણ જમાડે અપાર, તે પાપીને શું તારેરે. જ.
ગૌ હત્યાના જેવું પાપ તારે, ન આવે મનુષ્ય જન્મ વારે-
વારેરે .જ.
કસાઇ કરતાં વધુ પાપ તારે, કશો આધાર ન રહ્યો તારેરે. જ.
જેવો બ્રાહ્મણ જીવતો મારે, બમણેરૂ પાપ તારેરે. જન્મેલી.
કોઈ બ્રાહ્મણ જમે તેને ઘેર, પ્રભુ ન કરે મહેરરે જન્મેલી.
વહાલા પુત્રને તું રે ઉગારે, તેની બેન શુ કરવા મારેરે. જ
માબાપ તે દયા ન ધારે, પડવુ નરક ગતીમા તારેરે. જ.
કીયા શાસ્ત્રમા મારવા આધાર, તેનું દાન ન લેવુ તારેરે. જ.
રામચંદ્ર અજાણે બાણ મારે, શરવણનો જો આધારરે. જ
સર્વ જાતીમા ન્યાય ઉતારે, પુત્રીને કદી ન મારેરે. જન્મેલી.
કાચા ગર્ભ પાપીઓ જે મારે, તેની પણ તે ગતી ધારેરે. જ
મારા ગરીબની અરજ જે ધરે, તે લક્ષચોરાશી ન ફરેરે. જ.
કીરપારામની શીખામણ તારે, તે તરવાનો આધારરે. જ.

પદ ૧૫.

સુપનાના જેવી છાયારે, તુને લાગી તેની માયારે. ટેક.
સુપના માહે તું બહુ ધન્ય કમાયા, જાગીને હાથ ઘસાયારે. તુ
સુપનામાહે તું રાજ્ય કમાયા, ઝબકીને તું પસ્તાયારે. તુને.
સુપનામાહે વિષય ભોગ કરાયા, જાગીને તું ફસાયારે. તુને.
સુપનામાહે ઈદ્રાસન કમાયા, તારે હાથ કશું નહિ આયારે.

સુખ દુઃખ તેં સુપનામા જોયા, ન ઉતરી તારી માયારે. તુ.
તેવા શરીરની લાગી તુને માયા, સર્વે રાણા રંક રાયારે. તુ.
જ્ઞાની લોકો તે જ્ઞાનમા સમાયા, સુપનાની ઉતરી માયારે તુ.
કીરપારામે પ્રભુના ગુણ ગાયા, પાપીઓ તે શરમાયારે. તુ.

પદ.

શું કરવા ગર્વ આણીરે, તું સમજી જાને પ્રાણી. ટેક
રાજા લોકોના સુખ જાણી, શુ કરવા ગર્વ આણીરે. તું.
ઘણા રાજાઓ તે સુખ માણી, તેમની પણુજાશે તાણીરે. તું.
અભિમાન કરે શુ પ્રાણી, રાવણની લકા લુટાણીરે. તું.
મોટા લોકોની નર્ક નીશાણી, ગરીબની પુન્યની ખાણીરે. તું.
સુખ દુઃખ તે મનમા ન આણી, બકરીએ વાઘ ન તાણીરે. તું.
સત્યવાદી રાજાઓ મર્મ જાણી, તે બેઠા મરવા પ્રાણીરે. તું.
મોટા ગરીબનુ અતર જાણી, મારો પ્રભુજી પાશે પાણીરે. તું.
કીરપારામના બોલ તે તું તાણી, તું સ્મરણ કરને પ્રાણીરે તુ.

પદ.

આખર તો મોત નીશાણીરે, કોઈ નથી રહેવાના પ્રાણી ટેક.
ખરા સતની સુણીએરે વાણી, તું માયાને ન લીજે તાણીરે. કોઇ.
ધર્મ રાજાઓના દુઃખ જાણી, તું અતરમા લે તાણીરે. કોઇ.
દશ અવતારની લીલારે જાણી, તેમની પણ મોત નીશાણીરે. કોઇ
નર નારી જે પુન્ય કરે જાણી, તે સુખ ભોગવે પ્રાણીરે. કોઈ
પીંગળા રાણીની રીત લે જાણી, તારૂ તો કોઇ નથી પ્રાણીરે. કોઈ.

તારા અંતરે ધ્યાનરે આણી, તું અમૃત પી લે પ્રાણીરે. કોઇ.
નથી રહેવાનાં રાજા ને રાણી, ભમે છે કાળ હાણીરે. કોઇ.
કીરપારામની મીઠીરે વાણી, લોટા ભર પાવું પાણીરે. કોઇ.

૫૬.

દુનીયાંથી રહ્યો ન્યારોરે, નથી તે તરવાનો વારો. ટેક.
ગાય રાગ તું મનથી ધીરે, તેં મુકી દીધો હીરોરે. નથી.
ઘણા નીશા કર્યા અપારો, તું ઘણા કરે વિચારોરે નથી.
મા બાપને દુઃખ દે નઠારો, પાપના બાંધ્યો ભારોરે. નથી.
માયા જાળનો કર્યો વધારો, તે પાપ કર્યા હજારોરે. નથી.
જેવો પાણીનો પરપોટો ત્યા તારો, એજે ગયો જન્મારોરે. નથી
ઘણા પડીતમા તું મુછાળો, ચપટીમા જીવ ગયો તારોરે. નથી
ઘણા ભાષણ કર્યા તે હઝારો, દયાનો ન કર્યો સુધારોરે. નથી
ઘણા કર્યા ત્યા તે વેપારો, તુને લોક કહે દેવાળોરે. નથી.
રાજ દરબ રે બાંધી તલવારો, ખોટા ન્યાય કરે ઠગારોરે. નથી.
ઘણા માર મારે ફોજદારો, તે ઈનસાફ ન કર્યો સારોરે. નથી.
ગાદીપતી તે કર લે વધારો, કાયાનો નથી સુધારોરે. નથી.
ઘાલ્યો ચકલીએ માળો સારો, વીખરી પડયો સર્વ સ સારો. નથી
વિશ્વાસઘાત ત ઘણા કરનારો, ખોટી શાખ્યો તે પુરો. નથી.
ગાદીપતી તે પર સ્ત્રીને ધારે, પડવુ નરક ગતીમા તારે. નથી.
કીરપારામના પ્રભુને ચીત ધારો, ઉપરના બોલ વિચારો. નથી.

પદ.

બ્રહ્મચારી રૂપ ધરાયારે, તે અંતર ભેદ ન પાયા. ટેક.
ધરી ભેખને કપડા રંગાયા, કુટણી પેટ ભરાયારે. તે અંતર
માગી ભીખને ઢગ મચાયા, પરમારથ તું વિસરાયારે. તે અં.
ઘણી અસ્ત્રીઓને તે મીલાયા, કાયકુ ભેખ લજાયારે. તે અ.
અધીકારીકું ખુબ ખીલાયા, સાધુ બ્રાહ્મણને મારવા ધાયારે.
તે અતર
કરી ક્રોધને દેવલ ગજાયા, જાતીને દોશ લગાયારે. તે અતર
શકરે ચડેલા માલ ખાયા, શીવ પુત્રકુ ડુબાયા. તે અતર
ધરી કમડળ મસ્તક મુડાયા, સસાર મે તું ભરાયા. તે અંતર
ઘણા લોકોથી ખેદ કરાયા, કજીઆમે તુ ન ડરાયા. તે અ તર
કીરપારામ શંકરકે દરશન આયા, ભવનેશ્વરે ખેલ બતાયારે
તે અંતર ભેદ ન પાયા.

પદ. ભજન

તેં જરા દયા ન આણીરે, તારા હીસાબ થાશે પ્રાણી. ટેક
દુઃખી સસારનું દુઃખ રહ્યો માણી, પાપણી તરવાર તાણીરે. તા.
સાધુ બ્રાહ્મણને ન પાયું પાણી, નીરધનનું દુઃખ ન જાણીરે, તા.
મુર્ખો ફરી વળ્યો સહુ ધણીં, કરણી તે પાર ઉતરણીરે. તા.
તારા પાપની કોઠી ભરાણી, મોતીને ન લીધા વેણીરે. તારા.
તું સંસારમાં કુદ્યો મસાણી, ફોગટમાં મીઠાઇ વેચાણીરે. તા.
તેં તો મુકી દીધીરે હીરાકણી, આખર સમર્થ ધણીરે. તારા.

ભૂખ તરષા લાગે તુને ઘણી, તારૂ કોણ દુ:ખડે જાણીરે. તા.
તારી વરણાગી મેં તો જાણી, દુઃખની ભરી ખાણીરે. તારા.
કીરપારામના બોલ લે તું વેણી, હું વાત કહુ છુ ઝીણીરે. તા.

પદ.

ધર્મરાજા બોલ્યા વાણીરે, પાપીને લાવો તાણી. ટેક
જાઓ જમડા તેની મુદત ભરાણી, તે ભારે મારે ઘરણીરે પાપી
પાપી જીવોને બાંધી લાવો તાણી, ધરમીને ન મારો જાણીરે
પાપીને લાવો તાણી
રૂડી પ્રભુની કચેરી ભરાણી, ધરમી બેઠા સુખ માણીરે. પા.
સર્વે કુટુંબ ભેગુ થયુ રણી, રૂપાળો જીત્રમણીરે. પાપી
ચાર ચોરે કરી તેની હાણી, તે પાપ કર્યું જાણી પાપી.
માતા પીતા મરણ દુઃખ જાણી, ફુસાયા પડીત પુરાણી. પા
ઘણુ રૂદન કરે તેની રાણી, સામીને કોણ પાય પાણી. પા.
પાપી જીવોને હણી લીધા ઘણી, દૂત આવ્યા પ્રભુ ભણીરે. પા.
કીરપારામની શીખ ઘણી શાણી, સહુ સંતોની સુણજો વાણી પા.

પદ.

હાથે તે તારા સાથેરે, ઘણુ દુ:ખ પડવાનું માથે. ટેક.
આજ કાલ કરતા જાય અરથ, જન્મારો ગયો વ્રથરે. ઘણુ.
ઘણી ઘોડા ગાડી તારે હાથે, પાપ ને પુન્ય સાથેરે. ઘણુ.
ધન ભેગુ કરવા ભરે બાથ, પરમારથ ન કર્યુ હાથેરે. ઘણુ.
જમીન માહે દાટેલા રહ્યા ગ્રથ, કશુ નહી આવે સાથેરે. ઘણુ.

તે તો ધર્મ ન કર્યું તારા હાથે, દુઃખના ડુંગર માથેરે. ઘણુ.
ખોટા આળ ચડાવ્યા લોકો માથે, પાપના પોટલા સાથેરે. ઘણું
ધર્મરાજા હીસાબ કરે હાથે, અગ્નીથી ભરવી બાથરે. ઘણુ.
દયા વગરનું કામ કરવું વૃથ, જ્ઞાનીઓ સમજે અર્થેરે. ઘણુ.
સ્મરણ કરવા કાયા ઘડી નાથે, જાળવીને કાઢયો હાથેરે. ઘણુ.
મુર્ખે સમરયા નહી રઘુનાથ, તે રીસાણા દીનોનાથરે. ઘણુ.
કીરપારામ ઉપદેશ આપે હાથે, તું પુન્ય કરી લે હાથેરે. ઘણુ.

પદ.

મૂખમાથી બોલ્યા વાણીરે, પછી રડવા લાગ્યો પ્રાણી. ટેક..
મેળે હિસાબ જોયારે વાણી, લાખ કરોડની ખોટ ભરાણીરે. પછી
તે તો પાપ કર્યું ઘણુ જાણી, અંતરમાં દયા ન આણીરે. પછી.
દુરે વૈતરણી નદી દેખાણી, ગઉ માતા કેમ ન આણીરે. પછી.
ઘણી અગ્ની તે જીવને દેખાંણી, તેમા તો પડવું પ્રાણીરે. પછી.
ઘણા નર્કના કુંડ અલ્યા પ્રાણી, તેમા તો રહેવુ મસાણી. પછી.
ધર્મી પ્રાણીની સભા ભરાણી, જો તેમા જોત મીલાણી. પછી.
દુઃખ દરીઆની આવી પડી ખાણી, કયાં ગઇ તારી રાણીરે. પછી.
ઘણા શાસ્ત્રના ભેદ તું જાણી, પૈસા ભાર ન પાયું પાણીરે. પછી
સર્વે મુકીને એકલો રે પ્રાણી, મારૂં કોઈ ન થાય ધણીરે. પછી.
કીરપારામ રામની મીસરી વેરાણી, સતો ગાઠ બાંધજો
તાણીરે. પછી રડવા.

પદ.

આ દુનીઆનો મહીમાયરે, સતવાદી ન ભરમાય. એ ટેક
ઘણા ઢુંગ કરી દ્વારે જાય, તેનું તો માન થાયરે. આ દુનીઆ
ભાટ ભવૈયા નાચી કુદી ખાય, સુપાત્રે જીવ જાયરે. આ.
દેવાળા ભોપાળામાં દ્રવ્ય જાય, પરમારથમા ગભરાયરે. આ.
ખરા ખોટાની પરીક્ષા ન થાય, અધર્મી લુટી ખાયરે. આ.
સગુ વાલું તે બેલી ન થાય, અતે તો અળગુ જાયરે. આ.
કાચા કુભની દેહ જણાય, ઓચીંતી ફુટી જાય. આ દુનીઆ.
લાગી સંસારની ઘણી તુને લાય, સાધુ બ્રાહ્મણ પાછા જાયરે. આ
કરેલા કર્મ ભોગવવા ન્યાય, શુ કરવા કરો અન્યાય આ.
મા બાપની સેવા ન થાય, સાસરીએ જીવ તણાયરે. આ.
ઘણા નાટક જોવા પ્રાણી જાય, પાપીને દયા ન થાયરે. આ.
કાળો રંગ તે ધોળો ન થાય, વિષયમા દીન જાયરે. આ.
જ્ઞાની લોકો તે સમજી જાય, અજ્ઞાની ગોથા ખાયરે. આ
ફીરપારામનું મન દુભાય, સ્મરણ વિના પસ્તાવો થાય. આ.

પદ.

કચ્ચી હુયે તેરી કાયારે, પાપીએ ઢુંગ મચાયા ॥ ટેક ॥
લક્ષ ચોરાસી ફિરકર આયા, નરનારી જોડ બનાયા. પાપી.
માકે ઔદરમે કૌલ કરાયા, ઉપગારી પ્રભૂ વિસરાયારે. પાપી.
રંગ પતંગની લાગીરે માયા, જીવતરમેં આગ લગાયારે. પાપી
કચ્ચી મટ્ટીકી બની રહી તેરી કાયા, પરદેશી મુસાફર આયારે. પા.

ભરી પાપેને જુગમેં ફીરાયા, તુ ગણી કરે સહેલાયારે. પા
લઇ દરપણને મુખડા દેખાયા, સમશાને આગ લગાયારે. પા.
ફરી માયાને હુવેલી બનાયા, તુ ચાર ગતી નહી પાયા. પા.
કોઇ સંતકી સગત ન કરાયા, પાપકી પોઠ ભરાયારે. પા.
તેરી અસ્ત્રીસેં હાથ મીલાયા, મા બાપકુ દુઃખ દીલાયા. પા.
દયા ધર્મની બાત ન સુનાયા, કીરપારામ મન પસ્તાયારે. પા.

પદ.

ગ ધીલી તેરી કાયારે, તુને લગ રહી ઉસકી માયા. ગંધીલી.
ગાદી તકીયાકા શોખ કરાયા, તુને જરા દયા નહિ આયારે. ગ
ભાઇઓ બેનોને કેશ ઓળાયા, પ્રભુ સ્મરણમેં આળસ આયા.ગ.
નવ ન્હારે તેરી નર્ક ભરેલી કાયા, તેં રામ રસ નહિ પાયા. ગ.
તેલ ફુલેલ અગે લગાયા, પ્રભુ સ્મરણ તું નહિ પાયા. ગ.
મૂર્ખ દર્પણમે મુખડા દેખાયા, પ્રભુ દર્શન નહિ પાયા. ગ
મૂર્ખ જુતુમે ખીલા મરાયા, જીવ જત રે નહિ બચાયા. ગ
નવીન કપડેકા શોખ કરાયા, હરામી માલ ખાયારે. ગ.
સેજ પલંગપે ફુલ રે બીછાયા, મરણકા ડર નહિ આયારે. ગ.
રડીબાજીમે મૂર્ખ ભરમાયા, પ્રભુ સ્મરણમેં શરમાયારે. ગ.
સબ દોસ્તારે ખેલરે ખિલાયા, ફોગટમાં તું ફસાયારે ગં.
કીરપારામના ગુરૂએ સમજાયા, મુને પ્રભુકી લગ રહી માયારે
ગ ધીલી તેરી.

પદ જુઠી કાયા વિષે

જુઠી હૈ તોરી કાયારે, તુને કાયકુ દેહ ધરાયા. એ ટેક.
પુત્રે પુન્યસે દેહ ધરાયા, જુઠી જ જાળમેં કયું ફસાયારે. જુ.
પાણીકા જગત પ્રભૂને બનાયા, જમીનપર પાણી સમાયારે.જુ.
પવનરૂપે ઓહી જીવ આયા, નીકળ ગયા કોઇ ન દેખાયારે.જુ
કાસે આયા ને કાહારે સમાયા, ઉસકા મર્મ નહિ પાયારે. જુ
જલમે પાણીકા પરપોટા બનાયા, ફુટ ગયા પિછેસે પસ્તાયારે જુ
મનુષા દેહીકા અવતાર આયા, તે અપર પાર ન પાયારે. જુ.
પ્રભુએ પીંજરમે પોપટ બોલાયા, તું મુસાફરીમેં આયારે.જુ
મુર્ખ જુવાનીકા જોર બતલાયા, તેને ગુરૂને નહિ સમજાયારે જુ.
નાના પ્રકારી મેવારે ખાયા, તુંને જરી દયા નહિ આયારે.જુ
ડીગપારામે પ્રભુના ગુણ ગાયા, હરાયા ઢોર જૈસા ફિરાયા. જુ

પદ સર્વે ણીરથનુ સ્મરણ.

હરિએ રામ રામ રામા, હરિએ રામ રામ રામા. એ ટેક.
પ્રભુ અયોદ્ધાના વાસી, હરિએ. સર્વે પાપ ગયા નાશી. હરિ
પ્રભુ વંદ્રાવનના વાસી, હરિ કુબજાને ઘણી સાચી, હરિ એ.
પ્રભુ ગોકુળમા ગૌ ચારી, હરિ સોળસે ગોપીની ગત ન્યારી, હ.
ગોપી ઠમકે ઠમકે ચાલી, હ. મારૂ દાણ આપને વહાલી, હ
પ્રભુ મુકો હમારા ચીર, હ. મારી સગી નણદલના વીર, હ.
ગોપીના ઉતાર્યા જોર, હ. ગોપી બેઠી પ્રભુને ખોળે, હરિ.
ગોપી પુરી પ્રભુની આશ, હ. તેનો હોજો વૈકુંઠવાસ, હરિ.

પ્રભુ જગન્નાથના વાસી, હ. જમવા બેઠા તીરથવાસી. હરિ.
નાત જાતનો નથી ભેદ, હ. જ્ઞાનીઓ ન કરે ક્ષેદ. હરિએ.
પ્રભુ શંકરની સહુ કાશી, હ. ત્યા વસે ઘણા સન્યાસી. હ.
પ્રભુ બદ્રીનાથના વાસી, હ. ગંગા માઈ નીકળી સાક્ષી. હ.
પ્રભુ રામેશ્વરના વાસી, હ. તીરથ કરવાની ગતિ સાચી, હ.
પાણીપર પત્થર તારી, હ. બાધી પાણીમા સડક ભારી, હ.
રાવણને નાખ્યો મારી, હ. આપી વિભીષણને લંકા સારી. હ.
પ્રભુ મથુરામા માલી, હ. મહી વેચવા ગોપી ચાલી. હ.
પ્રભુ દ્વારકાના વાસી, હ. મીરાની ભક્તિ સાચી. હરિએ.
તે મીરાને રાણો મારે, હ. પ્રભુનું રૂપ થયુ તારે, હરિએ.
પ્રભુ પંઢરપુરના વાસી, હ. ગયનુંબા તુકારામની ભક્તિ
સાચી. હરિએ

ભકનોની પુરી આશ, હરિએ વીઠલે પુરી આશ. હરિએ
પ્રભુ ડાકોરના વાસી, હ. હરી રણછોડની જય બોલો. હ.
પ્રભુને લીધા જોખી, હરિ સોનાની વાળી નાખી. હરિએ.
પ્રભુ નાશકના છો વાસી હ ત્રંબકથી ગંગા નીકળી સાચી. હરિ
પ્રભુ બ્રહ્મ ખેડના વાસી, હ. પંચ દેવે પુરી આશી. હરિ.
પ્રભુ ભ્રગુ બ્રહ્મા ગદાધર તીરથવાસી,હ. કળનાથ ભવનેશ્વર
પાપ જાય નાશી. હરિએ.

કાસી રાજા તે દુઃખ હારી, હ. રક્ત કોડ નીકળ્યા ભારી ,હ.
બ્રહ્મ ખેડ વસાવી સારી, હ તેની કાયા બનાવી સરી, હ

સરવે તીરથ કરો રામ રામ, હ. કીરપાનો છે વિસરામ, હ

જ્ઞાની લોકોને નીશો ન કરવાનુ પદ.

દારૂમાં પૈસો ઉડાયોરે, પ્રભુ સ્મરણમાં શરમાયો. એ ટેક
રૂડો પ્રભુએ અવતાર ધરાયો, તુ લુણ હરામી ગણાયોરે. દા.
મા બાપે તે જુગતે ભણાયો, તું નીશો કરી ઘેર આયોરે. દા.
ઘણું દુઃખ વેઠીને પરણાયો, મા બાપને મારવા ધાયોરે. દા.
મા બાપની આબરૂ ન લાયો, પાપીએ કુલ લજાયોરે. દા.
દુઃખદારી મારે પેટ આયો, દુનીઆમાં ફજેતો કરાયોરે. દા.
રસ્તે જતા લથડીયા ખાયો, કાદવમે નિદ્રા કરાયોરે. દારૂ.
દારૂ પીને લોકોનો માર ખાયો, ઉકરડામા અથડાયોરે. દા.
ઉચી વરણ તુરે ગણાયો, જાતીને દોશ લગાયોરે. દારૂમા.
દારૂ પીને થયોરે મરજી વાળો, સગાને દે ઘણી ગાળોરે. દા.
ઉત્તમ દેહ તેં જીવ વટલાયો, શું કરવા નરક ખાયોરે. દા
દારૂ પીને વાદી વેષ ધરાયો, દુનીઆમા નફ્ટ ગણાયોરે. દા.
દારૂ પીને લડાઇમા તું ધાયો, સરકારે તુને બોલાયોરે. દા.
સાધુ બ્રાહ્મણને ચપટી ન પાયો, દરબારે દંડ ભરાયોરે. દા.
બેભાનમા માણસ મારી નાખ્યો, સરકારે કેદ નાખ્યોરે. દા.
ફરી ન્યાયને સુળીએ ચડાયો, એળે તે જીવ ગમાડ્યોરે. દા.
પાપી જીવે તે નીશો કરાયો, તે પુન્ય કદી ન કરાયોરે. દા.
ખોટાં કૃત્ય કરીને ફસાયો, તું પાપીએ ઢોગ મચાયોરે. દા.
ઘી સક્કર તે પેટ ભરી ન ખાયો, પાણી પી જીવ ગમાયોરે. દા.

મા બાપને દુઃખનો ડુંગર આયો, શુ કરવા મેં ધવરાયોરે હા.
દેવું કરીને ધ ધો કરાયો, મા બાપને ભીખ મગાયોરે. હારૂ.
ગરીબ મોટાએ નીશો કરાયો, પતીઆરો કોઇ ન ધરાયોરે. હા.
કીરપારામની શીખ ન લાયો, તુ લક્ષ ચોરાસી પાયોરે હા.

દેશી પાણીમાં ઘુઘરા મચાયા. પદ.

ઓ મારા વીરરે હિંદુએ દેહ વટલાયા, કોઇ વીરલા તે બ્રહ્મ પાયારે. ટેક.

ગામ પરગામે હોટલ ઘલાયા, હાડકાંના કોપોમા ચા પીલાયા;
દુષ્ટ લોકોએ ભજીયાં બીસકુટ ખાયારે. ઓ મારા વિરરે.
હિંદુ લોકોએ રોટલા બ ધાયા, કારણ પ્રસ ગે પરગામે સધાયા;
ઘાચી મુસલમાનોને અડકાયારે. ઓ મારા વિરરે.
વિપ્ર લોકો તે ઘણી ભુલ ખાય, તે ઓળામા રાધવા જાય.
કરો બ દોબસ્ત ઘણો છે અન્યાયરે. ઓ મારા વીરારે.
મીસરીમેં તે હાડકા મિલાયા, તે સક્કર સહુને રે ખાયા,
દેશી સક્કર જ્ઞાનીએ પાયારે, ઓ મારા વીરારે.
આજાની ચીમલ ભરાયા, બ્રાહ્મણ વાણીએ શુદ્રે પીલાયા,
સબકા મોમા ઘાલીને ફીરાયારે. ઓ મારા વીરારે.
બ્રાહ્મણ વાણીઆ કલાક ઘેર આયા. ચોરી કરીને નીશો કરાયા.
ઉત્તમ જીવ તેં દેહ બટલાયારે, ઓ મારા વીરારે.
સોગુ પહેરીને રસોઇ બનાયા, સોળુ ધોવાની ગતી નહી લાયા.
શુદ્ર લોકોને તું અડકાયારે. ઓ મારા વીરારે.

હિંદુ લોકોએ જમણ કરાયા, દુષ્ટ લોકોએ ઝાડુ કઢાયા.
બીજી પંગતે બાજ બીછાયારે. ઓ મારા વીરારે.
સંત પુરૂષો તે સમજી અટકાયા શુદ્ધ કરી પોતાનીરે કાયા.
ફીરપારામે ઉપદેશ ફીરાયારે. ઓ મારા વીરારે.

રાગ ધોળ.

દધી રૂશીનો રે વિસ્તાર, કોઇ વિરલા સમજ્યા રે તેનો સાર.
ખોટા આળ ચડાવ્યા તે વાર, ભોળા શંકરનો રે આધાર. ટેક.
વાદીલા વીવાદ કરે.

જુવો શીવ પુરાણે મહીમાય, સર્વે રૂષીઓથી શ્રેષ્ઠ ગણાય.
જ્ઞાની લોકો ઉતારો રે ન્યાય, આ તો ઘણો ચાલે છે અન્યાય.
વાદીલા વીવાદ કરે

સુદરશનને જડ રૂપ કરી, ગીરજા દેવીએ ચીતા રે ધરી.
તેને ફરી સજીવન કરી, ઉમીયા માને ખોળે બેઠો ઠરી.
વાદીલા વીવાદ કરે

બહુ વિધીએ અધીકાર માપી, શીવ પુત્રની પદવી રે આપી.
ચાર પુત્રોને આજ્ઞા રે આપી, શીવ પુત્રો તેવુ નામ સ્થાપી.
વાદીલા વીવાદ કરે.

શીવ પુજન તમારે રે કરવું, શીવ ધ્યાન તમારે ધરવુ.
શીવ નીરમાલ ગ્રહણ કરવું, પ્રથમ પુજન તમારે રે કરવુ.
વાદીલા વીવાદ કરે.

ભદ્રસીજીત રાજા ગણાય, નીત યજ્ઞ તે રાજમા થાય.

એક રૂષી જમ્યા વિના જાય, તે યજ્ઞ સમપુર્ણ ન થાય.
વાદીલા વીવાદ કરે
શીવ પુત્રનો મહીમા વધારે, સર્વ રૂષીઓનો ગર્વ ઉતારે.
ભોળા શંકર ભકતને તારે, આપ્યા પુત્રો તે રાજના દ્વારે.
વાદીલા વીવાદ કરે
તે રાજાને એક રે નેમ, એક ધ્વજ આપેલો રે તેમ.
શંકરે આપેલો રે એમ, પ્રાત કાળે ઉભો રહે તેમ. વાદી.
જ્યારે યજ્ઞ સમપુર્ણ થાય, સાય કાળે તે ધ્વજ પડી જાય
તેમ વર્ત સમપુર્ણ ન થાય, પેલો ધ્વજ તે પડી ન જાય
વાદીલા વીવાદ કરે
શીવ પુત્રોને પ્રથમ જમાડી, બીજા રૂષીઓ રહ્યા મુખ મરડી.
સર્વ રૂષીઓના માન ઉતારી, પેલો ધ્વજ પડયો તે વારી
વાદીલા વીવાદ કરે
બીજા રૂષીઓને દુંખ રે લાગી, ખોટી નીંદા વોરી લીધી માગી
ઘણા ખેદ કરી રહ્યા રાગી, જ્ઞાની લોકો રહ્યા છે રે જાગી
વાદીલા વીવાદ કરે
શીવ નીરમાલ બીજા ન ખાય, શીવશંકરે ઉતારેલો ન્યાય.
સર્વ રૂષી ઉતારે છે ન્યાય, તેના ઘરનું અન્ન ન ખાય. વાદી.
તેના હાથનું રાધેલું જમાય, શીવશંકરે કરેલો છે ન્યાય.
કીરપારામ સ્મરણ કરવા જાય, દીન દીન પ્રતી આનંદ થાય.
વાદીલા વીવાદ કરે.

જોતાંમાં જીવ ઉડી જવા વિષે પદ.

જોતાંમાં જીવ ઉડી જાશે રે જીવડલો તારો.
કમાણી તારી કોણ ખાશેરે, દયાને ધરો. ટેક.
લાખે લેખે ગણનારો, જુવાનીમાં ફરનારો,
છેવટ તું તો મરનારો રે, વણઝારો. જોતામા.
મોટી તું હવેલી વાળો, ઢોલીઆ બીછાવનારો,
તેમાં નીદ્રા કરનારો રે, પુર વીક્રમ ધારો. જોતામા.
ઘોડા ગાડી ફરનારો, મગરૂબી કરનારો,
પારકા વીષય કરનારો રે, નરક વારો જોતામા
કાયાનો તો ઘડનારો, કોટી ઉપકાર કનારો,
પ્રવૃત્તિને તમો વારોરે, નિવૃત્તિ ધારો. જોતામા
સઘળી મમતા કરનારો, પાપની ડાડી ધરનારો,
કપટ ત્રાજવે જોખનારોરે, કપટ કરનારો જોતામા
સ્થાવર જંગલ વસનારે, સઘળી સૃષ્ટી રચનારો,
સુર્ય દરશન દેનારોરે, પ્રત્યક્ષ ધારો. જોતામા.
મનુષ્ય દેહ મળ્યો સારો, નહી આવે વારમવારો,
બોલનારો નથી ન્યારોરે, કારજ સારો જોતામા.
અનેક રૂપ ધરનારો, નામ તો એકજ ધારો,
પાણી ભરે ભરનારોરે, કુવો તે સારો. જોતામા
અનેક ખેલ કરનારો, સોલસે ગોપીમા રમનારો,
જોતમા જોત મીલાવનારોરે, એ રામ મારો. જોતામા

હરી હર બ્રહ્મ સારો, ન રાખે તે જુદારો,
જીતી બાજી શીદ હારોરે, કાયાને તારો. જોતામા
ગુરૂનાં વચન પાળો, વેદ વાણી તમે ધારો,
કામ ક્રોધ તમો મારોરે, તરવાનો વારો. જોતામા
કીરપારામ અવગુણ વારો, પ્રભુ ક્ષમા કરો અપરાધ મારો,
પ્રભુ મારો ગુણ વારોરે, ધીરજ વારો. જોતામા જીવ

રાગ સાખી.

શુરે કહું તુંજ પ્રાણીને, મમતા ઢાલી મેલ,
દસ મસ્તક છેદાઇ ગયાં, જુઓ પ્રભુનો ખેલ;
કહે કીરપારામ સર્વે તજી, સંત સમાગમ ખેલ.

શુરે કહું તુંજ પ્રાણીને, ભરત રાયની જાત,
પીંગળાએ કપટ કીધું, રાજા ન જાણે વાત;
કહે કીરપારામ સહુ પ્રભુ ભજો, પીંગળા થઇ કમજાત.

શુરે કહું તુંજ પ્રાણીને, મનુષા દેહી તું તાર,
સંસાર રહી કર ભજન, જીતી બાજી ન હાર,
કીરપારામ કહે એ વાતો તજી, પ્રભુ ચીત મન ધાર.

નાગરી નાતનો નરસૈયો, જુનાગઢમા વાસ;
દુનીયાએ દુઃખ દીધું ઘણુ, દુનીયા થઇ નીરાશ;
કહે કીરપારામ વિશ્વાસ રાખે, પ્રભુ પુરશે આશ.

મયુરધ્વજ રાજા સત્યવાદીયો, સત્ય રાખ્યુ તે ઠાર;
કાશી ક્ષેત્રે કરવત મેલ્યુ, સુત પત્ની તાણે તે વાર,
કહે કીરપારામ સાચી ભકિત તે તરવારની ધાર.

મૃદગના બહુ તાલ તે, બજાવો મારા વીર;
ચોરી જારી તજી જાવો, મનડુ રાખી થીર,
કહે કીરપારામ સત્સગ કરી, તાણી મારો તીર

હરિશ્ચદ્ર રાય સત્યવાદીઓ, તારામતીને આધાર,
પ્રભુએ દુઃખ દીધા ઘણા, કહેતા ન આવે પાર,
કહ્યુ કીરપારામ નીચ ઘેર, પાણી ભર્યું તે વાર.

પ્રભુ જઇ કદમ ચઢી બેઠા, ગોપીઓનાં તાણી ચીર,
કાલાવાલા કરે ગોપી સહુ, આપો હમારા ચીર,
કહે કીરપારામ એવા પ્રભુ, લાડ લડાવે રણધીર

ગાય શીખે ને સાભળે, સર્વે દેવ મહીમાય,
દુખ દારીદ્ર દુરે પડે, નીત્ય નીત્ય ભજન ગાય,
કહે કીરપારામ તે, વૈકુઠપુરી જાય.

ભીલડીનો તો ભાવ દેખી, ચાખી લીધા બોર,
પ્રેમે કરી આરોગ્યા, ભાવ ભકિત ઘણુ જોર;
કહે કીરપારામ જય જય, બોલો શ્રીરણછોડ.

સુદામાને બહુ દુ:ખ દીધું, ખાવા ન મળે તે ઠાર;
કડકી કડકો ચીદરે, તાદુલ ખાધ્યા તે વાર;
કહે કીરપારામ તે આરો ગીયા, છપન્ન ભોગ તે વાર.

મીરા હરીની કરે શેવના, રાણો કપટી ક્ઠોર,
ખડગ લઇ મારવા ગયા, ઘણુ કરી તે જોર,
કહે કીરપારામ અનેક રૂપ ત્યા થયા, ભકતીનુ ઘણુ જોર.

શુરે કહુ તુંજ પ્રાણીને, પ્રારબ્ધના ખેલ,
વિભીષણને રાજય આપ્યુ, હનૂમાનને તેલ,
કહે કીરપારામ પ્રભુ ભજો, મુમતા ઠાલી મેલ.

રૂપ ધરી દસ અવતાર તે, જાણી જોઇ તે વાર;
દુષ્ટોને ઘણા સહારીયા, ભકતોની કરી વહાર.
કહે કીરપારામ પ્રભુ ભજો, મનુષા દેહી ન આવે વાર વાર.

માતુશ્રીના હેત વિષે કવિતા.

ઘણા તારા ઉપકાર, માતુશ્રી ઘણા તારા ઉપકાર.
ગુણ ઘણા તારા અપર પારરે,
મારા કાજે તું દુખી થઇ વાર વાર. માતુ. ૧
સારૂ સ્વાદીષ્ટ અન્ન ન ખાયરે,
મારા કાજે સ્વાદ તજી તું તે વાર. માતુ. ૨

જરા જો હું રડું કે પડુ રે,
ખંમા ખંમા કરી બાથ ભીડે તેણી વાર. માતુ. ૩
જરા જો મુજને મદગી થાયરે,
પ્રેમ લાવી મ્હોમા પાડે દુધની ધાર. માતુ. ૪
મારા કાજે તીખુ ખાટુ ન ખાયરે,
ચરી પાળી તલવારની ધાર. માતુ. ૫
સુનો મુકીને જરા જો જાયરે,
બીજા કામમા ધ્યાન ન લાવી લગાર. માતુ. ૬
પારણા માહી જરા જો રડુ રે,
હરખ ધરીને ગાય હાલરડુ તેણી વાર માતુ ૭
રાત દિવસ ઘણી દુર્ગંધ કરૂ રે,
માતુને સંખ્યા ન આણી લગાર. માતુ ૮
ભીના કપડામાં જાતે તું સુવેરે,
અરે મને સુકામા સુવાડે તેણી વાર. માતુ ૯
પાળી દુઃખ વેઠી મોટો તે કીધોરે,
પછી બહુ ભાતથી ભણાવી તેણી વાર માતુ. ૧૦
માત પીતાના ઉપકાર કેમ ભુલુ રે,
હવે હું તમારી શેવા કરૂ વારંવાર. માતુ. ૧૧
એવા તમારા અનેક ઉપકારરે,
હવે હુ નહી ભુલું એ ગુણનો આભાર માતુ ૧૨
નવ મહીના તે દુખ ઘણું વેઠયુંરે,

અરે તે સ્મરણ કર્યું પ્રભુયે જાળવીને કહાડયો બાર.મા. ૧૩
કીરપારામ કહે ગુણના નથી પારરે,
નીશાળીયો મા બાપની શેવા કરો વાર'વાર. માતુ. ૧૪

પ્રભુની સ્તુતિ વિષે કવિતા. ભુજંગી છંદ.

પ્રભુ અરજી માહરી મન ધારો,
કરૂં પ્રાર્થના મુજને આપ તારો. એ ટેક.
આપો સારી બુદ્ધિ મુને તુમે સુધારો,
આપો જ્ઞાન ને આપદાથી ઉગારો;
માગુ શેવના આપની કાજ સારો,
પ્રભુ માર તો એક આધારં તારો. પ્રભુ અરજી.
ભણાવે મુને મહેતાજી ગુણ ધીરો,
કદી ન ભુલું આજ્ઞા ના તેમની બાઉ શીરો,
મા બાપના ગુણના ઉપગારો,
કદી ન ભુલું ગુણ પ્રભુ મુને તારો. પ્રભુ અરજી.
માગુ કેળવણી આપણી એજ ધારો,
ન આવે કબુદ્ધી કદી દુ:ખ નીવારો,
ઘણા પુન્યના જોરથી દેહ ધર્યો,
રૂડા રામનું નામ તે ના વિસારો. પ્રભુ અરજી.
બે હાથ જોડીને કરો પોકારો,
અરે નીશાળીઓ પ્રભુનાં ચીત ધારો,
કરી સ્મરણ વીદ્યા વધારો,

કીરપારામને પ્રભુજી આપ તારે. પ્રભુ અરજી.

પેટનું પોષણ કરી સ્મરણ કરવું તે પદ.

પેટને અર્થે ફરૂછુરે, પ્રભ સ્મરણ નીત્ય કરૂ છુ. ટેક.
રઠાકુટા સંસારના કરૂંછુ, વિવેકે પ્રભુને ભજુ છુરે. પ્રભુ
પાપી પેટે તે જુગમા ફરૂછુ, ભજન કરીને ઉદર ભરૂછુરે. પ્રભુ.
સરવે સતોને પાયે પડુ છુ, સ્વાનરૂપે પેટ ભરૂછુ. પ્રભુ
તસ્કર વિષેને હુરે તજુંછુ, એવા સત સાથે વસુ છુરે. પ્રભુ.
વેરી રાગા સાથેરે વસુછુ, હુ પ્રભુનુ ધ્યાન ધરૂછુ. પ્રભુ.
કીડીરૂપે હુ જુગમા ફરૂછુ, પગલા હેઠ મોત ગાગુછુ. પ્રભુ
સસાર રહીને ધ્યાન ધરૂછુ, મારા દીલમા હુ ઠરૂછુરે. પ્રભુ.
હવે સરવે ચડેલા માલ ખાઉછુ, પુત્ર થઇને પેટ ભરૂંછુ. પ્ર
વર વિના જાણુછુ સરવે ભુચુ, હુ કર જોડીને કહુ છુરે. પ્ર
રામ નામ વિનારે લાગે ઓછુ, હુ રામરસ નીત્ય વેચુ છુ. પ્ર.
માતુસ્વરીનુ કહ્યુ કરૂછુ, ઝવેરને પાયે પડુ છુ પ્રભુ
અરજુન ગીતાનો અર્થ કરૂછુ, હુ પ્રભુનુ ધ્યાન ધરૂછુ. પ્ર
પાપી પેટને અર્થે ફરૂછુ, કીરપાના પ્રભુને ભજુ છુ રે. પ્રભુ

ભજન.

નિત્ય બોલે તું સસ્કૃત વાણી, દયાની વાત ન જાણીરે.
પાપની થેલી હરાગી ટેક.
ન્યાત જાતમા જોર કરે તાણી, પરમારથની વાત ન જાણીરે. પા.

કરે વેપાર દાણાના જાણી જાણી, અસખ્ય જીવની કરે તું હાની. પાપ.
કદી સુણે નહિ સતોની વાણી, તું ગરવ કરે ઘણો પ્રાણીરે. પા.
દ્રવ્ય કાજે તું જોર કરે પ્રાણી, તુંને જમડા જાશે તાણી. પા
રાજ્ય દરબારે માન તારે પ્રાણી, કરમ ધરમનું ન ભર્યુ પ્રાણીરી. પાપ
દ્વારે આવ્યા વિપ્રો દયા ન જાણી. તેને નહિ પાચુ તં પાણીરે પા.
કિરતી કાજે વાપર તું પ્રાણી, તેમા નવાઇ શુ કહેવાણીરે પા.
લોકો કાજે તું ન કરે પ્રાણી, એઠો અધર્મનુ તીલક તાણીરે.પા
સાધુ બ્રાહ્મણ આવ્યા કર્મ જાણી, તેને કાઢી મુકે શુ પ્રાણીરે.પા.
નહિ કરરે અધર્મની નિશાની, કિરપારામની સુણજો વાણીરે.પા

એહી દુખ મેરા હરોરે હરો, આદેશર બાબા કેસરીયા બાબા એહી. ૧
કેસર ચદન ઓર કસ્તુરી, ભાવી બરાસકી પુજા કરોરે કરો. ૨
વિવિધ પ્રકારકે ભાવી પુષ્પ મગવાવકે, મેરા પ્રભુજીકે આગે ધરોરે ધરો. ૩
મન માને ચેસી આગી બનાઉ, મેરા પ્રભુજીકે ચરણમે શીષ ધરોરે ધરો ૪
પચ રગકે હાર બનાયકે, જુગતેસી બાહુ ભરોરે ભરો ૫

જ્ઞાન ધ્યાન ગુણ ગાન કરોરે, ભાઇયો રખડત કાયકુ ફીરોરે
ફીરો. ૬

દોહી કર જોડી કહે કીરપારામ, જગડીયામે તેરો નામ ધરોરે
ધરો. ૭

પાણીકી દેહ વિષે પદ.

પાનીકી દેહ બની સમજ નર મેરા,
કર સ્મરણ મીટે જન્મ મરણ દુઃખ તેરા ટેક.
પાનીકે હાથી ઘોડે રાણા રંક રાયા,
સહુ જાનવરકી તો બનીગઈ સબ માયા પાનીકી.
પાનીકે પત્થર ઝાડકો સબ માયા,
રામ રસ તે તો કોઇ એકે વીરલે પાયા. પાનીકી.
પાનીકે આકાશ સ્વર્ગ મૃત્યુ પાતાલ બનાયા,
તું સ્મરણ કર લે ઓહી પ્રભુકી માયા. પાનીકી
પાનીકી ચાર વરણ ઉત્તમ બનાયા
કર સ્મરણ તું રે જમીનપે દુધ જમાયા. પાનીકી
પાનીકી સબ નદીઓ સમુદ્ર ભરાયા,
પાનીકી તો બની જંગલકી માયા. પાનીકી.
પાનીકી સબ માયા પ્રભુને બનાયા,
કાચકી હાડી ફુટ ગઈ તો મનુષ્યા દેહી એળે ગમાયા. પા.
સુક્રીત કરકે સ્મરણ કર લે ફોગટ ફંદમે આયા.
કીરપારામકી અકકલ કર લે, કાળ ફાંસામે ક્યું ભરાયા. પા.

(વખડાં પીધાંરે જાણી જાણી. એ દેશી. ભજન.

કેના આગળ કરૂ રે પોકાર, પ્રભુ વિના કેના આગળ કરૂં રે
પોકાર. ટેક.

કરેલા કર્મ પાપી ભોગવવા લાખ રે,
અરે તેમા ચદ સુર્યની સાખ રે. પ્રભુ.
મોટા મોટા ગ્રથ તું તો વાચીને થાકયો રે,
ધીક ધીક દયાનો રસ ન ચાખ્યો રે. પ્રભુ.
જુવાનીના જોરમા મલકાતા ફરો રે,
સમજી જાઓને પાપ શુ કરો રે. પ્રભુ.
સત સમાગમ કરી સુખી તમો થાઓ રે,
પ્રભુ સ્મરણ નિત્ય કરો ઓરે. પ્રભુ.
જોત જોતામા દેહ તારો જાયરે,
તું પાછળથી પસ્તાયોરે. પ્રભુ.
પોકાર કરી પ્રાણી તમને સમજાવું રે,
હુ તો નિત્ય પ્રભુના ગુણ ગાવું રે. પ્રભુ.
જોષ જોયામા તો જરા નથી ખામી રે,
પુન્ય વિના રીસાણા અતરજામી રે. પ્રભુ.
રાત દિવસ સતો પ્રભુ ગુણ ગાવો રે.
અરે તુમે પ્રેમના પ્યાલા પાવો રે. પ્રભુ.
મનુષ્ય દેહિ ઘડયો પ્રભુ ગુણ ગાવા રે,
સતો સમરો પ્રભુને સુખ થાવા રે. પ્રભુ.

સગુ સહોદર કુકુંબ પરિવાર રે,
પ્રભુ નામ વિના કોણુ તારે રે. પ્રભુ.
પ્રભુના ભજન વિના દિલ મારૂ દાઝેરે,
પ્રભુ કિરપાને આપો સુખ રાજ રે. પ્રભુ.

ભજન.

ખોલ ગુગટમે લપેટ લગી હૈ ગુરૂ ભજનકી ચતુરાઇ,
ત્રિભોવનમે તો પડયા ઉજાલા નાભી સાહેબકી બાદસાહી.
જુઠે જીકરમે ગાફલ બદે પલ ઘડી આયે સુનનેકી,
યેસી નર તન પાયારે બાબા ખેર ખેર નહિ અવનેકી
ઇસ ખાતરસે હુશિયાર રહેના બાતા સુન લે સતનકી.
ઘડી દો ઘડી ખેર દુપેરે આખર હૈ ધુલ મીલનેકી
સુને સવાયે હૈ ચતુરાઈ એક સાહેબકા મહેલ ખરા,
તિનસેં સાઠ જંજીરો યારો નિરાધાર ખુબ જોડ જોડયા.
ગઇબી હુન્નર બીન બજાવત બીચમે બાજત ચોગડા.
કોઈ એક સાધુ વિરલા જાને ચીત ચેતનમે જોડ જોડયા.
ખોદા તાલ તલકસી ઉપર સાહેબકા હૈ રમના.
દીલ હે દરયા મન હૈ મકકા બીચમે બહેતી ગગા જમુના,
ભમર ગુફામે તાર તુટે અસલ પાક મોતી દાણા.
જીનને પાયા ઉનને પાયા જુઠા હે સારા રમના,
નાથ ગોપાલા દીનદયાલા ઓહી હમારા પીર મોલા,
દયા ધર્મસે દરદને મારો, ફકીર કીયા ભટ ગોપાલા,

અલક નિરંજન સમાધી આરો, સબ ઘટમે ઇલેઇલા
જનમ મરણુ કુછ દરદ ન જાણે. જુઠા બહુ કૈં જન માલા.
ખોલ ગુગટ.

મન મેલી સ્મરણ કરવા વિષે પદ.

તુ સ્મરણુ કર મન મેલીરે, વાત કહુ શુ છેલી. ટેક
ઉચી મેડી જાવુ મેલીરે, વાત. ભાત ભાતેથી રંગીલીરે. વા.
તારે તો જાવુ મેલીરે, વાત. હુથીઆરો સર્વ મેલીરે. વાત.
ગજ અંબાડી જાવુ મેલીરે, વાત એચીંતુ જાવુ ચાલીરે. વા.
તું ઠકરાઇ ન કર ઠાલીરે, વાત. તું મમત ન કર વાલીરે. વાત.
દ્રવ્ય સર્વ જાવુ મેલીરે, વાત. તું મુરખ શું ગયો ફુલીરે. વા.
ઇંદ્રાસન જાવુ મેલીરે, વાત. સુત દારા જાવું મેલીરે. વાત.
ગોકુળીઉ જાવુ મેલીરે, વાત સાથે નહી આવે કંઈ ઠેલીરે. વા.
તું ગર્વ ન કર ઠાલીરે, વાત. રાજપાટને જાવું મેલીરે. વાત
ઘર ધંધો કર મન મેલીરે, વાત. મુખે રામ રામ બોલીરે વા.
કુડ કપટ દે તું મેલીરે, વાત. અંતરનો પડદો ખોલીરે. વાત.
તમો તાળી પાડો મન મેલીરે, વાત. પ્રવૃતીને દો ઠેલીરે. વા.
નિવૃતી કરો વાલીરે, વાત. તે નાર છે રંગલીરે. વાત.
તેની સાથે લો તમે ખેલીરે, વાત. તે ઇંદ્રાપુરીમાં ચાલીરે. વા.
દેવશંકર ભજ મન મેલીરે, વાત. તુંને અંતે કોણ થાય
બેલીરે. વાત.
મુરખ જાવું સર્વ મેલીરે, વાત. ભોજન સર્વ મેલીરે. વાત.

તમો ધર્મની ભરો પાલીરે, વાત. જ્ઞાન તરવાર લોને ઝાલીરે વા.
બાગ બગીચા જાઉ મેલીરે, વાત. ઘરબાર સર્વે મેલીરે. વાત.
આ અમૃત જેવી બોલીરે, વાત. કીરપાને જાવુ મેલીરે વાત.

ઉડી જાવા વિષે પદ.

અમો વેવારીઆ શ્રી રામ નામના. એ દેશી.

ઉડી ઉડી ઓચોતો જીવ ઉડી જાશે,
તારા મનનું ધારેલુ ધુળ થાશે. એ ટેક.
જોતા જોતામા દહડા પૂગ થાશે,
તારૂ આયુષ્ય મુરખા પૂરૂ થાશે. ઉડી.
તારૂ મેળવેલું સરવે લોક ખાશે,
થયુ મરણ પોતાનો જીવ જાશે. ઉડી.
તારા મરણની સામગ્રી થાય છે,
અડશો અડશો અભડાશો પ્રાણી જાય છે. ઉડી.
સ્વાર્થનું સગુ તે વેરી થાય છે,
જોતા જોતામા જીવડો ઉડી જાય છે. ઉડી
કાઢો કાઢો સહુ કહે વાર થાય છે,
આ તો ઠાઠડી ઉપર ઘણો ભાર થાય છે. ઉડી.
પુણ્ય જોગે ઉપાડનાર ભેગા થાય છે,
નહી તો માટી તારી જાનવર ખાય છે. ઉડી.
ઘણે ઠેકાણે મુડદાની સમેધ થાય છે,
ના જડે તો જનાવર ખાય છે. ઉડી.

મુડદું જડે તો ઘરનાતી ધાય છે,
પ્રસંગે તે તો ખોદી ઘલાય છે. ઉડી.
જીવ કાઢીને જમડા લઇ જાય છે,
ધરમરાજા પાસે ઇનસાફ થાય છે. ઉડી.
સર્વે ઉપાડી ઠાઠડી સ્મશાને જાય છે,
ખડકી ચેહ પછી આગ દેવાય છે. ઉડી.
નાશ નાશ પ્રાણી આ અંગ આવે,
વહીવટ પ્રમાણે ભાષણ થાય છે. ઉડી.
દઇ ધૃતને રોતા રોતા જાય છે,
જાય રોનાર ઘેરે ને રાખ ઉડી જાય છે. ઉડી.
પાપ પુણ્ય તે સર્વે સાથે થાય છે,
ગોકુળીયું મૂકીને જીવ જાય છે. ઉડી.
સુખની વેળાએ સૌ સગું થાય છે,
અંતકાળે તે તો નાશી જાય છે ઉડી.
સર્વ પ્રભુ ભજીલો ભાઈ વાર થાય છે,
કીરપારામના મન આનદ થાય છે. ઉડી.

રાગ ઉપરનો.

રાખો રાખો રાખોરે રગ રાખોજી, ગુણકાત પ્રભુના રસ ચાખોજી. ટેક.

કાયા મોલ બનાવ્યો મોટોજી,માંહી નાચનારો પડી ગયો ખોટોજી
મનુષ્ય દેહ નહી આવે પાછોજી, સંત સમાગમ કરી નાચોજી.રા.

વાતો વાતોમાં તરવાર તાણોજી, દાન કરી દેહીનાં સુખ માણોજી.
એક દહાડો તે વા વહી જાશેજી, કરો સ્મરણ રાખ ઉડી જાશેજી.
મુખ આપ્યું પ્રભુ ગુણ ગાવાજી, જીભ આપી તે રામ રામ કરવાજી
આંખો આપી તે દર્શન કરવાજી, જન્મો જન્મના દુઃખ હરવાજી
હાથ આપ્યા તે દાન કરવાજી, મુસ્તક આપ્યું પ્રભુને નમવાજી રા
જુદી જુદી બતાવી કેવી નાતોજી, પ્રભુ મનુષ્યા દેહી નહી
આવે આ તો જી. રા.
ફોગટ ફંદની મૂકજો વાતોજી, ઓચી તી થાશે ઘાતોજી. રા.
જન્મ મરણના દુંખ કાઢોજી, ઢાલ તલવાર પાસે રાખોજી. રા.
ચાખો ચાખો પ્રભુનો રસ ચાખોજી, ડીરપારામના પ્રભુને
પાસે રાખોજી. રા.

રાગ ઉપરનો.

જાવુ જાવું મેલી તારે નિશ્ચય જાવું. ટેક.
સંસારમા પાછુ તારે નથી આવવું,
સંસારનું સુખ તારે નથી ભાળવુ. જાવુ જાવુ.
રાજ પાટને સરવે મેલી જાવુ,
હસ્તિ ઘોડાનુ સુખ તારે નથી ભાળવુ. જાવું જાવુ.
ઘણી ગાડી ઉપર તારે નથી ફરવું,
આખર પ્રભુના નામે તરવું. જાવુ જાવુ.
મા બાપનું સુખ તારે નથી ભાળવું,
રણ વગડામા તો તારે ફરવું. જાવું જાવુ.

કુટંબ કબીલો મેલી તારે જાવું,
તહાં જઇને તારે કઇ નથી ભાળવું. જાવું જાવુ.
માલ ખજાના સર્વે મેલી જાવું,
રામ નામ વિના શુ પેટ ભરવું. જાવું જાવુ.
સોનું રૂપુ મેલી ભાઈ તારે જાવુ,
હીરા માણેક સર્વ મેલી તારે જાવુ. જાવું જાવુ.
મેલી ગાદીઆ તકીઆ પલંગ જાવું,
તેમા નથી સાથે કોઇને આવવું. જાવું જાવુ.
સુખ દુઃખ પડે તો નહિ ડરવું,
એક ચિત્તે પ્રભુનું ધ્યાન ધરવુ. જાવું. જાવું.
નાના વિધિના પકવાન શુ કરવું,
તારે પ્રભુ નામ સમરણ કરવુ. જાવું જાવું.
સુખ દુ.ખના જોડલે અનુસરવું,
રામ નામ તારે નિત્ય ઉચરવું. જાવું જાવું.
રામ નામનું તીલક તારે કરવુ,
સ્નેહ સાચો ધરી જુગમા ફરવું. જાવું જાવું.
જ્ઞાન ઘડુલે તારે પાણી ભરવું,
કીરપારામની સાથે તારે રામ રામ કરવું. જાવું જાવું.

રાગ ઉપરનો.

જાશે જાશે તારી જુવાની જાતી રહેશે,
તારૂ અંત્યે બેલી ભુંઠા કોણ થાશે. ટેક.

તારા ભાઈબંધ દોસ્તાર જુદા પડશે,
તેને મેલી જીવ એકલો જાશે. જાશે
ઘણી છાતી કાઢી જોરમા જાય છે,
હાથે કરીને શુ અલ્યા માર ખાય છે. જાશે.
ભાત ભાતના પકવાન ખવાઇ જાય છે,
પ્રભુ ગુણ ગાતા તારી જીભ દુઃખાય છે. જાશે.
જાત જાતના કપડા શીવાઇ જાય છે,
પ્રભુ ગુણ ગાતા તુંને ટહાડ વાય છે. જાશે.
પચ રગી પાઘડી રગાઇ જાય છે,
પ્રભુ ગુણ ગાતા આળસ થાય છે. જાશે.
નવા નવા તે ઢોલીઆ બીછાઇ જાય છે,
પ્રભુ સ્મરણમા મન ધુળ થાય છે. જાશે
નવા નવા તે જુગટાના ઠાઠ થાય છે,
રામ રામ કરવાનુ નાશી જાય છે. જાશે.
વાતવાતમા તારે લડાઇ થાય છે,
બોલવા ચાલવાની તારે વરણાગી થાય છે. જાશે.
હાથે આવેલું રત્ન ખોવાઈ જાય છે,
પ્રભુ સ્મરણમા તારે મરણ થાય છે. જાશે
નવી નવી હવેલીઓ બધાઇ જાય છે,
તેમા પહોઢનારો તો મરી જાય છે. જાશે.
ઘોડા ગાડીઓમાં બેસવાનો શોખ થાય છે,

સુળીએ ચઢવાનુ ભુલી જાય છે. જાશે.
રડીબાજી કરીને ઘણો માર ખાય છે,
પછી પાછળથી તું જુતીઆ ખાય છે. જાશે.
રાગ રંગમા ઘણો માતો થાય છે,
દુષ્ટ ખેલ જોવામા તારૂ મન થાય છે. જાશે.
ઘણા હથીયારો બાધવાનો શોખ થાય છે,
પ્રભુ સ્મરણમા તારો જીવ જાય છે જાશે.
ફીરપારામની શીખામણ ફોગટ જાય છે,
પ્રભુ સ્મરણમા તુંને ગેગ છે. જાશે.

તારૂં કલ્યાણ નરનારી કેમ થાયે. ટેક.
કહે સતો પરમારથ ન થાય, તેનુ સાધન સર્વે ખોટુ થાય.તા.
ઘણા ઠેકાણે બ્રહ્મ ભોજન થાય, આવેલો ટેલીઓ પાછો જાય.તા.
નાહી ધોઇને નીત્ય મદિર જાયે, ચપટી નાખવામા તારો
જીવ જાયે. તારૂ.
સધ્યા પાઠના ઘણા ઠાઠ થાયે, દયા ધરમનુ મુલ તો ન થાયે.તા.
લોકોને સમજાવી લુટી ખાય, પરમારથમા તું દુખી થાય. તા.
કોઇ પુન્ય કરે તેમા આડો થાય, ફીરપારામ કહે નરકે જાય.તા

મુકો મુકો હમારાંરે ચીરે એ દેશી.

મુકો મુકો હમારારે ચીરે, પ્રભુ સગીરે નણદલના વીરરે. ટેક
પ્રભુ લાજ તમોને નહિ આવે, જોર કરે તે શુ કામ આવે.સુ.

ધાર્યું કામ તમારૂં ન થાય, જાણે લોક તો લાજજ જાયરે. મુ.
પ્રભુ માયા તમારી મેં જાણી, વાર થાય ભરવા જાવુ પાણીરે.મુ.
પ્રભુ ગોવ દોણી વાર થાયે, જાણે સાસુ હમારી જીવ જાયરે. મુ.
પ્રભુ થાવો તમો જરા થીર, કહો તો પાવું જરા નીરરે. મુ.
અનેક રૂપ ધરીને કરો માયા, અમને લાગી તમારી માયારે.મુ.
ધન્ય ધન્ય તમારીરે માયા, અમને પડી તમારી છાયારે. મુ.
પ્રભુ તરણાનો મેરૂ કરેરે, પ્રભુ ગોપીઓથી ન ડરેરે. મુકો.
સર્વે ગોપીઓ કરે છે વિચાર, પ્રભુ એક વાતે ન હારેરે. મુકો.
અન્યોઅન્ય ગોપીઓ સમજી જાય, કીરપારામને હરખ ન માયરે. મુકો.

રાગ ઉપરનો.

કાનુડે હસવું કીધુરે, ગોપીઓનુ મન હરી લીધુ. ટેક.
વૃંદાવનમા રાસ રમાડે, સોળસે ગોપીઓને મોહ પમાડે. કા.
મારો વહાલો કદમ ચડી બેઠા, કહે રાધાજી ઉતરો હેઠારે કા.
વૃંદાવનમા તે વાસળી વગાડી, સર્વે ગોપીઓને મોહ પમાડી. કા.
જીમનાજીમા તે કુદકા મારે, તેની લીલા તે અપર પારરે. કા.
મારો વ્હાલો માખણ ચોરી ખાય, ગોપીઓને મારવા જાયરે કા.
મારો વ્હાલોજી ગૌવો નીત્ય ચારે, જીમનાજીને આરેરે. કા.
માથે મુગટ ને કુંડળ ઝળકે, ગોપીઓનુ મન હરખેરે. કા.
ગોપીઓ માર ખાઇને ખુશી થાયે, તે હસતી હસતી જાયરે.કા
વ્હાલો ગોપીઓને સાથે રાસ ગાયે, કાનાને હરખ ન માયેરે.કા.

પ્રભુની લીલાનો નથીરે પાર, જ્ઞાની લોકો ચીત્ત ધારેરે. કા૦
કહે ગોપીઓને ઘુઘરા ઘાલો, મારો હાથ તમે ઝાલોરે. કા.
ગોપી સર્વે તે ઠમ ઠમ નાચે, કહાનાની પુરે આશરે કાનુડે.
પ્રભુની લીલા તે કહી ન જાયે, કારપાને હરખ ન માયરે. કા.

ચામડાની દેહ વિષે ભજન

તું ચામડેકા પુરૂષ ભજન કરરે, ભજન કરરે ગર્વ ન કરરે. તું.
ચામડેકી હાથી ઘોડે મનુષ્યકી સબ માયા,
કાચા કુંભ ફુટ ગયા તો ઉડી ગઈ તેરી માયારે. તું
સહુ જાનવર સુગંધી કાગા તળ મુત્રકી માયા,
જવાનીમે અંધા હુવા તો લઇ ગયા જમરાયારે. તુ.
ચામડેકી કાયા તેરી ગંધીલી સબ કાયા,
પવન વેગે ઉડ ગઈ તો જુવાનીમા આગ લગાયારે. તું.
ચામડેકા ઢોલક મૃદંગ છત્રી રાગ મીલાયા,
સબ જાનવરોને ગાયન ગાયા જુઠી તેરી માયારે. તું.
વાકો મહેલી છોગલા ને દર્પગુની કરે માયા,
પંચઈંદ્રીકુ ઘેર લીયા તો લુટ ગઇ તેરી માયારે. તું.
સહુ જાનવર કામમે આવે દુરગંધી તેરી કાયા,
પાણીકા પરપોટા ફુટ ગયા તો પંખી કેરી નહી ખાયારે. તું.
ચામડેકી સહુ માયારે વીરલા કોઇક કમાયા,
ચેતન વાલા ચેત ગયા તે બહુ ધન કમાયારે. તું.
લક્ષ ચોરાસી ફીરકર આયા અવચીત નર્તન પાયા,

શ્વાસકી પુલી લાગ રહી તો ફોગટ ફદમે ધાયારે. તું.
તન ધનકા ગુમાન ન કર રંગ પતગકી માયા,
લંકા સારી લુટ લઇ તો પીછેથી પસ્તાયા. તું.
છાતી કાઢે જોરમે ને રામ રસ નહિ પાયા,
દશ દરવાજા ઘેર લીયે તો કહાં ગઇ તેરી કાયારે. તું
દોહી બાતસે ડર લે પ્રાણી સતનકી કર માયા,
દોહી અક્ષરકા રસ પીએ તો ધન ધન તેરી માયારે. તુ.
પાપ પુણ્યસે સમજે નહિ ને જુવાનીકી કરે માય,
રાખમે રાખ ઉડ ગઇ તો કહા ગઇ તેરી કાયારે. તું.
પચ તત્વકા મહેલ બનાયા ત્રીગુણી કરી માયા
સ્મરણ કરવા બહાર પડા તો ભુલ ગયા ઉદરકી માયારે. તું.
ધર્મરાયકા નોકર આયા હીસાબ લેનેકુ આયા,
હીસાબમે તો ખોટ ગઈ તો અમુલ્ય હીરલા ગુમાયારે. તું.
પીગળ વ્યાકરણ સંસ્કૃત નહિ પ્રભુસે ધ્યાન લગાયા,
પ્રભુ નામકા તાર મીલાયા પડ ગઇ મુજકુ છાયારે તું.
સરસ ભજનમે ગાયન ગાયા કીરપારામકી માયા,
અંતરકા પડદા ખોલ દેવે તો પેટ ભરી મે ખાયારે. તું.

પ્રાણી તું તો શીદને ઘડાવે ઘરેણુ એ રાગ.

માયામા જીવડા શું રે ગયો લલચાઇ, તારી કોણ ખાશે
લ્યા કમાઇ. માયામા
ઘણું ધન મેળવ્યું કમાઇ, તારા સાથે નહી આવે પાઇ. મા

ખોટા કરમોની મેડીયો બંધાઈ, તેમા પેદનારો નાસી જાશે
ભાઇ. માયામાં
પુન્ય જોગે રાજ કરો ભાઇ, પુન્ય વિના તે નરક ગતી થાઇ. મા.
હાથી ઘોડામા ખરચ કરો ભાઈ, પુન્ય માર્ગે ન વાપરી પાઇ. મા.
ઘણું દુ ખ વેઠયાની કમાઇ લુ ટનારા લુ ટી જાશે મારા ભાઇ. મા.
સંત સંગત કદી નહિ પાઇ, નીત્ય દુનીયામા કરે તું વડાઇ. મા.
સાધુ સતોની વાત ઉડાઇ, તે તો ગણી કરી ભુંડાઇ. માયા.
હજારો કેસ જીતી આયો ભાઇ, જરી મનમા દયા નહિ આઇ. મા.
ધન કાજે ભરમાણો ભાઈ, દાન કરવાની ગતી નહિ પાઈ. મા.
સુખી થવાની ગતી નહિ પાઇ, જાશે હાથ ઘસતો તું ભાઇ મા.
ઘણા પાપોની કોઠીઓ ભરાઇ, વૈતરણીમા જાવુ તણાઇ. માયા.
શક્તિ સારનું દાન કરો ભાઇ, કીરપારામની શીખામણ ભાઈ. મા.

રાગ ઉપરનો.

માયાનુ ઝેર પીધું રે મુર્ખ પ્રાણી. એ ટેક.
શુ કરવા કરૂં વેરરે. મુ પ્રા. જન્મીને શુ કરે કેરરે. મુ. પ્રા.
જુઠી તે માયા ઘેરેરે મુ પ્રા ગુરૂનો સગ ન કરેરે મુ પ્રા.
તું નુઘરો થઇને ફરેરે. મુ પ્રા. પત્થર તો કોરો ને કોરોરે. મુ પ્રા.
કાજળનું ઘર ભારીરે મુ.પ્રા તું મોહી રહ્યો પરનારીરે. મુ,પ્રા.
નરકની ગતિ તારીરે મુ પ્રા. દુધમા કોયલા ધુવેરે. મુ.પ્રા.
તું હાથે કરીને રૂવેરે. મુ.પ્રા. પાણીમા અડદ ધુવેરે. મુ. પ્રા.
તુને અકકલ આવે મુવેરે. મુ.પ્રા. કાળી તે ભાત પાડીરે. મુ.પ્રા.

તે ધોળી ન થાય સાડીરે. મુ પ્રા. કાયાની કેવી વાડીરે મુ.પ્રા. પાપી તે જીવે બગાડીરે. મુ.પ્રા. પેટમા ભરી લાળારે. મુ.પ્રા. તેં ફેરવી જુઠી માળારે મુ.પ્રા. લાગ્યો છે રગ પતગીરે. મુ.પ્રા. વિષયમા થઇ ગયો ભગીરે. મુ.પ્રા. કુડા તે આળ ચડાવીરે. મુ.પ્રા. નિવૃત્તિ ન બોલાવીરે, મુ.પ્રા. માબાપને સતાપીરે, મુ પ્રા. દુનિયામા થયોરે પાપીરે, મુ પ્રા. પારકી થાપણુ રાખીરે, મુ.પ્રા. જમડાની બીક ન રાખીરે, મુ.પ્રા સગાને લીધા લૂટીરે, મુ પ્રા. તારી તો શ્રદ્ધા તુટીરે, મુ પ્રા. તેં અતરે ન જોયુંરે, મુ.પ્રા. જડેલું રત્ન ખોયુંરે, મુ.પ્રા. રાજ્યમા માન તારેરે, મુ પ્રા. તુને પ્રભુ વિના કોણુ તારેરે, મુ.પ્રા. પુન્યની રીતન જાણીરે.મુ.પ્રા. તે જરા દયા ન આણીરે, મુ.પ્રા મરણુની બીક ન રાખીરે.મુ.પ્રા. હીરાને દીધો નાખીરે, મુ.પ્રા. તું લક્ષચોરાશી ફરીરે, મુ.પ્રા. પુન્યથી દેહ ધરીરે, મુ પ્રા. તું ચેતી લેનેરે પ્રાણીરે, મુ.પ્રા આખર તો મોત નિશાનીરે, મુ.પ્રા. અભિમાન કરે શુ પ્રાણીરે.મુ. રાવણુનુ ઉતર્યુ પાણીરે, મુ પ્રા. કીરપાના રાગ તાણીરે, મુ પ્રા. તું સ્મરણુ કરને પ્રાણીરે. મુરખ પ્રાણી.

ભક્તિ વીશે કવીતા.

ભક્તિ તરવારની ધાર પાપી, મનમા તુ વિચાર. ટેક.
તારા નેત્રનું ઝેર અપાર, સુરદાસે આખો ફોડી તે વાર. પાપી.
વિક્રમે ઉપકાર કર્યારે હજાર, મોટો ભોરીગ પેટ નાખ્યો નિરધાર. પાપી.

પીગળા રાણી કપટનો ભાર, ભરતે છોડી દીધો સંસાર. પા.
મરી ગયો ઉંટ જે વાર, ગોપીચંદે રાજ્ય તજ્યું તે વાર.પા.
મછંદરને ડર લાગ્યા જે વાર, ગોરખે સોનાઈટ ફેંકી નીરધાર.પા.
હરીશ્ચંદ્રને દુઃખનો નથી પાર,સ્મશાને ડાકણ ઠરાવી નીરધાર.પા.
મીરા મારી નાખી જે વાર, અનેક રૂપ કર્યા નિરધાર. પાપી.
નરસી મેતાને દુઃખ અપાર, પ્રભુએ હાર નાખ્યો નીરધાર.પા.
મયુરધ્વજને પ્રભુનો આધાર, સુત પત્ની વહેરે જે વાર પા.
પ્રલ્હાદને મારે તરવાર, હીરણ્યાક્ષ ચીર્યો નીરધાર. પાપી.
પર સ્ત્રી ચોરીનો વ્યવહાર, પરમારથ તે તરવાનો આધાર. પા.
અનેક ભકતોને દુઃખનો ન પાર, શરીર અપણ કીધા નીરધાર.પા
ીરપારામનો જુઠો સંસાર, દેવશંકર પ્રભુને તું ધાર. પાપી.

(પદ ૧૪ મું રાગ ઉપરનો.)

ઓ પ્રાણી તું તો શીદને ઘડાવે ઘરણું, અકસ્માત થશે તારૂં
મરણુ. એ ટેક.

હીરા પના તારે સંગ ન આવેરે કંઈ નાણુ,
કુડ કપટ તારે સંગ ફરે છે મનુષાદેહીનું ન મળે ટાણું ઓ.
સોનું રૂપુ તારે કામ ન આવેરે ચાર દિવસનું પરોણુ,
વારેવારે તને સંત સમજાવેરે સાથે ન આવે એક તરણુ. ઓ
રામ નામનું ઘરણુ ઘડી લે ઓચીંતું થાશે તારૂં મરણું. ઓ.
ઘઉંરે ચોખા સરખો સ્વાદ મેલીને કુશકનું દળે દળણુ,
ચકલા સુધી તુંને સહુ વળાવે સ્મશાનમાં કાઢી લેશે ઘરણું.ઓ.

મુઆ પછે જીવ ઘણો પસ્તાએરે, કાઇ ન ભર્યું તે ભરણું,
ફીરપારામ કહે ચેતી લે તો રામનું થાશે શરણુ એ પ્રાણી.

(પદ ૧૫ મું રાગ લાવણી.)

રામ મત્ર જપી જાણ, અરે પ્રાણી રામ મંત્ર જાણ. ટેક.
પહેલી તું કરલે સદ્દગુરૂ સગત, બીજી શેવા માત પીતારે
એધાણ. અરે.
ઘરમા હોય તો કર લે દાન તું નહિતો કર પર ઉપગારની ખાણ.અ.
નિદા મત કરે કોઇ દેવકી, ભજલે સર્વે દેવ મુખે પ્રાણ. અ.
જાુઠ બાત કોઇકી ન કરનારે, કલક કોઇકુ ન દોરે પ્રાણ. અ.
પડીત હોકર ભેદ તું પાલે, દયા ધરમ ઢાલ ધરીલો નિશાન અ.
એટલી વાત મન ધારીને, પછી ભજ રામ નામ નિરવાણ.અ.
વારેવારે શુ સત સમજાવેરે, નહિ તો તારી પડીતાઇ
ધુળધાણ. અરે.
ફીરપારામ બે હાથ જોડકે પ્રભુ ભજન કરે ગીરવાણ. અરે.

પદ ૧૬ મું રાગ લાવણીનો

પ્રભુની પ્રીત નવ જાણી, વહાલારે મોરા પ્રભુની પ્રીત નવ જાણી.
તારા માથે આવી પડી મોતની નીશાની, વહાલારે મારા પ્રભુજી
ની પ્રીત નવ જાણી. ટેક.
માયા ધુનમાં શુ રચ્યો માણીરે,
તને ઓચીતું પુર જાશે તાણી. વહાલારે.
મુદત થાય ત્યારે પ્રભુ જાય તાણીરે,

પછી પીવા નહિ મળે એક લોટો પાણી. વહાલારે.
અંતે તારા ઉપર દયા ઘણી આણીરે,
તોય નીવૃત્તિતણી વાત નવ જાણી. વહાલારે.
ઘણા ઘણા દ્રવ્યોની તારે પ્રીત બંધાણીરે,
ઉપકાર કર્યો ત્યારે ભુલી ગયો સ્મરણુની એધાની. વા.
માર્ગે પડવાની કહું શું નીશાનીરે,
કીરપારામ શ્વાનરૂપે અનુસરે સમજ સમજ મુરખ પ્રાણીરે વા

પદ ૧૭ મું રાગ લાવણીનો.

દુનીઆમા નથી જીતાવુંરે સ્મરણ કરજો,
સ્મરણ કરજો પ્રભુનું ધ્યાન ધરજો. દુનીઆ. ટેક.
સંસાર રહી સમરવા રામ રામ, નીંદા કરે તેનું ન લેવું નામરે સ્મ
મળી ભકતજનોની સરવ ટોળી, પાપી દુષ્ટ કર્મ ફોડીરે. સ્મ.
કરે કથા કોઇરે જ્ઞાન ભાવે, નીંદા કરે તો નરકે જાવેરે. સ્મ.
જાય દરશન કરવા પ્રેમી જન, પાપી દુષ્ટ વીચારે છે મનરે. સ્મ
દેવા હોય તો દેજોરે દાન, નહી તો ધરો દયાનું ધ્યાનરે. સ્મ.
જાય પ્રેમી જનોરે દાન કરવા, પાપી દુષ્ટ જાય પાપ ભરવારે.સ્મ.
અરે પ્રભુને ભાળે ભકતોનેરે દ્વારે,નરનારી ન મુખે ખાળેરે. સ્મ.
કીરપારામ પ્રભુના ગુણ ગાય, દીન દીન પ્રત્યે આનંદ થાયરે.સ્મ.

પદ ૧૮ મુ. રાગ લાવણીનો.

અવગુણના ભર્યા ભંડારરે, મને પ્રભુ વીના કોણ તારે,
પ્રભુ વીના કોણ તારે, મને પ્રભુ વીના કોણ તારે. ટેક.

પ્રભુ મને મરવાનો ડર માથે ભારી, મને માયા ન લાગે તારીરે.મ.
પ્રભુ હું અંધારે અંધારે ફર્યો, સંસાર અર્થ નવ સર્યોરે મને.
કરી સંસારમાં નીંદા ભારી, હવે મને કોણ લેશે ઉગારીરે મને.
પ્રભુ હું સંસારમા ગયો ફુલી, તારૂ સ્મરણ ગયો ભૂલીરે. મને.
પ્રભુ મેં નહીરે કરવાના કામ કીધાં, મે દુઃખડા માગી લીધાંરે.મ.
પ્રભુ મારે માથે ચોરાશીનો ડર, તુમ વીના દુઃખ કોણ હરેરે.મ.
પ્રભુ મે સંસારનું ઝેર પીધુ ઘોળી, મે અમૃત નાખ્યું ઢોળીરે.મ.
કીરપારામ સંસાર ભટકી થાકયો, મે પ્રેમરસ નવ ચાખ્યોરે.મ.

પદ ૧૯ મું રાગ ઉપરનો

પ્રભુજી વારે ચડજો અંતરજામી, અંતરજામી સર્વેના વિસ-
રામીરે. ટેક.

પ્રભુ સ્મરણમા થયોરે હરામી,
જન્મ વૃથા ગુમાવ્યો મનુષ્યા દેહ પામી. અંતર.
પ્રભુ જળે સ્થળે રહ્યારે રમી રમી,
કેમ રીસાણા મારા સ્વામીરે. અંતર.
પ્રભુ મે સંસાર ન સાર જોયે રે,
ભમી ભમી થાકી શોધ કરૂ તુમ ભૂમીરે. અંતર.
પ્રભુ ભકિતમા લાગી ઘણી ખામી,
એવી પાપી હુણ હરામીરે. અંતર.
સુત ગણપત મરણ પામી,
મારા વૈરાગની રીત જામીરે. અંતર.

સુખ દુઃખની વાત વીરામી,
સ્મરણ થવા માંડયું રામરામીરે. અંતર.
પ્રભુ હું માનવ અવતાર પામી,
કીરપાની કીમત એક બદામીરે. અંતર.

પદ ૨૦ મું રાગ લાવણી.

ભક્તોને દુઃખ પડે છેરે લોક કરે વીવાદ,
પાપની પોઠ ભરે છેરે લોક કરે વીવાદ. ટેક.
લોકો કહે ભીખારી જેવો ફરે, તેના ઘરનાં તે શું કરેરે. લો.
લોકો કહે તે પઇસા વગર, બીચારાં ઘરના તે શું કરેરે. લો.
લોકો કહે તે ગાન તાન કરે, તેના ઘરમા વાસ ફરેરે. લો.
લોકો કહે છે રોજ નહાવા જાય, બીચારાં ઘરનાં તે શું ખાયરે.લો.
લોકો કહે કમાવા નથી ભાન, તેનું પ્રભુમા છે ધ્યાનરે. લો.
લોકો કહે રોજ આનું આયે, અમારા કાન ફુટી જાયરે. લો.
છે ભક્ત જગતને ઘણુ વેર, અતે કરશે તે લીલા લહેર.
પ્રભુ આજનું કાલ વિસરી જાય, તમારા નામનો વા વાયરે લો.
કીરપારામ પ્રભુના ગુણુ ગાય, નીંદા કરે તો પેટ ભરાયરે. લો.

પદ ૨૧. રાગ ભજનનો રંગ.

હરીજનો લાવો ભજનમારે રંગ, ખોટી જુવાનીનો થઇ જાશે ભંગ. ટેક.
તજો કુસગી કેરારે સંગ, કુસંગ કરે ભજનમાંરે ભગ. હ.
તજો વિષય કેરારે સગ, વિષય પાડે ભજનમારે ભંગ. હ.

તજો તસ્કર કેરોરે સંગ, તસ્કર પાડે ભજનમાં ભગ. હ.
મન નહી લાવોરે તુરગ, તુરગી પાડે ભજનમાં ભંગ. હ.
ખોટી નહી મારોરે તમે ડીંગ, જ્ઞાની પુરૂષોના કરી લોરે સગ. હ.
કીરપારામને ઘણોરે ઉમગ, પ્રભુ દર્શન આપો મન રંગ. હ.

પદ ૨૨. પ્રભુના વરઘોડાનુ પદ.

અગાડી ચલે રામ રાજા, પીછાડી સતનકી ફોજા.
દેખો ભાઇ વરઘોડાકી મોજા, ગુલાબકી ઝોળી ભરીરે તાજા.
ઉડાવે સબ સંતન રાજા, રંગકી ખુબ બનીરે મોજા.
ઠાઠ સબ મરદંગનાકા આજા, ઝાંઝકી ખુબ બનીરે મોજા.
ફરકે વીઠલકી ધજા, ગાન કરે સબ સંતન રાજા.
ઘુઘરકે ઠમકારા આજા, નાચતા સબ સંતન રાજા.
સંત સબ સત સગતકે રાજા, આવે શીવ શકરકી ફોજા.
ભાવસે ધ્યાન ધરેરે રાજા, જુવો ભાઇ વરઘોડકી મોજા.
ગાન કરે નર નારી આજા, બાજે સબ વાજીત્ર આજા.
દરશન કીરપારામ રીજા, પાપ સબ કટ જાવે મુજા.

પદ ૨૩ મું. રાગ ઝુલણુ.

નાચોજી રંગ રાખોજી, મારા શિવજીના આગળ નાચોજી.
દયા ધર્મના પ્રેમ રસ ચાખોજી, મારા.
ધર્મ કર્મની ધજા બાધોજી, મારા.
એકજ સ્થળે ધ્યાન આસધોજી, માર.
સંસારનાં સુખ દુઃખ રાખોજી, માર.

હરખ શોકમાં પ્રભુનું નામ રાખોજી, મારા.
એ નાળીયારી બંદુક રાખોજી, મારા.
કરો ભજન ક્રોધને બાળી નાખોજી, મારા.
ભજન ભાથાને પાસ રાખોજી, મારા.
રામ નામનાં તીર તમે નાંખોજી, મારા.
કુડ કપટને કાઢી નાંખોજી, મારા.
રામ નામના મેવા ચાખોજી, મારા.
નિવૃત્તિને સાથે રાખોજી, મારા.
કરી સંગત ઠમ ઠમ નાચોજી, મારા.
પંડીત થઈને વિવેક રાખોજી, મારા.
સાધુ બ્રાહ્મણને ચપટી નાખોજી, મારા.
મરણ ડરની બીક તમે રાખોજી, મારા.
કરી ભજન ભઠાકા કામ ક્રોધને બાળી નાંખોજી, મારા.
કીરપારામના વચન તમે ચાખોજી, મારા.

પદ ૨૪ મુ. સાબરમતીના વર્ણનનું પદ.

અગસ્તપુરી આનંદકારી, સાબરમતી જળ વહેતાં ભારી.
રામા. ટેક.
અરવલ્લીથી સાબર આએ, વેગ ચલત બહુ ભારી.
ઉસમે સ્નાન કરે, પાપ કટત તતકાળી. અગસ્ત.
અરવલ્લીકુ વૈદ નહી દેખે, ત્યા આએ રૂષીરાએ,
કાળકા દેવી કરૂણા રે કીજે, મહા બળવંત વીર ભારી. અગ.

ઉચીરે ટેકરી અજબ નમુના, ઉસપર બોરાંકી જારી,
બાજુમે તો બગીચા લગ્યા હે, સામી મુરત બેઉ સારી. અગ.
રાજા પૃથીસંગ રાજ કરત હે, આદીકો અધીકારી,
ઉત્તમ મધ્યમ કનીષ્ટ બસત હે, બસે લોક અઢારી. અગ.
ઉત્તમ જાતિ ઔદિચ બ્રાહ્મણે, એસી હે અડક હમારી,
કેવલ સુત નરભેરામ કહેતહે, સુણી લોને અરજી હમારી. અગ.

વૈરાગ પદ ૨૫ મું દેશી તબુરાની.

ઓ પ્રભુ મારે રામજી, મારી શી ગતિ થાશેજી.
પ્રભુનું નામ તલભાર તે, મે તો કઇ નવ જાણ્યુ જી. ટેક.
કૈરે દીશાથી જીવ આવ્યો, તે મે કઇ નવ જાણ્યુ જી.
કે પેરે જીવડો ઉડી જાશે, ઠાઠ ઠાલા શું માણુજી.
પાપ પુન્યના અરથડા, મે તો જોડી નવ જાણ્યાજી.
કૃપા કરી બતાવો તો, સંતો સતસંગ જાણુજી.
માયાએ મુજનેરે ઝાલીયો, સત્ય નામ ન જાણુંજી.
સંસાર કુપમા બુડી ગયો, તેનું દુઃખ નવ જાણ્યુંજી.
દેશ દેશાતર ભટકી વળ્યો, મારૂ મારૂં કરી માણુજી
દારૂ ભડાકોરે થઇ જાશે, તેનો અરથ નવ જાણુંજી.
ધરમ રાજારે લેખું પુછશે, મરણુ ડર નવ જાણુંજી.
જન્મ મરણનું જોડલું, તેને કળી નવ જાણ્યુંજી.
માના ઉદર પ્રભુએ જાળવ્યો, તેનો અરથ નવ જાણુજી.
પ્રભુનું નામ તો ભુલી ગયો, કર્મ ધર્મ ન જાણુંજી.

જન્મ આપ્યો સારી વર્ણનો, બ્રહ્મ કર્મ નવ જાણુંજી.
વીખરે વલોવીને તાણ્યું મે, ઘણું સુખ કરી માણુંજી.
સુખરે દુઃખના જોડલાં, મન ધરી નવ જાણુંજી.
ભુંડીરે માયાએ મને ભોળવ્યો, મારૂં મારૂં કરી માણ્યુંજી.
હીરા મોતીનારે હારડા, ગળે બાંધી નવ જાણ્યાજી.
કેની માયા ને કેની મુમતા, મારૂં મારૂં કરી જાણ્યુંજી.
અંતકાળે જાવું જીવને એકલુ, મારા મનમાં ન જાણ્યુ જી.
સતોના સગ મેં તો ન કર્યો, મારૂં કર્મ ઘણું હીણુંજી.
સંત સમાગમથી છુટે માયા, તેનો મરમ ન જાણુજી.
જુવાનીના જોરમા મહાલીઓ, સત્ય નામ ન જાણુંજી.
પ્રભુનું નામ તો ભુલી ગયો, મારૂં મન ભરમાણુંજી.
જીવીરે માશીએ રસ્તો બતાવ્યો, ઈઠરગઢ રામદ્વારેજી.
કર સ્મરણુ મન મહેલી તું, તુને રામજી તારેજી.
શીવશંકર ભોળે દયા કરી, તલભાર હુ જાણુજી.
રામ રામરે મુખે ઓચરો, કીરપારામનું નાણુંજી.

પદ ૨૬ મુ. રાગ ઉપરનો.

જીવરે જાશે આકાશમારે ઉડી, સંસાર કુપમાં ગયો શુ બુડી.
જીવ તું તો પરણ્યો રૂપાળી લાડી, રાખમાં રોળાઇ જશે કાયાની વાડી.
જીવરે સંસારમા ચલાવીરે હુંડી, ભરમાણો દશા થઇ ગઇ તારી ભુડી.

જીવરે તુને મળ્યા વેપારીરે કુડી, વિષયમા મીત્રની મળી જોડી.
જીવરે શીવી ગુણુ ધણીરે કુડી, પાપી તેં તો પ્રભુની પ્રીત તોડી.
જીવરે પીલે અમૃત રસ ઘોળી, કીરપાના રામ સાથે ખેલરે હોળી.

પદ ૨૭ મું રાગ ઠુમરી.

એ દુ ખ મેરા હરો રામચદ્રરે બાળા, એ દુ:ખ મેરા હરો. ટેક.
કેસર ચંદન ભરી કસ્તુરી, સ તો વેદકી ધુન્ય કરોરે કરો. એ.
વિવિધ પ્રકારકે પુષ્પ મ ગાવી, મારા પ્રભુજીકે અ ગે ધરોગેધરો.
મન માને એવા વાધા પહેરાવુ, મેરા પ્રભુજીકે ચરણોમે
ચીત્ત ધરોરે ધરો એ.
પચ રંગકે હાર બનાવી, મેરા પ્રભુજીકે ક ઠ ધરોરે ધરો એ.
ધ્યાન ગાન ગુણુ જ્ઞાન કરોરે, સ તો રખડ શુ ફરોરે ફરો. એ.
બે હાથ જોડી કહે કીરપારામ, સ તો રામચદ્રકી શેવા કરોરે કરો.
એ દુ:ખ.

પદ ૨૮ મું રાગ ઉપરનો.

તુમે મત મગરૂણી કરો, જુવાનીકે જોરમા શુરે ફરોરે ફરો.ટેક.
પર નારી મહા નર્કકી ખાણુ, પાપી શુ કરવા ગુમાન કરોરેકરો.તુ.
ચોરી હીંસા ન કરો પ્યારો, વીશ્વાસઘાત કરે કોણુ પતીઆરો
તારો. તુમે.
ઘોડાગે ગાડીમા બેશીને ફરો, દેવ ભુ કાઢવાની લાજ ન ધરો તુ.
ગરીબોને કહે તમે ધીરજ વાળો, પછી દેવ દરશન કરે તે
પ્રાણીનો ખોટો પસારો. તુમે.

કીરપારામ અવગુણ ભર્યોરે, આવા અધર્મ શીદને કરોરે કરે.તુ

પદ ૨૯ મું રાગ લાવણી.

ઓ પ્રભુ મુને રખે કરો રાક, મને ઉપદેશ આપોને કાંક. ટેક.
હુ તો છુરે તમારોરે રાંક, તુમે ક્ષમા કરજો સર્વે મારો વાક ઓ.
મને જ્ઞાન આપો ગીરધારી, હુ તો શેવા કરૂં ઘણી સારી ઓ.
બુદ્ધિ આપોને મુને સારી, તેમા શોભા વધશે તુમારી. ઓ
દોહલી વેળાના દીનારેનાથ, તુમ વીના કોણ મ.રે સાથે. એ.
બાહ્ય ગ્રહી રેજો રામ રામ, થાશે કીરપાનૂં સર્વ કામ. ઓ

પદ ૩૦ મું રાગ ઉ.રનો

આવડો રાક શું થયોરે ભઇ, કર પ્રભુના સાથે મિત્રાઇરે.ટેક.
રામ સમર્યા તે મીરારે બાઇ, રાણો પાછો ગયો પસ્તાઇરે આ.
નરશીમેતાની હુડી શીકારી,કુવરબાઇનાતે હુ.બડા વીડારીરે આ
પ્રભુ વેવાઇ થયારે ધરદારી, રામે કામ કીધા છે ભારીરે. આ
ઘણુ હસે જુનાગઢની નારી, જુનાગઢનુ લોક ગયુ હારીરે આ.
કર્યા અનેક ભકતોના કાજ, આપે કીરપાનો રામ સુખરાજરે.આ.

પદ ૩૧. દેશી ગરબા.

મનડુ મોહ્યુ રે મોહન તારા ચંદમા જો,
તેથી સ્મરણ થાય મારા મનમા જો. ટેક.
પ્રાણનાથરે કરો મુને સહાયતા જો,
માગુ જ્ઞાન દ્રવ્ય સુખ સાયતા જો. મનડું.

વર પરણે છે સહુરે સહુની જાતમા જો,
તેવો સ્નેહ કરોને મારા મનમાં જો:
સ્મરણ માગું છું ઘણુ રે મારા મનમાં જો, મનડું.
હરે પ્રભુ નથી નાખો મુને ફંદમાં જો. મનડુ.
દોહીલી વેળામા સગુંરે નથી સાધવી જો,
હરે પ્રભુ તુમ વિના કોણ થાશે રાજવી જો. મનડું.
હમણા ફરૂછું સસારના હું અકમાં જો,
ક્રોધી જમડા ઘરે જ્યારે કઠમા જો. મનડું.
તે તો ઘણુરે સાલે છે પ્રભુ ડકમા જો,
સ્વાર્થનું સગુ સહુ સંસારમા જો. મનડુ.
પ્રભુ તુમ વીના કોણ ઉતારે ભવ પારમા જો,
નીદા કરે વણુ વાકે સસારમા જો,
તેથી નિર્મળ મન દરબારમા જો. મનડુ
મારા અવગુણ નવ જોશો વાલમા જો,
કીરપાને સેવા આપો હાલ ચાલમા જો. મનડું.

પદ ૯૨ મું રાગ ઉપરનો.

કાયા વાડી કાચીગ મન પ્રાણીઆ જો,
તુ તો રામ સમર લે મસાણીઆ જો. ટેક.
ખાવા જો એ છે મેવા તે દુધપાકના જો.
સ્મસાનમા ઢગલા થાશે રાખના જો. કાયા.
કુંભ ભરીને જાય છે પેલી બેનડી જો,

તેને લાગી ઓચીંતી ઠેસડી જો. કાયા.
કુંભ કુટવાથી રોતી જાય બેનડી જો,
તેવી કાયા વાડી જુઠી જાણવી જો. કાયા.
હરે ગજ ઘોડા ને ચાલે છે ઘણી પાલખી,
તે તો અંત કાળે પ્રીત નથી રાખવી જો. કાય
ખોળ કરીને ચાલી ને આખે રાતડી જો,
ચાર જણા ઉપાડે તારી ઠાઠડી જો કાયા.
થઇ પ્રીતી મારગે જીવ જાણવી જો,
પ્રીતી છોડી ચાલ્યો પેલો માનવી જો. કાયા.
તેવી કાયા તારી જુઠ' જાણવી જો,
અલ્યા મત કર ગુમાન તું માનવી જો. કાયા.
ગયો પરદેશ ગ્રહણ કરવા દ્રવ્યને જો,
ખબર થઇ છે એ યમ મહારાજને જો. કાયા.
યમ દુત આવ્યા મહા આક્રંદમા જો,
તારા પ્રાણ લીધા છે મહા વનમા જો. કાયા.
તું તો રમે છે વિષયના ફંદમા જો,
નવ ભળ્યો તું સતના સગમા જો. કાયા.
તેથી દુઃખરે ઘણું છે કાયા દડમા જો,
હરે ધર્મ રાજા નાખશે તુંને કુડમા જો. કાયા.
કાયા જુવાની થઇને આબો પાકીયો જો,
હરે ભુડા પ્રેમનો તો રસ નવ ચાખીયો જો. કાયા.

હરે થઇ પાકી તે મહા રંગમાંજો,
પ્રભુએ ધારી લીધી છે પછી મનમાં જો,
જીવ રહી ગયો ગગંનમા જો. કાયા.
જીવ ગયો ને ઘર રહ્યાં ઝુલતા જો,
હરે વૈતરણીમાં કોણ તારે બુડતાં જો. કાયા.
સાધન કરી લે તું કાયાના નગરમાં,
થાશે ફીરપાનો સ્વામી મગંનમા જો. કાયા.

પદ ૬૩ મું. દેશી ઝુલર છંદ. જ્ઞાન ગરબો.

ગરબો ઘુમાવોરે ઘુમાવોરે,
હારે મળી સત સુજાન ખેલાવોરે. ગરબો.
સતો નીવૃત્તી નારને બોલાવોરે બોલાવોરે,
જ્ઞાન ઘડુલે પાણી ભરાવોરે. ગરબો.
ધ્યાન કરીને કાળજુ ફેરવોરે ફેરવોરે,
હરે જ્ઞાન કુચીઓના ઝુમખા ફેરવોરે. ગરબો.
કુડ કપટના ત્રાજવા ન ઝાલોરે ન ઝાલોરે,
હરે બ્રહ્મ રૂપ થઇને તમો માલોરે. ગરબો.
ફોગટ ફદના ચોપડા શુ ફેરવોરે ફેરવોરે,
હરે જ્ઞાન કરી પ્રભુના ગુણ મેળવોરે. ગરબો.
તમે ભુડી ચાલ ના ચાલોરે ચાલોરે,
રામ નામના ઘુઘરા ઘાલોરે. ગરબો.
પેટી પટારા ઠાલા શુ ફેરવોરે ફેરવોરે,

હરે ધ્યાન કરી પ્રભુના ગુણ મેળવોરે. ગરબો.
અજ્ઞાન તાળામાં કુંચી ફેરવોરે ફેરવોરે;
હરે તમે બ્રહ્માંડમા જય મેળવોરે. ગરબો.
મનુષ્યા દેહ નહી આવે પાછોરે પાછોરે,
હરે તાન કરી પ્રભુના આગળ નાચોરે. ગરબો.
કુડ કપટ ઉંચા ભેળવોરે ભેળવોરે,
હારે ફીરપારામના પ્રભુની માળા ફેરવોરે. ગરબો.

પદ ૩૪ જ્ઞાન ગરબો.

શિવ પુત્રની ટેલ પુરી કરીને શીવહર બોલોને,
નીત્ય કરો પોતાનું કર્મ શીવહર બોલોને.
દ્વારે આવી ઉભા છે જમરે, શિવહર.
જોતા જોતામા દેહ ભંગ થશેરે, શિવહર.
મારી શી ગતી થાશે બાપરે, શિવહર.
સાથે આવશે પુન્ય ને પાપરે, શિવહર.
તમો આપો વિપ્રોને દાનરે, શિવહર.
નહી તો ધરો દયાનું ધ્યાનરે, શિવહર.
સાધુ બ્રાહ્મણને ન દીજે ગાળરે, શિવહર.
તારૂં કાળજું ઉથાડીને બાળરે, શિવહર.
મા બાપને ન દીજે દુઃખરે, શિવહર.
તારી પ્રભુ ભાગશે ભુખરે, શિવહર.
અનેક જીવને કદી નવ મારીએરે, શિવહર.

દયા રાખી પુજો વાળીએરે, શિવહર.
દ્વારે આવી ઉભુ છે શ્વાનરે, શિવહર.
તેને ટુકડાનુ દીજીએ દાનરે, શિવહર.
સાધુ સુપાત્ર બ્રાહ્મણ પરખી લીજીએરે, શિવહર.
શક્તિ સારનું દાન દીજીએરે, શિવહર.
ગુરૂ મહારાજને માન ઘણુ દીજીએરે, શિવહર.
સંસારનો લાવો લીજીએરે, શિવહર.
પર નારી તે મા બેન જાણોરે, શિવહર.
વાચી જુઓને શાસ્ત્રનાં પરમાણોરે, શિવહર.
કામ કરતા પ્રભુનું નામ લીજીએરે, શિવહર.
પછી અમૃત રસ પીજીએરે, શિવહર.
આખી ઉમર એમ ન ગુમાવીએરે, શિવહર.
નિત્ય પ્રભુજીનાં ચીન્હ ધરાવીએરે, શિવહર
શાસ્ત્ર વાચીને ન થઇએ કનીષ્ટરે, શિવહર.
પુન્ય મારગમા લાવો દ્રષ્ટરે, શિવહર.
ખોટી દ્રષ્ટીએ કદી નવ દેખીએરે, શિવહર.
રામ નામમા ચિત્ત રાખીએરે, શિવહર.
દાન પુન્યમા આડા નવ થઇએરે, શિવહર.
દાન અપાવીને લાવો લઇએરે, શિવહર.
ટેલ ભટની ટેલ પુરી કરોરે, શિવહર.
દયા રાખી પ્રભુનું ધ્યાન ધરોરે, શિવહર.

સાધુ સતની સુણીએ વાણીરે, શિવહર.
એક લોટા ભર પાઈએ પાણીરે, શિવહર.
દીન દીને આયુષ્ય પુરૂં થાયરે, શિવહર.
કીરપારામ પ્રભુના ગુણ ગાયરે, શિવહર.

પદ ૬૫ મું કળીનો જ્ઞાન ગરબો.

દેખો કળીયુગના ભાઈઓ ઢગરે કળીયુગ આવેલો.
તમો જ્ઞાની નિચ.રે ને મનરે, કળીયુગ.
થયું બૈરાંનું ઘરમા રાજરે, કળીયુગ.
કરે પુરૂષ બતાવેલા કાજરે, કળીયુગ.
તાળા કુચી તે બૈરાની પાસરે, કળીયુગ.
બૈરી નચાવે એટલું નાચેરે, કળીયુગ
કરો છોકરા ન જુજવા આજરે, કળીયુગ
આપણે બન્ને કરીએ રાજરે, કળીયુગ.
લોક લાજોથી કાઢવી લાજરે, કળીયુગ.
ખોટી દ્રષ્ટીઓથી કરે કાજરે, કળીયુગ.
સગા સસરાને ન ગણે બાપરે, કળીયુગ.
થયો પ્રભુને ઘેર શ્રાપરે, કળીયુગ
દીએર જેઠને ન ગણ્યા ભાઈરે, કળીયુગ.
તારા વૃત્ત ગયા ધોવાઈરે, કળીયુગ.
સાસુ સસરાને કહે દીન પ્રત્યરે, કળીયુગ.
તમો મરૂં તો કરૂ વ્રતરે, કળીયુગ

આવી સગી નણદી તારે ઘેરરે, કળીયુગ.
ભાઇને જુવે ને આસુ નીતારેરે, કળાયુગ.
આવ્યો પોતાનો ભાઇ તારા ઘેરરે, કળીયુગ.
આવ્યો ભાઈ ને થઇ લીલા લહેરરે, કળીયુગ.
ઝાઝો લાજમાં બોલવું ઝીણુ રે, કળીયુગ.
એ તો પુરૂષનું કરવા હીણુ રે, કળીયુગ.
સેજ વાતોમા બોલવું અવળુ રે, કળીયુગ.
સીધુ બોલે નહી તે સવળુ રે, કળીયુગ.
દેખો શહેરોની ઐરીનો શોખરે, કળીયુગ.
તે તો પુરૂષોની લાજ ન રાખેરે, કળીયુગ.
ઘરડા બુઢાને જોતી નથીરે, કળીયુગ.
લાજ મરજાદા રાખતી નથીરે, કળીયુગ.
કરે બ્રાહ્મણુ ઘણી કથારે, કળીયુગ.
તેની વાતો થાય વૃથારે, કળીયુગ.
કરે કળીમા ભજન ઘણા લોકરે, કળીયુગ.
સમજીને કહે વિરલા કોકરે, કળીયુગ.
દીકરીના પૈસાથી થયા શ્રાપરે, કળીયુગ.
હાથે કરીને વોર્યુ પાપરે, કળીયુગ.
પરણે બેટીના પૈસાથી બાપરે, કળીયુગ.
પડી ખોટી પ્રભુને ત્યા છાપરે, કળીયુગ.
પાળે વાણીઆ ઘણા ધર્મરે, કળીયુગ.

અસંખ્ય જીવનો કરે છે અધર્મરે, કળીયુગ.
દેખો શહેરોના પુરૂષોનો શોકરે, કળીયુગ.
તે તો બેરી આગળ હાફરે, કળીયુગ.
આવ્યુ કુતરૂ તારે ઘેરરે, કળીયુગ.
જ્ઞાન વીનાના લાકડીએ મારેરે, કળીયુગ.
કરે વીરલા કોઇ સત્સંગરે, કળીયુગ.
દુષ્ટો ભજનમા પાડે ભંગરે, કળીયુગ.
આવ્યા સુપાત્ર સાધુ તારે ઘેરરે, કળીયુગ.
તારા જેવા રખડે ઘેર ઘેરરે, કળીયુગ.
કોઇ જાણે વીરલા આ ધર્મરે, કળીયુગ.
તે તો નહિ કરે અધર્મરે, કળીયુગ.
સગા ભાઇઓમા જ્યા ત્યા વેરરે, કળીયુગ.
પર જાતીમા લીલા લહેરરે, કળીયુગ
ઘણા ગુણ કરે કોઇ જ્ઞાનીરે, કળીયુગ.
તેની થઇ ગઇ મોતની નીશાનીરે, કળીયુગ.
લોક લાજેથી કરે ઘણા ખર્ચરે, કળીયુગ.
પુન્ય મારગે ન લાવે દ્રષ્ટરે, કળીયુગ.
માબાપને દે ઘણા દુ.ખરે, કળીયુગ.
પ્રભુ કેમ આપે તને સુખરે, કળીયુગ.
આવી અબોલા ગાય ત્યારે ક્ષેતરે, કળીયુગ
જ્ઞાન વીનાના માર ઘણો મારે રે, કળીયુગ.

થયા સાધુઓમા જ્યા ત્યા વેરરે, કળીયુગ.
ન સારીથી કરે ઘણો કેરરે. કળીયુગ.
ઘણા બ્રાહ્મણ રખડે ઘેર ઘેરરે, કળીયુગ.
જ્ઞાન વગરના કહે કે મેર મેરરે, કળીયુગ
પ્રભુને ભજવાનું કરી લયો કાજરે, કળીયુગ.
પાપી કોણે દીઠી છે કાલરે, કળીયુગ
વાચે સંસ્કૃત સૌવધર લોકોરે, કળીયુગ
જોશી જુએ તે નીચ કોકરે, કળીયુગ.
બરાબ થયા નાટકમા લોકરે, કળીયુગ
કરે ચેષ્ટા ન મુકે તેની પોકરે, કળીયુગ
થાય ખરાનુ ખોટુ આજરે, કળીયુગ
એ તો કળીયુગનું છે રાજરે, કળીયુગ.
કહે કીરપારામ એ જાનેરે, કળીયુગ
કરો સ્મરણ સહુ નિરાતેર, કળીયુગ

પદ ૭૬ મું. ઈડરગઢ પંચ રત્ન સલોકો.

પ્રથમ સમરૂ હું ગણપતિ દેવા, કરજોડી કરૂ શકરની સેવા, ઇડરગઢ પચ રત્ન સલોકો, પચદેવ વસ્યા તે સાભળજો લોકો પ્રથમ ભ્રગુનાથ, બીજા બ્રમાય, ત્રીજા જગદાધર વેણુગાય, ચોથા કળનાથ, પાચમા ભવનાથ, સેવા શકરની ૧

પચદેવને જોડો રૈમ હાથ, દુઃખ હરશે અનાથોનો નાથ, અમદાવાદથી આવેલા માણેકનાથ, માણેકચોક કહેવાય

તે અર્થ, પાતાળ ખોદીને નીકળેલા ડુંગરને માથે, વસ્યા સાપલપુર પાસેરે ભોળો રે નાથ, પ્રભુ રહ્યા ત્યા પર્વત તોડી, કહે કવીજન કરરે જોડી, હર હર બોલો સૌ હાથ જોડી, ઈડરગઢ તે ૨

ઈલવદ્દરગ તે કુબો સાર, હાલ ઇડરગઢ વાગે નીરધાર, ડુંગર ઉપર રહેતો દુર્ગાસુર દહીત, માનવી મારીને કરતો હાર, તેલ કઢાઈ પાસે રાખે, ખાઉં ખાઉં એમ મુખે ભાખે, જરા મનમા દયા ન રાખે, પ્રદક્ષિણા કરાવી કઢાઇમાં નાખે, ડુંગર ઉપરે. ૩

ડુંગર ઉપર મહાદેવરૂપ જોગીરે રહે, તેના પાસે એક ચેલોરે રહે, રોજ ગાયોને ચરાવા જાય, ગુરૂ કહે તે દીશાએ નહીરે જાય, દેખે દૈત તો તરતરે ખાય, જોઇને જા તારૂ મરણું થાય, ગુરૂએ આપી છે ગેડી રે એક, મંત્ર આવાહન કરી વિવેક, દૈત કહે ફેરા ફરીરે જાઓ, તું કહેજે મને જલદીરે ખાઓ, વચન સાભળી બોલ્યોરે દૈત્ય, જો હુ ફેરા ફરી જાઉંછુ તરત, ગુરૂએ આપેલી. ૪

જેષ્ટીકા મારી, દહીત ઉચકીને પડયો તેલમા તે વારી, સોનાની કાયા બની છેરે સારી, મહા જોગી દેવરૂપે લાજરે રાખી, પગનો અંગુઠો કપ્યો તે વારી, જેમ જેમ કાપે તેમ વધતોરે જાય, તેનો ઇડરીયો ગઢ બંધાય, જોગી દેવરૂપને હરખ ન માય, તેજ અંગુઠાથી તારગાનુ દેહરૂ

બંધાય, સોનાની કાયા સહુ આખીરે આખી, કુંડ બાંધીને કુંડમા નાખી, બાધ્યાં દેવળ પગનો અંગુઠો કાપીરે નાખી, દેવ રૂપ જોગીએ લાજરે રાખી, પચ દેવ તેમની પાસેરે સહુ રહ્યા. ઇડર પાસે વડાલીરે ગામ, નીત સમરો સહુ રામરે રામ, પંચ દેવનો સલોકો ગાયે, વૈકુઠપુરીએ તરતરે જાય, હર હર બોલી મનમારે હરખાય, કીરપારામ તે સલોકો ગાય, જે જે બોલો હરી. ૫.

શિવજીનુ પ્રભાતીયું.

જાગોને રે શિવશંકર દેવા, હર હર બોલી કરૂં સેવારે, જા.
અરધાગના ઉમીયા દેવી દેવા, નદી વાહન કરો દેવારે, જા.
અજની સુત હનુમાન દેવા, તુમ આશ્રમે રહે દેવારે, જા.
આક ધતુરા પ્યારારે દેવા, ભાગના ઘુટડા પીવારે, જા.
ભભુત ચોળી બેસો દેવા, ગાજાના રગડા પીવારે, જા
કઇલાશથીરે ઉડી આવ્યારે દેવા, અદ્ભુત રૂપ ધર્યુ દેવારે, જા.
પ્રાણી માત્રનેરે દર્શન દેવા, હર હર બોલી કરૂ સેવારે, જા.
સ્વર્ગ મૃત્ય પાતાળ દેવા, દેવના દેવ કરે સેવારે, જા.
અદ્ભુત મુર્તી દીસોરે દેવા, વારંવાર કરૂ સેવારે, જા.
ચદન કેસર અત્તર દેવા, બીલપતરવા જાઉ લેવારે, જા
જંગલનારે પ્રભુ જોગીરે દેવા, જાઓ સ્મશાનની શોધ લેવા. જા.
જગલનારે પ્રભુ જોગી દેવા, પુત્રને દર્શન આપો મેવારે, જા.
નાના પ્રકારી પુષ્પરે દેવા, ચઢાવી કરૂ તુમ સેવારે, જા.

મસ્તકે ગંગારે વહે દેવા, શિર છત્ર ધરે શેશનાગ જેવારે, જા.
ગળે રૂંઢમાળારે દેવા, જ્યા જોઉ ત્યા શિવ શિવ જેવારે, જા.
અવગુણી દેહ મારોરે દેવા, અંતર માગુ સેવારે, જા.
પ્રભુની અગમ ગતી દેવા, કીરપાને આપો પ્રભુ નિત્ય નિત્ય સેવારે. જા.

સર્વ દેવોની આરતી.

સંતો પ્રભુની જય જય બોલોરે, આરતી કીજે.
માનવનો લાવો લીજેરે આરતી કીજે.
રામચંદ્રે રાવણના મસ્તક કાપી, વીભીક્ષણને લંકા આપીરે. આ.
પ્રભુ પ્રહ્લાહદની પ્રીત તમે માપી, હીરણ્યકંસને નાખ્યો કાપીરે. આ.
પ્રભુ દ્રપદીનુ દુખ તમે દેખી, સભામાં લાજ રાખીરે. આ.
પ્રભુ ડાકોરમા બેઠા રે શેખી, તમને લીધા જોખીરે. આ.
પ્રભુ તમે કદમ ચઢીને બેઠા, કહે રાધાજી ઉતરો હેઠારે. આ.
વન્દ્રાવનમા વાસળડી વગાડી, ગોળગો ગોપીઓને મોહ પમાડીરે.
પ્રભુ તમે ગોકુળમા ગૌ ચારી, કુબજાને લીધી તારીરે. આ.
વિરહનું નામ વાડીએ આવ્યા, સીતા માઈને સુખ લાવ્યારે. આ.
પ્રભુ પંઢરપુર જઈને વસ્યા, તુકારામના મન ઠસ્યારે. આ.
શિવ હરહર મુખથી બોલો, અંતરના પડદા ખોલોરે. આ.
સંતો સર્વે કથાની જયજય બોલો, મુખે રામ રામ બોલોરે આ.

સતો સર્વે દેવોની આરતી ગાવો, તમે હરી ચરણમાં
ચીત લાવોરે. આરતી કીજે.

પ્રભુને ધરાવાનો થાળ.

મારા મનની ભ્રાંત ભગાવોરે, પ્રભુ પ્રસાદી પાવો.
પ્રભુ હરણ કરવા મહા રણ, મુગ્ધાને લીધો શરણેરે. પ્ર.
પ્રભુ કાષ્ટ કાપવા મહા રણ, સુદામા લીધા શરણેરે. પ્ર.
તેમને દુખીયા કર્યા તે મહારાજ, ખાવા ન મળ્યુ સાજેરે. પ્ર.
પ્રભુ પુર્વેની ઓળખ રાખી, તાદુલીયા લીધા ચાખીરે. પ્ર.
પ્રભુ ભીલડીનો ભાવ જોયો વનમા, બોરાનો સ્વાદ મનમારે. પ્ર.
પ્રભુ મેવા તજયા તે દુરજોધનના, પ્રસાદ લીધા છે વીદુરનારે. પ્ર.
પ્રભુ ઘણા દુષ્ટ હણ્યારે સહારી, અનેક ભક્ત લીધા ઉગારીરે પ્ર.
પ્રભુ નીંદ્રા નહી આવેરે આજે,તમો જમ્યા વિના મહારાજેરે. પ્ર
પ્રભુ થાળ ભરીરે તુમ કાજે, તમો જમી લ્યો મહારાજેરે. પ્ર.
દુઃખ સુખ ગણુનો નથી આજે, માગું જ્ઞાન દ્રવ્ય મહારાજરે. પ્ર.
પ્રભુ નથી માગતો દ્રવ્ય થેલી, તુમ દર્શન દો મન મેલીરે પ્ર
પ્રભુ મીરાનું ઝેર ઘોળી પીધુ, તમે અમૃત પાન કીધુ રે પ્ર.
પ્રભુ નરસીંહ મહેતાને ઘેર જમવા રે બેઠા, ગમત કરવા
ઉતર્યા હેઠારે. પ્ર.
પ્રભુ નહાના પ્રકારી મેવારે પાવો, આજ મારા ગરીબ ઉપર
દયા લાવોરે. પ્ર.
પ્રભુ દર્શન માગુરે તુમ શરણ, ટાળો જન્મ મરણરે. પ્ર.

પ્રભુ વર્ણન કરૂ તો નાવે પાર, ઉપરના કહ્યા સારરે પ્ર.
પ્રભુ ઘરમા હતું તે કીધું તૈયાર, આગેગો દીનદયાળરે પ્ર.
પ્રભુ અવગુણ ન જોશો મ્હાર, કીરપાની ચડજો વારરે. પ્ર

પ્રભુને પોઢવાનુ પદ.

પોઢો પોઢોરે શિવ હર દેવા, તુમ ચરણોની માગુ શેવારે ટેક
પ્રભુ કૈલાશનારે તમે વાસી, તુમ શરણે કોટીલક્ષ કાશીરે. પો.
પ્રભુ અનેક જગાવી બેઠા જોગી, તોરી અખીયા તે લાલ જોગી પો
પ્રભુ મસરૂની ગાદી પથરાવું, પ્રભુને ગાલ મસુરીયા મેલાવુ પો.
કરી સમરણ પ્રભુને પોઢાડું, મારા પ્રભુને દુશાલા ઓઢાડુંરે. પો
પ્રભુને પખાના વા નખાવુ, પ્રભુને છડી ચમર કરાવુંરે પો.
મારા અતરમા પ્રભુને મીલાવું, પ્રેમ લાવી પાદુકા દબાવુંરે પો
અનંદ મુનીને મનમા ધરાવું, ધ્યાન ધરી પ્રભુના ગુણ ગાવુરે પો
આ શિવહર મનમા ધરાવુ, પ્રભુ આગળ શખ ફુંકાવુરે પો
પ્રભુની આખમા નીંદ્રારે આવી, સતો પ્રભુને પોઢાડો પ્રેમ લાવીરે. પો
સર્વ દેવોને સતો પોઢાડો, પ્રાતષ્કાળે પાછા ઉઠાડોરે. પો.
પ્રભુને ઘટના નાદ કરાવુ, પ્રભુને પોઢાડી શીશ નમાવુંરે પો.
પ્રભુને પોઢાડીને પદ ગાયે, કીરપારામને હરખ ન માયરે પો.

કાશીના રાજાએ ભવનેશ્વર આવી શકરને પ્રગટ કર્યા તે પદ ૧ લુ.

હર હર હર હર શકર મહાદેવારે, કરૂ તમારી સેવા.
પ્રભુ બહુ દહાડાનો દુખી, હુ આવ્યો ધીરજ રાખી. હર.

દેવો તે શરણે જાયે, તેના દુઃખ દળાયે. હર.
પ્રભુ કૈલાશના વાસી, તુમ શરણે કોટી લક્ષ કાશી. હર.
પ્રભુ સૃષ્ટિ ઉત્પન્ન કરી જ્યારે, શંકરના ગુણ અપારે. હર.
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર સાર, ત્રણ ગુણ મેળવ્યા ત્યારે હર
કરી કાયા મોટી રે વિકાળ, તુમ વિના દુઃખ કોણ ટાળે. હર.
પ્રભુ કોપ કર્યો તે કાળ, બહુ અગ્ની ફુટી બાળ. હર.
પ્રભુ કોપી રહ્યા તે વાર, અગ્નીનો નહિ પાર. હર.
દેવો કરે ઘણા વિચાર, અદ્ભુત રૂપ ધર્યું અપાર. હર.
સર્વ દેવો કરે સ્તુતિ, પ્રભુ ક્ષમા કરો અદ્ભુત મુર્ત્તિ. હર.
તમે ક્ષમા કરી તે કાળ, તુમ વીના દુઃખ કોણ ટાળે. હર.
પ્રભુ પ્રસન્ન નહિ થાઓ આજ, હું દેહ કરી દઉ ત્યાજ. હર.
પ્રભુ પ્રગટ થયા તે વાર, બહુ ગર્જના થઈ અપાર. હર.
ડોલ્યુ સ્વર્ગ મૃત્યુ પાતાળ, ગર્ભવતીના છુટયા બાળ હર.
વાણી થવા માંડી આકાશ, પૃથ્વી ડોલ્યાનો ઘણો ત્રાસ. હર
પ્રભુ પ્રગટ થયા તે વારી, હું ઇચ્છા પુરણ કરૂં તારી. હર.
પ્રભુએ દીધા રે દરશન, માગ્ય માગ્ય થયો રે હું પ્રસન્ન. હર.
દીઠી કાયા તેની બહુ રોગી, એમ બોલ્યા શંકર જોગી હર
અંતરનો પડદો ખોલું, મારૂં દેવળ ચણાવ તું પહેલું. હર.
બાંધ્યું દેવળ ન લાગી વાર, કરે શેવા તપોધન બ્રાહ્મણ તે વાર હ
પ્રથમ પુજા તેની થાયે, પછાડી બીજા બ્રાહ્મણો જાયે, હર.
એમ સર્વ કામમા પહેલા, એમ શિવજીએ પુત્રોને વચન કહેલા. હ.

અહીંથી ચોપટ ગંગા મટી, બ્રહ્મા જોશે કરીને દ્રષ્ટી હર.
પ્રગટ કર શામળીઓ ગીરધારી, દીનોનાથ ચઢશે તારી વારી હ.
તેથી જજો બ્રહ્મ ખેડની વાટે, તુમે મન ન કરો ઉચાટે હર.
ધરે ફીરપારામ ઘણુ ધ્યાન, પ્રભુ સુધારી દો મારૂ ભાન. હર.

કાશીના રાજાએ શામળીયા ગીરધારીને પ્રગટ કર્યા
તેમાંનું બ્રહ્મ[illegible] કથામાંનું પદ ૨.

જય જય બોલો શામળીયાની જગ બોલો,
અંતરના પડદા ખોલોરે. શામળીયા.
સ્મરણ કરતા જાયછે ઘણા ભક્તરાજા, ભરી જ્ઞાન કુપ તે થયા
તાન જય.
કર્યું આસન વનમા ગીરધારી, તોરી સેવા કરૂરે હું વા[illegible] [illegible]ગી. જ.
મને આનંદ થયો પ્રભુ આ વનમા, તે શાગર[illegible]ની [illegible] માગું
મારા મનમા. જય
પ્રભુ મુગટકી શોભા બની વન ધારી, શંખ ચક્ર પદ્મ ધર્યું
ગીરધારી જય.
પ્રભુ તારી મોજડીની માયા લાગી. મને પ્યારી પ્રભુ ચાલે ઠમકતી
ચાલ સારી જય
પ્રભુ પહેર્યું પીતાંબર ગીરધારી, જરકશી જામાની શુ કહુ
શોભા સારી. જય.
પ્રભુ ચમર છડી પોકારે દહાડી દહાડી નર નારી સ્મરણ કરે
હાથની તાળી પાડી. જય.

પ્રભુ નગ્ર વસાવ્યુ હરીશ્ચંદ્રપુરી, પ્રભુ કઇ મણા નથીરે અધુરી જ
પ્રભુ શોભા બનાવી છે સારી સારી, પ્રભુ કીરપાને જ્ઞાન આપો
વારી વારી. જય.

કાશીના રાજાએ બ્રહ્મ એડમાં બ્રહ્મ દેવને પ્રગટ
કર્યા તેમાંનુ પદ ૨.

જય જય બોલો બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરકી, પ્રભુ અકળ કળા છે
ઘણી નેકી. જય.
પ્રભુ ગુપ્ત રહ્યા છો તમે ઢાંકી. પ્રભુ પ્રગટ થાઓ હુ કરૂ ચોકી જ.
પ્રભુ મારા મનમાતો હરખ ન માય ટેકી, પ્રભુ મે શેવા કરી
ભનેશ્વર શકરકી જય
પ્રભુ દયા કરોને ગરીબનકી, પ્રભુ અલગા ન જાગો તમે સરકી જ.
પ્રભુ આશા નથી કઇ પારકી, તોરા શરણોમે ચીત્ત ધયુ મોરી
ટાળો નારકી. જય.
મોરી કાયા ઘણી દુર્ગંધકી, મને રૂષિએ બોધ કર્યો લાગી ચટકી જ
મારૂ કર્મ ગયુ પ્રભુ સર્વ લટકી, પ્રભુ મોરી ભક્તિ તે સર્વે ગઇ
અટકી જય.
કાશી નગરીમે ભોમ મુકી, પ્રભુ રાજ પાટ સર્વે આવ્યો મુકી જ.
પ્રભુ મુરતી પ્રગટ થાઓ તારનકી, પ્રભુ હુ આશા નહિ કરૂ
ઓરનકી જય.
પ્રભુ મુરતી પ્રગટ થાઓ મહાવનકી, પ્રભુ શોભા બનાવુ તોરા
દેવળકી જય.

પ્રભુ તારી અકળકળા મહા જોરનકી, પ્રભુ તોરી શેવા માગું
તોરા શરણકી જય.
પ્રભુ અગમ ગતી છે ગોવીંદકી, કરૂ દર્શન તે ઘડી આનંદકી જ.
પ્રભુ શોભા બતાવ તોરા મુગટકી, પ્રભુ કેમ ગયા છો તમો
અટકી જ.
રાજા રાણી શેવારે માગે ચંદનકી, પ્રભુ આપો ફીરંગીને જ્ઞાન તે
ઘડી આનંદકી જય.

બ્રહ્મદેવની કથામાંનું પદ ૪

રાગ ભુરકી ભમે છે ભામની. દેશી.

પ્રગટ થાઓરે પ્રભુ માહરા, મારે ચરણ પુજવારે તાહરા. ટેક.
સુખરે માન્યું મે સંગ રનુંવા, મારે દુખ થયું ઘણું દેહનું. પ્ર.
બલીહારી જાવુરે પ્રભુ તાહરીવા, ચિત્તમ ધરી શો વાત માહરી પ્ર.
મનમા શેવારે માગુ તાહરીવા, પ્રભુ આશા પુર્ણ કરો માહરી.પ્ર.
અંતરમાહે ઇચ્છા કરૂવા, પ્રભુ દ્યો દર્શન તો હું ફરતો ફરૂ. પ્ર.
આશા વળગીરે મુને લજામણીવા, પ્રભુ દેહ ભ્રષ્ટ થઇ મારી
પાપણી પ્રગટ.
રાત દિવસ રૂદીયા વિષેવા, પ્રભુ ધ્યાન ધર્યું મે તો સૌ દીશે.પ્ર.
કાયા ઘડીને તમે જાળવીવા, પ્રભુ ન સારી માયારે મારે ટાળવી પ્ર.
શંકર મે ધ્યોરે મને ભોળવીના, પ્રભુ એ હુંગ સોહંગ મૂર્તીરે
મારે બાળવી. પ્રગટ.
રાજા રાણીરે રૂદન કરેવા, પ્રભુ મુને મળે તો ચીનકું કરે. પ્ર.

ધ્યાન ધર્યું રાજાએ પ્રભુ શેવવાવો, પ્રભુ કીરપાને દર્શન આપો
નીરખવા. પ્રગટ

સર્વ શુભ કામમાં ગણપતિનુ પદ.

બ્રહ્મા યજ્ઞ કરે છે તે સમયનુ.

ગણેશ્વર દુંદાળા ને ગણેશ્વર કુદાળા,
ગણેશ્વરની કોટે પુષ્પ માળારે, મારા ગણેશ્વર દુડાળા ટેક
ગણેશ્વરને જોઇએ રૂડા કંસાર લાડુ, ઉપર ઘીની ધારા પાડુ રે મા.
ગણેશ્વરને જોઇએ દુર્વા ફુલની માળા, શંકરના પુત્ર છો
બાળારે. મારા.
ગણેશ્વર દેવ તો પ્રથમ પુજાએ, દેવના દેવ ગુણ ગાયરે. મારા.
ગણેશ્વર દેવ તો ઘણારે હઠીલા, માતા પાર્વતીને ઘણા વ્હાલારે મ
ગણેશ્વર દેવનુ રૂપરે ભાળી, દર્શન કરી દુઃખ ટાળીરે. મારા
રૂપ રંગેથી ઘણા દેવ બેઠા, દુદાળી ફાદના ઠાઠરે. મારા.
ગણેશ્વર દેવ ઘણુ રીસાઇ જાયે, સર્વેના પહેલા પુજાયરે. મા.
દેવોની સ્ત્રીઓ ગીતારે ગાવે, કાલાવાલાથી મનાવેરે. મારા.
શુભ લગનમા પ્રભુ વહેલા પધારો, કીરપાને જ્ઞાન કરી તારોરે. મા.

રાગ ધોળ મંગળ. બ્રહ્મા યજ્ઞ કરવા બેઠા તે વેળા દેવોની સ્ત્રીઓ ગીતાં ગાય તે સમયનું પદ ૬.

બ્રહ્મારે બેઠા યજ્ઞ કરવા તેણી વારરે,
સર્વ દેવ આનંદ પમે તે ઠારરે,
આવ્યારે આવ્યા રામચંદ્ર ને સીતા માઇરે,

સાથે આવ્યા લક્ષ્મણ હનુમંત ભાઇરે,
આવ્યા આવ્યા ભભ્નેશ્વર શંકર ભારીરે,
આવ્યારે આવ્યા શામળીઓ ગીરધારીરે,
સાથે આવ્યા હરીશ્ચંદ્ર રાજા તે વારીરે,
આવ્યારે આવ્યા વિશ્વેશ્વર જગત વાશીરે,
સાથેરે આવ્યા ઘઢાળા શામળીઓ કાગળ વાચીરે
ચોરીવાડથી આવ્યા સપેશ્વરરે,
શંકર એવા સર્વના દુઃખડા હરરે,
પ્રગટ થયા ઇડર ગઢના દેવરે,
ખોખાનાથ નીકળ્યા ડુંગરમાથી દેવરે,
ડુંગર તોડી નીકળ્યા તે કળનાથરે,
મકારેશ્વર પર્વત તોળી આવ્યા સાથરે,
સ્મશાનેથી આવ્યા વૈજનાથરે,
સાથેરે આવ્યા ચામુંડા મોરી માતરે,
સાપલપુરથી આવ્યા માણેકનાથરે,
નાદરીથી આવ્યા ગેડેશ્વરરે,
શંકર એવા પ્રત્યક્ષ દુઃખ કાપેરે,
ભક્તો જનને ઘણા સુખ આપેરે,
ઘણું વર્ણન શુરે કરૂ તે ઠારરે,
અનેક દેવ આવ્યા કહેતા ન આવે પારરે,
કોઇ સંતો અદેશો ન ધગે મંનરે,

રાજા પુરે થવા માંડયો મહા વનરે,
હીરપારામને દર્શન આપો નિશદિનરે.

રાગ ધોળ પદ ૭.

બ્રહ્મા યજ્ઞ કરીને ઉઠયારે, આનંદ થયો.
દેવ સર્વ રાજી થઇ ભેટયારે આનંદ થયો.
થાય પુષ્પની વૃષ્ટિ ત્યાહેરે. આ. પછી દેવ દેવોની કરે સાહ્યરે, આ
આકાશથી આવ્યા ત્યા વૈમાનરે, આ પાછી સર્વે દેવે ધર્યુ ધ્યાનરે.
શીવ આક ધતુરાનો ભોગીરે, આ. ઘાલી ભભુત ચોળી થયા જોગીરે, આનંદ.
ભાગ ગાંજા પીને ઘણુ ડોલેરે, આ. શીવહર મુખેથી બોલેરે, આ
થયા દેવોના મન સરખારે, આ. બ્રહ્મા બેઠા બેઠા હરખેરે, આ.
દેવ ધર્યા છે ઘણા બાણરે, આ. સર્વ દેવ શોભે તે ટાણે, આ
દેવીઓએ બાંધ્યા હથીયાર, આ જાણે વિજ ચમકારા મારેરે, આ.
ઇંદ્રની અપ્સરાઓ નાચેરે, આ. પછી સર્વ દેવો મળી હસેરે આ.
દેવીઓએ વેણુ મુકી શ્રુંગીરે, આ. જમણા હાથે ખડગ ધર્યુ મૂઠીરે, આનંદ
દેવોની સ્ત્રીઓ ગીતા ગાયરે, આ. ઠમ ઠમ નાચીને ગીત ગાયરે, આ.
ઝાંઝરના ઝમકારા થાયરે, આ. જાણે આકાશના તારા ઉગ્યારે, આ.
એક ચિત્તેથી લેશે તાળીરે, આ. સર્વ દેવ જુવેછે નિહાળીરે, આ
આપી સરપાવ મોતીની માળારે, આ. દર્શન કરીને દુ:ખ ટાળેરે, આ.
રામચંદ્રે ધરેલા વાઘારે, આ. સીતા માઇ બેઠા તેથી આઘારે, આ.

રામ લક્ષ્મણ બેઠા જોડેરે, આ. સર્વ દેવ ઉભા હાથ જોડેરે આ
દીન દીન પ્રતિ આનંદ થાયરે, આ પછી રાજા રાણી હરખાયરે, આ.
રાજા કહે છે સુણ રાણીરે, આ આ ણી કરી જાણે આણી
આણીરે, આનંદ.
જાચક આવી ઘણા જાશેરે. આ. હસ્તી ઘોડાના દાન લઈ
જાશેરે. આ
શુ મુખથી કહુ વખાણીરે, આ સોના મોતીને જાયછે તાણીરે આ
સતો અંદેશો ન ધરો મનરે, આ. થયા શ્રાપ નીર્વાણ તે દીનરે આ
કર્યો સર્વે દેવે ન્યાયરે, આ તેમા કોઇનો નથી અન્યાયરે આ
જેજે થવાનુ હોય તે થાયરે આ બ્રહ્માદીકથી અળગુ ન થાયરે આ.
વારેવારે શુ કહુ વખાણીરે, આ ઈદ્ર ઈદ્રાણી ભરે પાણીરે. આ.
અકરમા વાણીઓ થાયરે, આ દેવો સર્વે પોત પોતાના સ્થાને
જાયરે આ
કરૂ વર્ણન ન આવે પારરે, આ પ્રભુ કીરપાનો કર્યો નમસ્કારરે. આ

રાગ ઘોળ. પદ ૮.

ચાલોરે જઈએ દર્શન કરવા આજેરે, બ્રગુ ક્ષેત્રમા સ્નાન કરી કરો
રાજરે ચાલો.
ચાલોરે જઈએ બ્રગુ રૂષિના આશ્રમેરે, શંકર એવા નિર્મળ કરે
છે મન રે. ચા.
ચાલોરે જઈએ પરમેશ્વરના પાસેરે, શંકર એવા દુઃખ દારિદ્ર કરે
નાશ રે. ચા.

ચાલોરે જઇએ ભીમાશંકરના પાસેરે, મન કામના પુરણ કરશે
આશ રે. ચાલો.

ચાલોરે જઇએ બ્રહ્માજીના ધામરે દર્શન કરે આનંદ પામો
વિશ્રામરે. ચા

સર્વ દેવ બેઠા છે તેમના પાસરે, બ્રહ્મા સામું જોઇ મુખે કરે
હાશ રે. ચા.

બ્રહ્મદેવનું મુખથી શું કરૂં વખાણુરે, જ્ઞાની લોકો દર્શન કરી
સુખ માણોરે. ચા.

ચાલોરે જઇએ અંબા માના પાસરે, અંબા માતા દર્શન
કરેથી તારેરે. ચા.

મંડપ શોભા ઈંદ્રપુરીના જેવીરે, મંડપ માંહે બેઠા છે જગત
દેવીરે. ચા

કીરપારામની મતી તો પ્રભુ એવીરે, કથા મેં તો કરી પ્રભુ
જેવીતેવીરે. ચા

છંદ ઝુલણ. પદ ૯.

બ્રહ્મક્ષેત્રમા આનંદ થાય છે, પેલા ઈંદ્ર નાશીને જાય છે. બ્ર.
ઉડી આકાશથી દેવ આવેલા, નાના પ્રકારના વસ્તુઓ લાવેલા બ્ર.
રામચંદ્ર ધીરેધીરે આવેલા, હરે સીતા માઇને સાથે લાવેલા બ્ર.
ક્ષીરસાગરથી અંબા આવેલા, હરે સર્વ દેવો મળી તેને લાવેલા બ્ર.
સામળીઓ ગીરધારી આવેલા, હરે હરિશ્ચંદ્રને સાથે લાવેલા બ્ર.
કાશી રાજાનાં દુખ ભાગેલા, હરે દંડવૃત કરીને પગે લાગેલા. બ્ર.

ભવનેશ્વર મહાદેવ આવેલા,હરે ગંગામટીનાં ગાડાં ભરી લાવેલા.
એમ સર્વે દેવો આવેલા,હરે જ્ઞાની લોકોના મનમા ભાવેલા. પ્ર
એવા કીરપારામ ગુણ ગાય છે,હરેદીનદીન પ્રતિ આનંદ થાયછે પ્ર.

ઈડર સર્વે દેવની લાવણી દેશી. ૩૫

ઇડર દેશ હે સર્વ તીરથના, દર્શન કરનકી ગત ન્યારી, ઇડર દેશ તો ખુબ બન્યા હે, જાત્રા કરલો નરનારી; ઇડર. અનેક દેવગઢ ઉપર શોભા, દેવલકી શોભા ભારે, બાગ બગીચા વાવ તળાવો, પુજા કરનકું ચલ પ્યારે, ઇડર. એક મનસે સ્નાન કરી લે પુજા કરે તો સુખ તારે, ઇડરગઢકી શોભા ભારે જય બોલત દુનીઆ સારે, ઇડર ખોખાનાથ મહારાજ સદાશીવ પ્રગટ હુએ ડુંગર કોરી, રાજ્ય પશ્ચીમમે વાસ પુર્યાહે, હરહર બોલે ચીત ચોરી, ઇડર. ઇડર નજીકમે કળનાથ સદા શીવ મહ કાળેશ્વર શંકર તારે, દોનું શંકરકા દર્શન કરલે સંકટ વામે સબ તોરી, ઇડર. ઇડર પુરવે એક દેવ હે સંપેશ્વર મહાદેવ રહે એોહી જંગલમે વાસ પુરાહે, ચોરીવાડકે પાસ રહે. ઇડર. એહી ધામમે ધુન ચલી રહી ખાખી સબ પુજન કરે, દો ઘડીકા આશ્રમ કરે સો સંસારીકા મન ઠરે, ઇડર. ઇડર દેશમે એક અચપા ભવનેશ્વર શંકર તારે, દેવલ સમીપે કુંડ ભરાહે ગંગા મટી હોત ભારે, ઇડર. બોહોત દુરસે રોગી જાતહે અંગે ધરે ગંગામટી, અનેક કોડીઓકા રોગ જાતહે, શંકરકી તો ગત મોટી. ઇડર.

પ્રાત કાળે સેવક બ્રાહ્મણુ નાતા પુજા કરનકે સબ તોરી, રવી ઉગમતે લાડુરે પાતા હર હર બોલે મુખ જોરે, ઇડર. આસ પાસમેં બાગ બગીચા દેશનમે સેવક રહેતા, ધુપ ધ્યાનસેં આરતી કરતા નળ છોડતા બહુ જાતા, ઇડર. દેશન પુરવે બડા દેવ હે સામળીઓ શકષ્ટ તોડે, મુલક મુલકકા માલ જાતહે, ગાઠડીઓ તો સબ છોડે ઇડર. સામ મુરતસે રૂપ ધરાહે દરશન કરે ઓહી સુખ કરે, મેળા ભરનકી શોભા ભારે વૈપારી તે બોત ફીરે. ઇડર. ઇડર દેશમે મુખ્ય તીરથ હે ખેડ બ્રહ્માની કાનુ ધરે, જન્મો જન્મકા પ્રાંશ્ચન હોય સો ઓહી બ્રહ્માજી સુખ કરે. ઇડર. બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર તીન રૂપસેં રૂપ ધરી, આસપાસ તોરે બાગ બગીચા દેવલ સમીપે બાઉં ભરી, ઇડર. દેવલ માહે અનેક દેવ હે સાધુ સત સબ ભજન કરે, પ્રેમી હોકર પુજા કર લો, બ્રહ્માજી તો દુઃખ હરે, ઇડર. બસ્તીમેં તો બ્રહ્મા રહેતા, દક્ષિણુ દિશામેં ભ્રગુનાથ શંકર તારે, ડુગર ઉપર આસન કીયા હે તીરથવાશી આનદ કરે, ઇડર. ઉત્તર દક્ષીણુ દેવ શોભે દેવલકી શોભા સારી, તીન નદીયુંકા સગમ હોતા ભ્રગુક્ષેત્રકી ગત ન્યારી, ઇડર. બોહોત દુરસે લોક જાતહે મનુષ્યકા તો ફુલ પડે, ઓહી તીરથમેં સ્નાન કરનો ભૂત પ્રેત સબ દૂર પડે, ઇડર. બ્રહ્માજીમે ડકા પડતા માહા મહીનાકા મેળા ભરે, ભાગ્ય હોય સો જાત્રા કરલો

કાર્તક પુનેમકી જાત્રા ભરે, ઈડર. દક્ષીણ દીશામાં શંકર ભોળો વેજનાથ મહાદેવ રહે, ઓહી જંગલમેં વાસ પુરા હે વડાલીકે પાસ રહે, ઈડર. સરવ દેવ પ્રણામ કરી લ્યો ફીરઆરામ ઓહી મતખોરે, અનેક નામ સો એક રૂપ હે] ક્ષમા કરો સનો મોરે. ઇડર.

ખેડ અંબાજીની આરતી પદ ૧૧ દેશી લાવણી.

જય જય તુંરે અબે માત પ્રાક્રમત્ર ળી, તોરી શેવા કરે નરનાર પ્રેમશું ભાળી, ટેક. મા બ્રહ્માજીની ખેડ મનમા ધારી, પછી પ્રગટ થયાં છો દુઃખ જગતના ભારી, જય. મા પ્રથમ તો કર્યો સુપ્નંતરનો બોધ, તે વણીક વીપ્ર બે ભૂલી ગયા તે શોધ, જય. મા સુખી પટેલને દયા કરી અપાર, સૌ મનતણા કહ્યાં છે રે વહેવારે, જય. મા પૂર્વ દીશામા માનસરોવર નીહાળી, મા આકાશ માત્ર પાણી ઉછાળ્યું ભારી, જય. મા જમીન ખોદાવી જોવરાવ્યુ તે વાર, તેમાથી નીકળ્યા દેવ ઘણા અપાર, જય મા વીધી સહીત તો કીધો છે અધીકાર, આખી પૃથ્વીમાં તો થઇ ગયો જયકાર, જય. મા ઉત્તર દીશામા સુખડું ધર્યું સુખકારી, સાયકાળમા રૂપ બન્યુ બહુ ભારી, જય. મા બ્રહ્માજીની ખેડ રહ્યું જગ નામ, તે બ્રહ્મદેવ પણ રહે છે માને સામે, જય. મા દરવાજા તો ઉત્તર દક્ષીણ શોભે, સ્થાનકના માહે મનડું સહુનું લોભે, જય મા ઉત્તરમાહે બાગ બગીચા સારા,

માને અનેક પુષ્પના હાર ચડે બહુ પ્યારા, જય. મા આચરમા તો મનડું મેહ્યું માડી, તારે આસપાસમા કુલી બહુ ઝાડી, જય મા દરવાજે તો વાગે છે નીત રણકો, ચો-ઘડીઆનો તો વાગી રહ્યો છે ડંકો. જય માની અકળ કળાનો થઇ ગયો છે ડંકો, નવ ખંડમા વાપી ગયો છે માનો રણુકો, જય. નવ ખંડના લોકો આવે છે તારે પારે, ભકતોની રક્ષા કરો છો વારેવારે, જય મા સંઘ આવે છે દુર થકી બહુ ભારી, ચાચરમાહે શોભા બની છે સારી, જય. મા ચાચરમાહે રંગ થયો બહુ ભારી, હાથની તાળી લે છે સુંદર નારી, જય. મા કહુ છુ તારી વીસ્તારીને વાત, શણુગાર તણી તો કહુ છુ માડી વાત, જય. મા પ્રથમ તો ધરો ચીર ચુંદડીરે શણુગાર, માને હીરા મોતીના હારતણો નહી પાર, જય. મા કંકુ કેસરની આળ કરો ઘણી લાલ, તેમા શોભી રહ્યા છે હીરો તે માને ભાલ, જય. મા મંડપમા તો છડીદાર ગુણ ગાવે, મા સંઘ આવીને દર્શનનો લે લાવ, જય. મા ખભે નાખ્યો છે ચીર ચુંદડીનો પ્રટકો, મા શુરે કહું વખાણી તારો લટકો. જય. મા આનંદ કરોછો વાઘતણી અસ્વારી, ચુડીલો હાથ શોભી રહ્યા છે ભારી, જય. મા કાનમાં તો હીરાના લોલક લળકે, હાથમાં તલવાર વીજળી સરખી ઝળકે, જય. મા દાગીના શોભે વરસે વરસી, બીજા કરમાં તો શોભી રહી છે બરછી, જય.

મા દાગીનાથી કોટ ભરેરે વારે વારે, માને હીરા મોતીના હાર તણા નથી પાર. જય. મા મોટા મોટા રજવાડા તો આવે, મા ભાવ કરી માનસરોવર નહાવે. જય. મા ઇડર દેશના બ્રાહ્મણ સર્વે આવે, ત્યાં હોમ કરીને ચંડીના ગુણ ગાવે જય મા મહા મહીનાનો મેળો ભરે બહુ ભારી, બીજી કાર્તકી પુનમની જાત્રા ભરે બહુ સારી. જય. મા બ્રગુ ક્ષેત્ર તે નદી વડ બહુ ભારી, તેમાં સ્નાન કરેથી ભૂત પ્રેત જાય હારી. જય. મા બ્રગુનાથ તે શંકર આનંદકારી ત્યા હર હર ધુન થઇ રહી છે ભારી. જય મા તે પણ તારા સ્થાનકનારે નજીક, સર્વ દેવ ગાય છે ગુણ તોરારે અધીક જય. મા વર્ણન કરૂ તો ગુણ તણા નથી પાર, ઘણા ગીદ્ર થઇને આવે છે તારે દ્વાર. જય. મા ઇડર પ્રગણે ગામ વડાલી રે સાર, કીરપાની રક્ષા કરજો વારેવારે. જય.

બેર અંબાજીનો ગરબો.

અ બેમા ક્ષીરસાગર થી આ તાર, હ બ્રહ્મદેવ ઉપર દયા લાવી; અં.
કરૂ વર્ણન મતીના અનુસારજ, આ ગ કૃપા ઉત્તમ વીચારે. અ.
મધે ગુજરાત ખડ છે ગામર હરે બ્રહ્મદેવ રહે તે ઠામ. અં.
રહેતા બ્રહ્મદેવ બહુ કાળરે, હરે કરી વસ્તી વૈપ્રાને વેશ બાળ. અ.
જો ઇ દહીત રહ્યા આસપાસરે, હરે પ્રજા પામે છે ઘણુ ત્રાસ અં.
વીષ્ણુ પાસે પ્રજાપ્રતિ ગયારે, હરે કરે અરજ લાવોને દયા. અ.
ઉઠયા વિષ્ણુ દેવ વીધી સાથેરે, હરે આવ્યા ક્ષીર સાગરને માથે. અ.

કર્યું દધી સાગરનું પુજનરે, હરે થઇ પ્રગટ અંબીકા પ્રસન્ન. અં
માગો માગો ઈચ્છિત વાતરે, હરે જે જોઇએ તે રળીયાત. અં.
કહે બેઉ દેવ મોરી માયરે, હરે રાક્ષસ કરે ઘણો અન્યાય. અ.
વસ્યો બ્રહ્મખેડના પાસરે, હરે પ્રજા ઉગારો થાય છે ઘણો ત્રાસ.અં.
બેઉ દેવ લઇ માતા સાથરે, હરે અસુરને ઘસાવશે હાથ અ.
માજી સજી સર્વ હથીઆરરે, વાઘ ઉપર થયા સવાર. અં.
આવ્યા પવન વેગે અપારરે, હરે કરે વીજલડી ચમકાર. અં.
આવી ક્ષણ એકમાં માતા ખેડરે, હર મન રાક્ષસ નવી ડર.અં.
રચ્યુ ધામ માતાનું અભેદરે, હરે પછી અસુરના મુખ ક્ષેદ.અં.
કર્યું સ્થાપન વિધીથી અખ ડરે, હરે નામ રહેશેરે નવખ ડે.અ.
મળી વિષ્ણુના સર્વ દેવોરે, હરે નવ સહસ્ર હતા વૈપ્રવો. અ.
કરી વિધી વિષ્ણુ ગયા ધામરે, હરે પછે માત રહ્યાં તે ઠામે.અ.
બહુ કાળ રહ્યા અ બે માતરે, હરે બહુ દૈત્યને માર્યા માએ જાતે.અ.
વધ્યો પ્રેમ ર ગ માનો ખેડરે,હારે બહુ માનતાઓ માને ચડે. અં.
ઘણા વરસો વીતી ગયા જયારેરે,હરે એક દૈત પ્રગટ થયો ત્યારે.અં
જુએ દેવના દેવ નીરખીરે, હરે તેની કાયા ભય કર સરખી. અ.
મુખ પહોળું કરે જે વારેરે, હરે નવખ ડ ગરગડે ત્યારે. અ.
કરે ત્રાહી ત્રાહી દાનવનેરે, હરે એક નગ્રનો કરે નિત્ય હાર.અ.
કઇક નગ્ર કર્યા ઉજડરે, હરે દેવ નાશી ગયા ફર છેડે. અ.
સર્વ માનવ પ્રભુ પાસે ગયારે, કરી અરજ ને દુ:ખડા ગાયાં અ.
હરે પ્રભુ માત પાસે જાઓરે, હરે માત છતાં કષ્ટી કેમ થાઓ.અં

ગયા માનવ લઇ પ્રભુ સાથેરે, હરે માજી પધારો મુજ સાથે અ.
માજી કરી દયામણું વકેરે, હરે ક્રોધ ચડ્યો માનો ચક્ર અ.
સુણી અરજી ને ઉઠયાં માતરે, ઘણા હથીયાર ધર્યા માએ જાતે.અ.
જોઈ દૈત્યોને કરૂં કૃતાંતરે, હરે કુદ્યો ક્રોધ કરી માનો ચક્ર અ.
આવી માત અસુરની પાસેરે, હરે કરવા માડયો અસુરનો નાશ.અ
ઘણા દૈત હણ્યા તે ઠેકાણેરે, હરે દૈતોન મારીને મહા સુખ
માણે. અ.
નાઠો દૈત આરસને પહાડેરે, હરે મોટા દૈત્યોનું નામ ઉગ્રત ડ. અ.
દૈત છુપી રહ્યો તે વારે, પછી ઘણા વરસ વીતી ગયાત્યારે અ
ઉઠો યુદ્ધ કરો રાજ્ય જાએરે, હરે સુણી વેણ દત્ય ત્યારે. અ.
દૈતે નાદ કર્યો તે વારરે, હરે કરૂં સર્વ દેવનો સંહાર. અં.
અહીં માતને ચઢી ઘણી રીસરે,હરે અ ત્રીક્ષથી બાણુ મુકયા વીશે અ
માએ મોક્ષ બાણુ મુકયા જ્યારેર,હરેપનો દૈત ચમકી ગયો ત્યારે અ
ત્યારે દૈત કોપ્યો તે વારરે, હરે મા એકલાં કોઇ નથી સાથે અ.
એમ કહી પહાડ એક ફેંકયોરે, કર્યા પહાડના ટુકડા હજાર તોએ
હતો ભુખ્યોરે. અ બેમા.
પછી માને થયો ઘણો ક્રોધરે, હરે પેલા દૈતના મુખમા ખેદ.અ
માજી સજ્યા સોળ શણગારરે, હરે માએ અનેક ધર્યા હથીયારરે અ
જોઇ દૈત ચમકી ગયો જ્યારેરે, હરે સર્વ દેવનો કરૂ સંહાર.અ.
ધરયા અ ણા કુદાવી તોરીંગરે, હરે પેલા દતનો કરે મા ભગ.અ.
પછી સુર નમાવી શીશરે,હરે માજી સ્થાપ્યું સ્થાન એક નિશ્ચે.અ.

કરી દંતનો થાય નવ વાસરે, હરે એમ કહે સુરરાય. અ બે.
અ બા સર્વ તારો પ્રતાપરે, હરે માજી તક્ષીર ગુના કરો માફ.અં.
સર્વ દેવ કરે છે સ્તુતિરે, હરે માના દર્શનની લાગી પ્રીતી. અ.
વશ્યા અ બીકા આરસને ધામરે, હરે બહુ વરસ રહ્યા તે ઠામ અં.
પછી માને થઈ ઘણી ઉદાસીરે, હરે પુર્વેનું ધામ સંભાળુ હુ
પાછી અંબેમા.
બાધા ઉતારવા બેઠુ ચારેરે, હરે આવ્યા આગસુર તે વારે. અ.
એક સુત માદો પડયો તેનોરે, હરે પેલો મર્મ ન જાણે તેનો.અ.
માએ સુપનાનો કર્યો બોધરે, હરે બ્રહ્મખેડ જવ ના કર શોધ,અ.
ઝાલી બ્રહ્મખેડની વાટરે, હવે ટળી ગયા મ ા ા ચાટ. અ.
અ તો કોઈ નવ દેશો ખોડરે, હરે મહાત્મનો અબા૦ ા. જડ.અ.
જય જય બોલો અ બાની વારે વારે, હરે કીરપારામ ગરબો
ગાય વારે વારે. અ બેમા.

ખેડ અંબાજીનો ગરબો.

અ બે મા સદ્ય થયા તીરથ ધારીરે, હરે હરખી દર્શન કરે
દુનીઆ સારી. ટેક.
અ બેમાની મુરત સારી , હરે માને વાઘતણી સ્વારી અ.
માને હાથે બરછી શોભે સારીરે,હરે માને ફુલ હાર ચઢે ભારી.અ
માની ટીલડી શોભે ન્યારીરે,હરે ચળકે ચંદ્ર ગતિ થકી ન્યારી અ
માજી પાણી પ્રગટ ્યું ન રીરે, હ હ ખી ન્હાયછે નરનારી.અ
ધન્ય ધન્ય અ બે મોરી માતરે, હરે તારી શેવા કરૂ દીનરાતે અ

અંબે સ્વપ્ન દીધુ બહુ ભારીરે, હરે વણિક વિપ્રનું ભાન
સુધારી. અંબે.
મા પ્રગટયા અ. ધારી રાતેરે,હરે એક માણુસ જોયું અકસ્માત.અ
અંબેમાએ દુ.ખ નિવાર્યારે,હરે દુષ્ટ કપટી માણુસથી છો ન્યારા અ
અંબેમાત થયા છો બેલીરે, હરે સર્વ દુઃખ દૂર કર્યા ઠેલીરે.અં.
માજી ઘણા વરસ્યા પાસરે, હરે માનુ મુખડુ જોઈને કરે હાશ અ.
મજી દાખલા દીધા વીચારીરે, હરે કારણ વિના હિંસા ન
થાય હા. અંબે.
હુ તો માત છુ સર્વની ભારીરે, માટે સર્વને તેઉ [illegible] અ.
એવુ બોલે માત સુખકારીરે, હરે માના મુ[illegible] જાઉ
અંબે
મા કળીયુગમા કરી વહાર , હરે ઘણુ [illegible] દ્વારે.અં
માના ચરણની શોભા સારીર,હ [illegible] વાણી.અ
માજી ફરતી ધર્મશાળા આઠરે,હરે માએ નાટક ઘણા ઠાઠ અં.
માજી ચાચરની શોભાયરે, મુખે કહી ત નવ જાયરે. અ.
ગુણ ગાય ને આનંદ થાયરે,હરે કીરપારામ માના ગુણ ગાય.ચ.

અંબાજીનો ગરબો

અંબા દેવી પ્રગટયા ખેડના પાસ, દુઃખ દૂરે ગયારે લોલ. ટેક.
અંબા દેવીનો મહીમાયે ગુણી સહુ મન ધરેરે લોલ, પ્રગટયા
સ. ૩૬ની સાલે દુનીઆનું સુખ કરવાને લાલ, સુપનેરે દીધુ
પ્રભુરામને તેણે મન નવી લહ્યુ રે લોલ, સુપને દીધુ હશા

શેઠને તેણે પણ વિસર્યુંરે લોલ, ગામનો મુખી પટેલ કહેવાય તેણે નવ વીસર્યું રે લોલ, થયો રવિનો પ્રકાશ શહેરમા વાત ગઈરે લોલ, કોઈ કહે પ્રાતની છે વાત ખરૂં કેમ માનીએરે લોલ, તેણા દિવસે ત્રણ જણે સુખે નિંદ્રા કરીરે લોલ, માજી સજીઆ સોળ શણગાર હાથ બરછી ધરીરે લોલ, રમઝુમ કરતા ચાલ્યા શહેરે અમુકે જેમ વીજળીરે લોલ, ફરીને સ્વપ્ન દીધા ત્રણ જણને માના દર્શન થયારે લોલ, માજી ત્રણે ઠેકાણે ધાયે પણ રૂપ એક ધર્યું રે લોલ, માજી માડીને કહે વાત ત્રણ તમે સાભળોરે લોલ, પુરવે હતું મારૂં ધામ ખેડના પાસમારે લોલ, પ્રસંગે ગયા આરાસુર ઘણા વર્ષ ત્યા રહ્યારે લોલ, મનુષ્ય પામે કષ્ટ અપાર તે મન નવ વિસર્યું રે લોલ, હવે મારી ઇચ્છા થઇ છે આજે પુર્વના ધામમારે લોલ, હવે તમો જઇને કરજો સ્થાપન ઉત્તર દીશા વિષેરે લોલ, કહ્યું ખુબ કરી સાક્ષાત મંન ધરાવજોરે લોલ, વિકટ જગ્યા છે ઘણી જયાહે દેવળ સુનું પડયુંરે લોલ, તેની પુર્વ દીશાની પાસે સુંદર નીર ભર્યું રે લોલ, તેનું માન અગેવર નામ મન ધરાવજોરે લોલ, તેમા સ્નાનકરે નરનારરે પાપ જાએ ખાસમારે લોલ, પથરે બાધેલો છે ઘાટ હાલ પુરાઇ ગયુંરે લોલ, દીસે જમીન સરખી જમીન એક ઘા મારજોરે લોલ, જઇને ખેદજો ભરીને વેંત નીર પ્રગટ થશેરે લોલ, જયારે થાશે પાણી પ્રકાશ દુનીઆ માનશેરે

લોલ, બીજી ખુંચ કહુ સાક્ષાત તે મન ધરાવજોરે લોલ, મારા સ્થાનકના નજીક જમીન સર્વે ખોદજોરે લોલ, તેમાથી નીકળે દેવ અનેક મારા સાથનારે લોલ, ત્રીજી સાભળવાની વાત વર્તોલ ગામનીરે લોલ, તેને ઠેકાણે મારી બેન ચામુડા રહેરે લોલ, દુનીઆના સુખ ક' છે આજ પ્રયક્ષ દાખલોરે લોલ, ચોથી સાભળવાની વાત કાન ધરી સાભળોરે લોલ, રેપલી દેવી છે મારી બેન બળોલી ગામમારે લોલ, લુલા પાગળા ઘણા જાય સુધારા થાય છેરે લોલ, હકીકત સર્વ કહી માએ જાતે મર્મ સુધારજોરે લોલ, માંજી ચાલ્યા પોતાના સ્થાનકે સહુ મન હરખીઆએરે લોલ, જ્યારે રવી પ્રકાશ વાજીત્ર વાગીઆરે લોલ, ગાતાવાતા ચાલ્યા પારે વેત ભર્ગી ખોદીયુંરે લોલ, થયો પાણીનો પ્રકાશ નીર પ્રગટ થયુંરે લોલ, પીધુ ચરણોદક લોકે પ્રેમ ધરી માતનોરે લોલ, જમીન ખોદી જોયું જ્યારે દેવ ઘણા નીકળ્યારે લોલ, મા તારા દેવળના વળી પાસે જાણે ગામ વસ્યુંરે લોલ, બગલા બાગ બગીચા બેઠકો તે બહુ શોભતીરે લોલ, માજી તારા મડપમા થાય નાટક નવી નવી જાતનારે લોલ, સમીસાજે થાયે આરતી ઘટા નાદ ઘણારે લોલ, સાયંકાળે છુટે તોપ બ્રગુ ક્ષેત્ર ગડગડેરે લોલ, માજી તારૂ મુખડુ પુનેમ કેરો ચદ્ર કહી ન જાએ વાતડીરે લોલ, માજી તારો ગરબો રસીક ગાએ કષ્ટ નિવારજોરે લોલ, માજી તારો શેવક કીરપારામ

વડાલી ગામનોરે લોલ, તે પણ શેવા કરે છે જાતે ચામુડા માતનીરે લોલ, ગરબો ભાવ ધરીને ગાશે સુખ ઘણુ થાયછેરે લોલ.

અંબાજીનો ગરબો.

હુરે મારી અંબાજી માર વાસરે પુર્યો છે ખેડબ્રહ્માજીના પાસમા.
હુરે મારી અંબાજી મારે સવત ૩૬ ની સાલમા,
હુરે કરી મન વિચારરે પ્રગટ થયા મહા વનમા,
હુરે મારી અબાજી મારે આરા તે સુરથી પધાર્યા,
હુરે મારી અબાજી મારે ભક્તોના દુખ સમાવીઆં,
હુરે મારી અબાજી મારે રૂમ ઝુમ કરતા નીકળ્યા,
હુરે મારી અબાજી મારે આકાશ માર્ગે ઉડ્યા,
હુરે મારી અબાજી મારે ભલુ થયુ તે પધાર્યા,
હુરે મારી અંબાજી મારે અધા ગત્રે આવ્યા
હુરે મારી અબાજી મારે નીદ્રા બોધ્ય ગમાવ્યા.
હુરે મારી અબાજી મારે ભુલ તે કેન ગમાવ્યા.
હુરે જાગી ઉઠગા જણુ ત્રણુરે દર્શન કરી સુખ પામીઆ
હુરે મારી અબાજી મારે હેત કરીને સભળાવ્યા.
હુરે મારી અબાજી મારે ભાળ કરીને કરાવીયા.
હુરે મારા અબાજી મારે નગરનું લોક ભેગુ થયુ.
હુરે મારી અબાજી મારે એક તે વેત ભાખેલું.
હુરે મારી અબાજી મારે પુરી કરવા કહ્યો.

હુરે મારી અંબાજી મારે પોતાનો ધર્મ સંભળાવ્યે.
હુરે મારી અંબાજી મારે જમીન સર્વ ખોદાવીયા.
હુરે મારી અંબાજી મારે દેવ સર્વ પધરાવ્યા.
હુરે મારી અંબાજી મારે મુલક મુલકના લોક ભેગા થયા.
હુરે મારી અંબાજી મારે વિધી સહીત પધરાવ્યા.
હુરે મારી અંબાજી મારે સ્થાનકની શોભા શી કહું.
હુરે મારી અંબાજી મારે નગર ગાવ થાયે વનમા.
હુરે મારી અંબાજી મારે ગરબો ગાઉં છુ આનંદમા.
હુરે મારી અંબાજી મારે નાટક સર્વ અવ્યા.
હુરે મારી અંબાજી મારે સુખ આપીને વળાવીયાં.
હુરે મારી અંબાજી મારે ઇડર પ્રગણે ગામ છે.
સરે મારી અંબાજી મારે વડાલી તેનું ગામ છે.
હુરે મારી અંબાજી મારે કીરપાને ઠરવાનો ઠામ છે.

ગરબી.

માના ચાચરમાં લોક છે આનંદમારે લોલ, નિત્ય નાહે માનસરોવર કુંડમારે લોલ, વળી જાય નાવા તે બ્રગુક્ષેત્રમારે લોલ, ત્યાં નીકળી ને જાએ બ્રગુના આશ્રમમારે લોલ, શંકર દર્શન દેછે તે મહાચેનમારે લોલ, ગુણી જન હોય તે દર્શન લે મનમારે લોલ, ડુંગર ઉતરીને જાય બ્રહ્માજીના ગામમારે લોલ, બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર ગામમારે લોલ, સૃષ્ટી ઉત્પન્ન કરી છે નવખંડમારે લોલ, તે પણ રહે છે અંબેમાના પાસ-

મારે લોલ, ઇચ્છા કરીને જાએ મહા અરણ્યમારે લોલ, દેવી ચામુંડા રહે છે મહા વનમારે લોલ, તેના પાસે માન સરોવર ધામ છેરે લોલ, ચાર બાજુએ ડુંગરે ઘેરી લીધું રે લોલ. તે કીનારા ઉપર મહા શોભનારે લોલ, માના દર્શન કરીને સહુ લોભતારે લોલ, ત્યાંથી નીકળી આવ્યા માના ધામમારે લોલ, માના દર્શન કરે સહુ આનંદમારે લોલ, માના ચાચરમા એક વાત ઠોકછેરે લોલ, કારણ હોય તારે હીંસ્રા થાયછેરે લોલ, એવો માજીના વચનનો પ્રતાપછેરે લોલ, સહુ દર્શન કરી ઘેર આવીયારે લોલ, માના પારે જવાની હોશ લાવીઆરે લોલ, માનો ગરબો ગાયે કોઇ માનવીરે લોલ. તેને પુત્ર થાશે મહાદાનવીરે લોલ, માજી ગરબો રશીક ગુણગાયછેરે લોલ, કિરપારામ તારો સેવક થાયછેરે લોલ.

ગરબો. ઢાળ.

આનંદ ઓચ્છવ થાય, મનુષ્ય ઘણું જાય, બ્રહ્માજીની ખેડમા.
માજી પ્રગટ થયાછો આજે, રહી જુગ લાજ, સર્યું સર્વે કાજ. આ.
માજી ભક્ત આવેરે ઘણા આજ, કરે માના કાજ, આપે ઘણા રાજ. આ
જાએ માનસરોવર ઘાટ, ઘરે બહુ ઠાઠ, કરે ચંદી પાઠ. આ.
વળી જાય નહાવા તે બ્રહ્મક્ષેત્રમા, કાર્તકી પુનમનારે દીન, વાપરે ઘણું ધન. આ.
શુદ્ધ થઇને પાછારે જાય, મનુષ્ય ડુંગર ઉપર જાય, શંકર થાયે સહાય. આ.

ડુંગર ઉતરીને પાછા જાય હરખ ન માય, બ્રહ્માજીમા જાય. આ
માના ચાચરનીરે શોભાય, જોઈ સુખ થાય, દુઃખ દુર જાય. આ
માના કેશ શોભી રહ્યાજોરે, મહી ગુથ્યા છે રત્નના બોર, થયારે
ચકચોર. આ
માના ભાલે કંકુ ઘણું લાલ, થયું સહુને વહાલ, મન ગમતં
સુખ માલે. આ
માને કાનમા લોળીઓ, મહી હીરાના ચણુકાર, થયા ભણુકાર આ.
માના નાકમા નથનીનું જોર, ચુડલો રાતો ચોળ, ઘુઘરીઓના.
ઘોર. આ.
માજી શણુગાર સોળે અંગે ધરે, જોઇ કીરપાનુ હૈડું ઠરે, દુઃખ
દૂર કરે. આ.

અંબેમાની ગરબી.

મન હરખ્યું મારૂરે અંબેમાનું દર્શન કરવા સારૂ.
સતોરે મુજને સ્વપનું લાગ્યું છે, એક કૌતક થયું છે
ન્યારૂ ન્યારૂં. અંબે.
સુદર મુખડાનાં દર્શન થાશે, લોભી રહ્યુ મન મારૂ. અંબે.
શણુગાર સજીને હુંરે બેઠો છુ, લ્યો કેસર કંકુ સારૂ. અ.
નાહી ધોઇને તૈયાર થાઓ, ત્યારે મન હરખે મારૂ અંબે.
કીરપારામ કહે માના દર્શનથી થાશે, સુખ શાંતી સારૂ. અંબે.

શીવપુરાણના ૪૪ મા અધ્યાયની કથા.

શીવ ભગવાનના પુત્રની કથા અને તેનો મહીમા.

રૂષિઓ પુછે છે હે સુત જે શીવ પુત્ર તપોધન બ્રાહ્મણ સહુ બ્રાહ્મણોથી શ્રેષ્ટ કહેવાયા તેનું શું કારણ છે સુત કહે છે વેદનો પાર પમેલો શિવ ભક્તીમા પ્રિતિમાન નીરંતર શિવ શાસ્ત્રમા પરાયણ જોતીષાદીક યજ્ઞ કર્મ કરનાર નિત્ય નિમિત્તે કર્મ કરનાર ધર્મીષ્ટ એવા દધીષી નામે રૂષી હતા. તેનો તેવાજ સ્વભાવવાળો સુદર્શન નામે પુત્ર હતો. તે બ્રાહ્મણ સ્રીના વશ હતો અને તેને ચાર પુત્ર હતા. સુદર્શન પણ નિરંતર શિવની પુજા કરતો હતો. હે રૂષીઓ દધીષી તો પૂર્વે જેમ બ્રાહ્માના પુત્ર શિવ પુજા વિષે આશક્ત હતા ને તે રીતે શિવ પુજા વિષે તથા નિત્ય કર્મમા પરાયણ હતા તેજ રીતે પોતે કહે તે કર્મ કરે તથા બીજા પાસે કરાવે હે રૂષી સપ્તમા જે દધીષીના દૈર્દૈવના યોગથી વખત આવ્યે જે વિપ્રત થયુ તે જે રીતે મે સાભળ્યુ છે તે પ્રમાણે હું કહુ તે તમો સાભળો. દધીષી રૂષી કારણ પ્રસગે બીજા ગામ પ્રતે ગયા હતા તથા તેમના સગા સબધી જનોએ રોકી રાખ્યા તેમ પોતે જવા વખતે પુત્રને કહે કે હે પુત્ર તું શિવ ભકિતમા તત્પર રહેજે એમ કહી ગયા હતા. તેથી તે પુત્ર પણ તેજ રીતે ધ્યાન કરતો હતો તેટલામાં હે રૂષી સતમા શિવરાત્રીનો મહોત્સવ જે દીવશે છે એવી

માઘ કૃષ્ણ ચતુર્દશી આવી તે દીવસે સર્વે મનુષ્યોએ ઉપવાસ કર્યે તેમજ સુદર્શન આ રીતે તે વીખ્યાત એવા તેણે પણ શીવની પુજા કરી તે રીતે કર્યું. પછી રાત્રિ વીષે સ્રીનો સંગ કર્યો સ્નાન કરી શુદ્ધ કપડેથી તેજ વખતે શીવજીનું પુજન બીજે દીવસે કર્યું તેથી પ્રાતઃકાળ વિષે પોતે ક્ષણ માત્રમાં જડતાને પ્રાપ્ત થયો કારણ કે તેજ શ્રાપ શીવજીએજ પોતે આ રીતે તેને દીધો હે ભક્ત શીવરાત્રી વિષે સ્રીનું સેવન કરી એ રીતે જ્ઞાન વગરનું કામ કર્યું માટે તું જડતાને પ્રાપ્ત થા હે પાપીષ્ટ મારૂં સ્પર્શ ન કર મારૂં દર્શન દૂરથી કર. તેટલામા જડતાને પ્રાપ્ત થયો તેટલામા દધીરૂષી બીજા ગામથી આવ્યા. પુત્રનું બનેલું વૃત્તાત સાંભળી દધીષી બહુ દુખીત થવા લાગ્યા. કહે આ પુત્રે કરી મારૂં કુળ દુષીત થવા લાગ્યું. એટલા વખતમા જે સ્રીવડે સુદર્શન અત્યત દુખને પ્રાપ્ત થયો તથા પતિત થયો તે સ્રી મૃત તુલ્ય થઇ ને શીવે તીરસ્કાર કરેલા દુખીત તેના પીતા દધી રૂષીએ શીવને બહુ વીધીથી શીવને સંતુષ્ટ કરી તેની પુજા કરીને પુત્ર સુદર્શનને પણ બહુ વિધીથી વ્રતને હણવાથી દુષ્ટ છો એમ કહી સ્રીને તીરસ્કાર કરી તે પુત્રના અનીષ્ટ નિવૃત્ત થવા વાસ્તે દધીષી નામ રૂષીએ તેમના પીતાએ ગીરજાની પુજા કરી તેથી પ્રસન્ન થયેલા દેવી પારવતીએ દધીચી પુત્રને તેનું ઇષ્ટ સારૂ કરવા સારૂ અંગીકાર કર્યો

વિખ્યાત પોતે સુદર્શને પણ ગીરજાની પૂજા કરી એ પૂજન માર્ગે કરી સુદર્શને ચડીને પ્રસન્ન કર્યાં પ્રસન્ન થએલા ગીરજાએ પણ સુદર્શનને પુત્ર કરી સ્વીકાર કરી તેની ઉપર અનુગ્રહ કર્યા પછી તે પુત્ર વાસ્તે પોતે ચડીકા શીવને પણ પ્રસન્ન કર્યા એ રીતે ચડીએ વૃષભ ધ્વજ એવા શીવને વારવાર પ્રસન્ન કરી તેને નમસ્કાર કર્યા પુત્રને ખોળામા બેસાડી પુત્રના પાતીક રૂપ મળ શોધાવા વાસ્તે પોતે ગીરજાએ ઘૃત શનાન કર્યું પછી પુત્રની શુદ્ધિ વાસ્તે અનેક મત્રના બોધનું જ્ઞાન તો હતુંજ પણ ફરી અનેક મત્ર ભણાવી અનેક ગાયત્રીઓનો ઉપદેશ કરી ઘણા વેદ મત્રો ભણાવી અઢાર પુરાણોનું જ્ઞાન તો હતુજ પણ ફરી બોધ કરી સર્વ શાસ્ત્રોનો બેધ કરી શીવ ભગવાને કહ્યુ કે સર્વેથી શીવ પુત્રોનો મહીમા તો અધીક છે વળી તુ મહાદેવનો પુત્ર છે તો શીવ સધ્યા શીવ ગાયત્રી તો વિષેશજ કરવી. પ્રથમ પુજા તારી ત્યાર પછી પ્રાણીને પુજા કરવી મારી સુદર્શનને અનુગ્રહ પ્રમગે દેવી પારવતી શીવ ભગવાન પ્રત્યે બોલ્યા અહો દેવના દેવ પ્રભુ સુદર્શન તેના પીતા દમીધી રૂષિ સહુ રૂષીઓથી શ્રેષ્ટ પૂર્ણ ભકત તમો કહો છો ને ઉપર દર્શાવો છો કે જોતીષ્યો પુરાણો વેદનો પાર પામેલા શીવ ભકતીમા પ્રિતિમાન નીરતર સર્વ શાત્રોમા પરાયણ યજ્ઞ કર્મ કરનાર નીત્યે નીમીતે કર્મ કરનાર પ્રભુનું

બહુ ધ્યાન ધરનાર ધર્મીષ્ટ એવા દધીચી રૂષી સર્વ રૂષી ઓથી શ્રેશ્ટ તમો કહો છો તેવા ભક્ત ઉપર પ્રભુ કેમ કોપી ગયા? તેમ નહો તુંજ કરવુ અરે પ્રભુ પુરાણ અઢારમો ભેદ જુઓ બીજા ઘણા રૂષિઓએ શુ કર્તવ્ય કરેલાં છે તેમાંનો આ તો એક ૧૦૦ મણના ઢગમાનો તલ માત્ર અપરાધ છે. ભાવાર્થ ઉપવાસ કરી સ્ત્રી સેવન ન કરવું જોઇએ તેટલુંજ દોષ માત્ર, તો પરસ્ત્રીનો વધુ શાસ્ત્ર કહે છે. પુત્ર પુત્રી ખોળામા દુર્ગંધ કરે છે તે સર્વ પ્રાણી માત્રને સહન કરવું પડે છે તે સાભળી હશી પ્રસન્ન થઇ શીવ ભગવાન બોલ્યા હે દેવી રૂષિઓની રીત તમે સર્વ જાણોછો અર્થાત તે વગર સંસારમા કાઇ પણ કાર્યે થાય નહિ તે વગર કાર્યે કરે તો વળી શીવ નિરમાલ્યે બીજા બ્રાહ્મણો ખાય તો તેમનું કર્મ કરવુ તો સર્વ વૃથા છે અનેક મંત્ર અનેક કથા અનેક ધ્યાન અનેક ગાન અનેક પુજન શીવજીના વચનો ઉપર પ્રમાણે નહી વર્તે તો તે સર્વ કર્મ કરવું પ્રાણી માત્રનું વૃથા થાય છે તેવા શીવજી ભગવાનના વચન છે માટે તેમજ કરવુ એમ ઉપદેશ કરી ઇત્યાદિક સર્વ અનેક નામ મંત્રો ભણાવી તેમણે કહ્યું કે શીવ પુજા નિમિતે કઇ ધાન ફૂળ વસ્ત્ર ઘ્રત્ય તથા તેલ તે સર્વ શીવ નિરમાલ્યે તારે ગ્રહણ કરવુ કેમકે શીવ નિર્માલ્ય ગ્રહણ કરવાનો તને દોષ નહિ. વળી શીવ કહેવા લાગ્યા કે મારા કૃત્યમા તથા વિષેશે કરી

દેવીના કૃત્યમાં તમો મુખ્ય છો એક પ્રજા પ્રત્યે તથા એક વખત તારૂ પૂજન એ બન્ને સામાન્ય છે જો તું અસ્તુ એ રીતે કહે તો શીવ પુજા સંપૂર્ણ થાય માટે તારૂ પુજન ન થાય તો પૂજન કરનારનું સર્વ નિષ્ફળ થાય. એ પછી મહાત્મા એવા સુદર્શનના ચાર રૂષિ પુત્ર હતા તે તેમને પણ પરમાત્મા એવા શીવે પૂર્વ દિશાઓ વિષે અભિષેકાદીક ઉપસારથી સત્કાર કરી સ્થાપન કર્યો પછી તેમને કહ્યું કે તમે શીવ ભકત છો માટે તમારે ચદ્રાકાર તીલક કરવું સદા શુભ જળેથી સ્નાન કરવું તેમ શીવ સધ્યા તથા તેમની ગાયત્રીઓનો જપ કરવો પ્રથમ મારી સેવા કરી પછી કુલપરપરા કાર્ય હોય તે સર્વ કરવુ ઉપર લખેલા સર્વ મત્રોનો ઉચાર તમારે વારવાર કરવો સર્વ મત્રોનો તમને અધીકાર છે તો તેમજ કરવુ એ રીતે ગીરજાએ તથા શીવ ભગવાને સુદર્શનને પુત્ર કરી અનુગ્રહ કરી તેના પુત્રોને પણ અનેક વર આપી બોધ કર્યો બેઉ વહે વિષે જ્યાં મારો પુત્ર હોય ત્યાં નિરંતર વિજય થાય એમાં સંશય નહિ. જેણે તારી પુજા કરી તેણે મારીજ પુજા કરી એ રીતે વર આપીને કહ્યુ કે તમારે સદા પોતાનું કર્મ કરવું એ રીતે શીવ ભગવાને તથા દેવી પારવતીએ તેમના પુત્ર કરી સ્થાપન કર્યા તેથી તેઓ શીવ પુત્રો કહેવાયા. વળી તપમાથી જરા ખામી લાગવાથી શીવે શ્રાપ દીધો તે

વખતે તપોધમ ઠરાવ્યા હતા પરંતુ શીવ ભગવાનની કૃપા વડે શીવજીએ અનુગ્રહ કરીને તપોધન બ્રાહ્મણો તેવું નામ ઠરાવ્યું પણ શીવ ભગવાનની કૃપાવડે બહુધા વિસ્તારને પ્રાપ્ત થયા. તેમની પ્રથમની પુજા ત્યાર પછી મહાત્મા શીવની પૂજા; જ્યાસુધી જેણે શીવ પુત્રની પુજા કરી નથી ત્યા સુધી શીવની પુજા ન કરવી એવી રીતે શીવ ભગવાનનાં વચન છે. માટે તેમજ કરવું, શુભ વા અશુભ હોય તો પણ શીવ પુત્રોનો પરિત્યાગ કરવો નહિ પ્રજા પ્રત્યે નિમિત્તે બ્રહ્મભોજન વિષે એક શીવ પુત્ર હોય તો અધીક ફળ દેનાર થાય તેમજ શંકર પાર્વતીના વચન છે પુજનાદીક કાર્ય વિષે પણ શિવ પુત્ર મહાત્મા તો અતીશે દેખાય છે. અધકેશ્વર મહાદેવની સમીપ રવતી નગરી વિષે રહેલા ભદ્રસજ્ઞીત રાજાના પ્રજા પ્રત્યેનો નિયમ વિષે જે નિરંતર બ્રહ્મભોજન તેમા જે થયું તે જે રીતે મેં સાંભળ્યું છે તે હું કહુછુ તે સાંભળો. ભક્ત એવા તે રાજાને શંકરે એક ધ્વજ આપ્યો ને તેણે કહ્યું કે તારૂં વૃત્ત સંપૂર્ણતા સુચક ચિન્હ થશે તે કેવી રીતે કે હે રાજન આ મારો આપેલો ધ્વજ પ્રાતકાળ વિષે તારે ઉભો કરવો પછી મારૂં પુજનાદીક કૃત્ય તથા ભેજન રૂપ પ્રજાપત્ય સપૂર્ણ થયે રાત્રી વિષે ધ્વજ પોતાની મેળે પડશે; વૃત્ત સંપૂર્ણ થયું નહિ હોય તો રાત્રી વિષે સ્થીર રહેશે. તે રાજાને આવી રીતે નિરંતર નિયમ

હતો જે શીવ પુજા વિધાન દીવસે દીવસે પ્રજાપત્ય કરવું ને પ્રાત.કાળે ધ્વજ બાધે તે સાયકાળે પડી જાય કાર્યે સપૂણ થયું હોય તો તેમ ન થયુ હોય તો ન પડે એક સમય વીશે એ પ્રસગે ત્યા શીવ પુત્રનુ ભોજનાદીક થયુ રાજાએ તો શીવ પુત્રને જમાડીને પાછો મોકલ્યો પ્રજાપત્ય વૃત્ત સબંધી બ્રાહ્મણો હજુ સુધી જમાડ્યા નહોતા તેટલામા ધ્વજ પડી ગયો તેને જોઇ રાજાએ પુછ્યુ કે બ્રાહ્મણો અહીં જમે છે જમી ઉઠયા નથી ને ધ્વજ કેમ પડી ગયો એ રીતે રાજાએ તે બ્રાહ્મણને પૂછ્યું એવા સત્યવાદી બ્રાહ્મણોએ કહ્યુ ચડી તથા શીવ પુત્ર તમે પૂર્વે જમાડયા તેથી ધ્વજ પડી ગયો એ રીતે તેમના મહીમા શકરે વૃદ્ધિ પમાડયો માટે પ્રાચીન વિદ્વાનો શીવ પુત્રને શ્રેષ્ટ કહ્યા તે શીવ પુત્રોએ સરવેથી પૂર્વે શીવની પુજા કરવી કેમ કે તે પુજા સર્વ પ્રકારે શુભને દેનારી થાય છે અને પુજા સંપૂર્ણ થાઓ એ રીતે કહી પુજાનું આવાહન પણ તેમણેજ કરવુ એ સર્વ તેમનું કાય હે મુનીશ્વરો જે સાભળી મનુષ્ય શીવ પુજાના ફળને પામે એવુ જે તમે મને પૂછ્યુ એ સર્વ મે તમોને કહ્યુ. ઇતિ શ્રી શીવપુરાણે જ્ઞાન સહિતાયા ગુર્જર ભાષાયા ચતુશ્ચત્વરીશોડધ્યાય ઇતિ શ્રી શીવપુરાણે શીવપુત્રો મહીમાયે કથા ૪૪ મો અધ્યાયરે

તપોધન તે શાથી કહેવાયા દધીચી ઋષિએ બહુ તપ કર્યુ તેથી તપોધન બ્રાહ્મણો કહેવાયા. સત્યવાદી બ્રાહ્મણોને હુ દડવત્ કરી પ્રણામ કરૂછુ. હરી જનો તપોધન બ્રાહ્મણોના ઘરનું અનાજ બીજા બ્રાહ્મણો ખાતા નથી તેનો ભાવાર્થ કે શીવ ભગવાને દધીચી રૂષીને તથા તેમના પુત્રોને બહુ વરદાન આપી શીવ ભગવાનના પુત્રોનો મહીમા સર્વ બ્રાહ્મણોથી તપોધન બ્રાહ્મણો શ્રેષ્ટ કહેવાયા ને શીવ નિર્માલ્ય તપોધન બ્રાહ્મણો શીવાય બીજા બ્રાહ્મણો ખાય નહિ બીજા બ્રાહ્મણો ખાય તો શીવ પારવતીના વચન જાય તો બીજા બ્રાહ્મણોથી શીવ નિર્માલ્ય ન ખવાય તેથી બીજા બ્રાહ્મણો ખાતા નહિ હતા. હુળવટ પડવાથી તપોધન બ્રાહ્મણોના ઘરનું અનાજ ન ખાવુ તેટલુજ કાર્ય બીજુ નહિ. હરિજનો ઋષિઓની રીત તો અનાદીથી ચાલ્યા કરે છે ખરાનુ ખોટું ખોટાનુ ખરૂં તે બ્રાહ્મણો કરી શકે છે. હરી જનો શાસ્ત્રનો પુરાણોનો આધાર હુ કઇ જાણતો નથી શીવપુરાણના અધ્યાય સાથે દર્શાવાનું કારણ કે એક ઠેકાણે સત્યવાદી હરી જન પડીત બ્રાહ્મણનો મને સત્સંગ થવાથી તે બ્રાહ્મણે નિર્માણ કર્યું કે કોઇ પુરાણમા દર્શાવ્યુ નથી કે તપોધન બ્રાહ્મણો વટલાયા છે અને રૂષી પુત્ર નથી તેવુ કોઇ પુરાણોમાં નથી. તપોધન બ્રાહ્મણોના હાથનુ રાધેલું અનાજ ન ખાવું તે ભાવાર્થ કોઇ ઠેકાણે દર્શાવ્યો નથી. ખાવુ ન ખાવુ તે બ્રાહ્મણોની મરજીની વાત છે.

કાશી ક્ષેત્રમાં થયેલો ન્યાય.

હરી જનો હાલના શીવપુરાણમાં દ્વેષથી ફારફેર કરી બે શબ્દો દર્શાવે છે કે સુદર્શને સ્નાન કર્યા વગર શીવજીનું પુજન કર્યું, શેવા કરવા દીધા પછી શ્રાપ કેમ દીધો વળી કહેવા લાગ્યા કે દુરથી દર્શન કર, જડતાને પ્રાપ્ત થા. અશુદ્ધ શરીરે શીવજીએ પુજા કેમ કરવા દીધી, શીવ ભગવાન અજાણ્યા હતા? સુદર્શનને શેવા કરવા માટે પ્રથમનું સ્નાન કરવાનું જ્ઞાન નહતું? પાણી પીને શીવજીએ ઘર કેમ પુછયું. તેવો અર્થ બેસે છે. વળી કાશીમા મોટા પંડીતોની સભા કરવાથી એમ જણાવે છે કે સ્ત્રીનો સંગ કર્યો તે ખરો પણ અશુદ્ધ શરીરે શેવા કરી તે અમો નીરમાણ કરી શકતા નથી. ભાવાર્થ કે વેદાતમાનો ઉચ્ચાર શીવ શીવ પુત્રોને ન કરવો. તે ઉપરથી જણાય છે કે શા આ ધારથી આવા શબ્દો દર્શાવ્યા છે. તેમજ દુષ્ટકલ્પા નામની સ્ત્રીનું કુલ પણ જણાવાયુ નથી તેવી શંકાઓથી તદન ખોટુ મનાય છે; વળી બ્રહ્મા વિશ્ણુ મહેશ્વર સૃષ્ટી ઉત્પન કરનાર તેમાના અનેક બ્રાહ્મણો તેમજ સઉ રૂષીઓથી શ્રેષ્ટ એવા દધિરૂષી શીવપુરાણમા જણાવે છે. શીવભગવાને સુદર્ષણને મારી નાખ્યા, વળી પોતે સજીવણ કરી પુત્ર કરી સ્થાપન કર્યો તેવા શીવ પુત્રો કહેવાય. વળી ભગવાનના પુત્ર કહેવાય એવા શીવ ભગવાનના પુત્રોને વેદ મંત્રોનો

ઉચ્ચાર કરવાનું ના પાડે છે. તે અમે સર્વે પંડીતો તદન ખોટું માનીએ છીએ. અર્થાત કે પ્રભુથી બીજો કોણ મોટો કહેવાય, અને તેના પુત્રોને વેદ મંત્રોનો ઉચ્ચાર કરવાનું કેમ ના કહેવાય, તે પંડીતોએ નીર્માણ કર્યુ કે શીવ પુત્રોને વારવાર વેદ મંત્રોનો ઉચ્ચાર કરવો તેમા બીલકુલ બાદ નથી. તેવી રીતે કાશીમા સરવે પંડીતે મળીને ન્યાય કરેલો છે. દુહો. દધી ઋષી શીવ ભગવાનના, પુરણ ભક્ત કહેવાય, વેદ પુરાણો શાસ્ત્રમાં, ગુણના ભંડાર ગણાય, કથા ગાયે શીવ ભગવાનના પુત્રોની, દુ:ખ દારીદ્ર જાય, કહે કીરપારામ હર બોલો સહુ વૈકુંઠપુરી જાય.

કવિતા.

શીવહરે દયા કરી છેરે આજ, શીવપુત્રોના સર્યારે કાજ. શી.
ઘણી સભાઓનારે કાજ, રૂડા મંડપ રચાવ્યા છે સમાજ. શી.
ઘણા પંડીત ભાષણ કરે ત્યાજ, શીવપુત્રો ધ્યાન કરે આજ. શી.
શીવ સ્મરણ ઉતર્યું છે વ્યાજ, જાગી બેઠા થયાછેરે આજ. શી.
ઘણી લાગે પ્રભુ મુને દાઝ, શીવ સમરણ માગુ રાજ. શી.
વીદ્યા વિના ફરતા હતા રોજ, ઘાલી પાઠશાળાઓ કરે મોજ શી.
શુ કરવા કરોછો શોચ, ભણે વીદ્યારથી કરી ખોજ. શીવ.
શીવ પુત્રોના તાર્યારે આઝ, રૂડા કરવા માડ્યાછેરે કાજ. શી.
તપોધન ભાષણ કરે રોજ, બાર તેર વરસના કરે મોજ શી.
તપોધન બ્રાહ્મણોનીરે ફોજ, વેદ ભણે વીદ્યારથી રોજ. શી.

હર હર બોલી કરેછેરે કાજ, વેદ ભણે વીદ્યારથી આજ. શા'.
કીરપારામ આનંદ કરે રોજ, વીદ્યારથીઓને દેખી કરે મોજ શી.

બ્રહ્મદેવની કથા. દુહા. ગણપતિ સ્તુતિ.

પ્રથમ સમરૂ હુ ગણપતી શંકર પુરોરે આશ,
સેવક જાણી કૃપા કરો ભવના ટાળો ત્રાસ
દુંદાળો દેવ દુખ ભંજનો સહાય બાળે વેશ,
પ્રથમ પહેલા સમરૂ હુ ગવરી પુત્ર ગણેશ
વર્ણન કરૂ સર્વ દેવનું વાણી આપો રસાળ,
કુડ કપટ પ્રભુ મુજ વીશે કાપી નાખો તતકાળ
સેવક છુ પ્રભુ તમ તણો અમારા પુરો આશ,
અસુરને સંહારવા ધીરથી પુર્યો વાસ
અક્કલ નથી પ્રભુ એવડી શાસ્ત્રના આધાર,
કાલા વાલા પ્રભુ તમ તણા ખોડ મા દેશો લગાર.
સહુ સંતનો હુ દાસ છુ અવગુણનો નથી પાર,
કરૂણાનીધી કરૂણા કરો સેવકને તું તાર
અંધા આગળ જેમ આરસી બહેરાનું નથી ધ્યાન,
એવા અવગુણ પ્રભુ મુજ વીશે સુધારી દો મારૂ ભાન
ગયો નથી નિશાળમા કકાનો શણગાર,
સંત સાધુને હુ નમું કકા તુ મને તાર.
ભુલ ચુક પ્રભુ મુજ તણી અવગુણ ન જોશો સાર,
હર હર હર બોલો સહુ કીરપારામને પ્રભુ તારો.

ચોપાઈ ત્રણતાલની.

એક બ્રહ્મ ખેડ છે રે ગામ, બ્રહ્મ દેવ રહે તે ઠામ.
આવી ગુપ્ત રહેલારે સાર, તેનું વર્ણન કરૂ પ્રભુ તાર
સકટ પડેલુ દેવોને જ્યારે, પ્રભુ રૂપ ધારણ કરે ત્યારે
તે ઠેકાણે નગર ગોતુ, મોટુ નગર બધાશે રે જો તું
શોનકાદીક ઋષીઓ બોલ્યારે નીરવાણ, બ્રહ્મક્ષેત્ર સભળાવો ગીરવાણ
સુતપુરાણી બોલ્યા વચન, શોનક આદીક રૂશીઓ ધરે મન
શ્રોતા જન થઇરે સાવધાન, બ્રહ્મ ખેડ કથારે પાવન
બ્રહ્મક્ષેત્રનો એકરે ગ્રન્થ, સુક્ષ્મ માત્ર લીધેલોરે અર્થ
વાલા કોઇ નવ કરશોરે ક્ષેદ, ખેડ મહાત્માનો મેળવ્યો ભેદ
ધ્યાન ધરજો નર ને નારે, એક ચીતે પ્રભુજી તારે.
અક્ષર પડેલો હોયરે તોએ, ગુનો માફ કરી લેજો ત્યા એ

ૐ બ્રહ્મદેવની કથા.

ભ્રગુ રૂષી બ્રહ્મ ખેડમાં તપશ્ચર્યા કરતા હતા એક દીવસ રૂષી ગગા ઉપર સ્નાન સધ્યા કરવા ગયેલા, તે સમયે રાક્ષસ પોતાના આશ્રમ ઉપર આવી કપટથી પોતાની સ્ત્રીને હરણ કરી ભુવનેશ્વરના અરણ્યમા લેઇ ગયો. તે વખતે રૂષી પત્નીને પાચ માસને ગર્ભ હતો. તે ભુવનેશ્વરના વનમા ગર્ભપાત થયો પરતુ રૂષી પત્ની પોતાનુ પતિવૃત જાળવી રાક્ષસને શ્રાપ આપવાથી તે રાક્ષસ ત્યા બળી ભસ્મ

થઇ ગયો. રૂષી પોતાના અશ્રમ ઉપર આવી જુવે તો સ્ત્રી દીઠી નહી. તેથી ધ્યાન કરી જોયું તો તેને રાક્ષસ હરણ કરી ગયો. તેથી સ્ત્રીની શોધ કરવા ઉપરના વન વિષે આવ્યા. તે ગર્ભપાત થયેલા ચવન રૂષીએ ત્યાંજ તપસ્યા કરી રહ્યા છે. તેમને ઘણા કાળ વીતી ગયા. એક સમયે કાશી રાજા સદરી સ્થાને આવ્યો. તેના જોડે તેની પુત્રી ચારૂમતી હતી તેણે ચવન રૂષી તપસ્યા કરતા હતા તેમની આખોમા સુળ ઘાલી આખો ફોડી નાખી. તેનાથી તે બાઇને ઘણુક દુઃખ વેઠવુ પડયુ. અને કાશીના ચરીયાતી રાજાએ અશ્વનીકુમાર વીગેરે સર્વે દેવો મળી મોટો યજ્ઞ કરેલો. અને ભુવનેશ્વરનું દેવળ પણ ચરીયાતી રાજાએ બધાવેલું. ત્યાંથી કાશી રાજાએ શામળાજીમા આવી યજ્ઞ કરેલો. અને બ્રહ્મ ખેડમા પણ યજ્ઞ કરેલો તે માટે હે હરી જનો એવા અનેક રાજા સુદક્ષણ, મરૂધ્વજ, સગર રાજા થયા માટે કાંઈ અ- દેશો ધરશો નહી.

ચોપાઈ ત્રીતાલી.

રૂડુ કાશીરે ક્ષેત્ર ગામ, ચરીઆતી રાજાનું નામ,
સતયુગમા રે કરતા રાજ ઘણા વિષયનું કરેલુ કાજ,
સગરરાજાના કુળમા ધરેલો અવતાર,હાથે કરી ઉપાડી લીધો ભાર
તેનો મર્મ ન જાણે કોઈ, દુઃખ પડેથી રહેશેરે રોઇ,
પૂર્વના કર્મે કરી હતા રોગી, તેની કાયા ન થાય નિરોગી.

ઘણા કોઢ રકત વહે સાર, તેનાં દુઃખ તજે નહિ પાર,
ઘણા ઉપાય કર્યો રે તોએ, તેનો રોગ ન જાએરે કાયે,
મોટા મોટા રે જોશી બોલાવી, તહાં મોટી સભારે કરાવી,
મારા દુઃખ તણો નથી પાર, મારા જીવતરને ધિકકાર,
બહુ દાન કર્યો રે અપાર, મારો રોગ ન જાએ લગાર,
બધા રૂષી કરે વિચાર, આ પ્રશ્નનો મુકી દોને પાર,
બધા રૂષી બોલ્યા અન્યો અન્યે, દધી રૂષી વીચારેરે મન,
સર્વ રૂષી બોલે નહી કોઇ, તેનો ઉત્તર ન કરે કોઈ,
સર્વ રૂષી બોલ્યા તે ટાણે, સરવે જોતીષ દધી રૂષી જાણે,
કોઇ વાતમાં નથીરે ખામી, તેને સાહ્ય છે અ તરજામી,
તેને માથે ધણી સમરથ, તેના સરવે સરશે અરથ,
કર્યું શ કરનું આરાધન, ત્યારે શીવજી હસી બોલ્યા મન,
જય મેળવો આજરે આજ, તારૂં સરશે સર્વ કાજ,
દધી રૂષીએ કર્યો વિચાર, પશ્ચિમ દીશાએ આબુ ગીરી તારે,
તેના પૂર્વ દીશાનીરે સામે, સર્વ રોગ જાશે તે ઠામે,
ત્યાંથી થ ય છે કોસરે ત્રીશ, ત્યાં જઇને નમાવોરે શીષ,
બ્રહ્મક્ષેત્ર વસાવો તે ઠાર, બ્રહ્મ દેવ તમોનેરે તારે,
નથી વસ્તીરે માત્રનું નામ, નાનું સરોવર તેણેરે ઠામ,
થયો બ્રહ્માને જ્યારે શ્રાપ, પ્રભુ પાતાળ પેશી ગયા આજ,
યજ્ઞ કરશેરે બ્રહ્મા જ્યારે, થાશે દોષ નિવારણ ત્યારે,
તેમા સ્નાન કરો રાખી ધીર, કાયા શુદ્ધ થાશે તે નીર,

બીજુ કહેલુ કામરે કરજો, ભવનેશ્વર શકરને જાતા મળજો,
તે પણ ગુપ્ત રહેલારે સારે, ભવનેશ્વર શંકર તારે,
તે ઠેકાણે કુડનું નામ, પ્રગટ થયા નથી ભગવાન,
તેમા સ્નાન કરે સુખ થાશે, જન્મોજન્મના પ્રાશ્ચિત જાશે,
ત્રીજુ કહેલુ કામરે કરજો, શામળીઆ ગીરધારીને મળજો,
તે પણ ગુપ્ત રહ્યા ભગવાન, તેનું જઇને ધરજો ધ્યાન,
સર્વ રૂષીએ મળી કર્યો પ્રશ્ન, ભવોભવના દુખ ભાગશે કૃષ્ન,
એક પ્રશ્નમા આવેરે એમ, કર્મ ધર્મનુ નામરે તેમા,
બહુ દુખ માગી લીધા તેહ દુઃખમા સુખ મનાણુ જેહ,
પર નારી તે નર્કનો કુપ, પુર્વ સમજ્યા નહિરે ભૂપ,
મોટા મોટા થયારે માન ભગ, તે તો નારીના પરસગે
દેવ દાનવ માણુસ જાને, માન ભગ થયા તે વાતે,
સ્ત્રોના અવગુણનો નથી પાર, બ્રહ્મ દેવ વિના કોણ તારે.

રાગ છપ્પા.

ધીક પડયો અવતાર જેને પર નારી પ્રીતિ,
ધીક પડયો અવતાર સાધનની નહિ તે નીતી,
ધીક પડયો અવતાર કુળની નીતી ટાળે,
ધીક પડયો અવતાર સગાવહાલાને બાળે,
ધીક પડયો અવતાર જાર ધણુ ચોરી લાવે,
ધીક પડયો અવતાર તે ઘેર દુષ્ટજ આવે,
ધીક પડયો અવતાર જારને દયા ન આવે,

ધીક પડયો અવતાર જાર ઘરનું ધન ગમાવે,
ધીક પડયો અવતાર જાર સગુ વહાલુ ન જુવે,
ધીક પડયો અવતાર તે અતરમા રૂવે,
ધીક પડયો અવતાર જારને નિદ્રા નહિ આવે,
ધીક પડયો અવતાર જાર મન ગમતું ગાવે,
ધીક પડયો અવતાર જાર બાપનું કહ્યુ ન માને,
ધીક પડયો અવતાર જારીનુ ચીત્તજ કાને,
ધીક પડયો અવતાર રાજી નડી રે નીતી,
ધીક પડયો અવતાર રાજી કરીરે અનિતી.

વલણ. રૂષિઓ કહેછે જાઓ બ્રમ્હક્ષેત્રમા, આરાધો બ્રમ્હ દેવરે, દુઃખ નિવારણ કરશે પ્રભુ, જઇને કરજો શેવરે.

રાગ રામાયણનો.

અનીહારે રાજા નીકળ્યા તે મદીરની બારે, અનીહારે શુકન થાય તે ઘરના દ્વારે, શુકને મળી છે, ગવરી ગાયે, અનીહારે કુવારી કન્યા જલ ભરી જાયે, શીવ શભુનો ચડયો વરઘોડો, અનીહારે નદી બહેલનો તે સામો મળ્યો જોડો, નિશાળેથી આવે વિપ્રના તન ચાર, અનીહારે વેદ ભણતા વિપ્ર તે વારે, સામી આવી અનાજની પોઠે, અની હારે તેમાથી ભરી લીધી મુઠ, રાજા બેઠા છે નગ્રની બારે, અનીહારે રૈયત રૂવે છે અપરપારે, રૈયત દેછે ઘણો આશીર્વાદ, અનીહારે બ્રમ્હદેવ ઉતારે વિખવાદ, તમને રક્ષા કરે બ્રહ્મ

રાયે, અનીહારે રાજા વિના તે કેમ રહેવાયે, આ તો ઘણો છે અન્યાયે, અનીહારે દીનોનાથ કરે તુમ સાહ્ય, આસુમાથી નીકળે સો ધારા, અનીહારે અન્યોઅન્ય રૂવે અપરમપારે, કરશે પ્રભુ ઘણું કુશળ ક્ષેમ, અનીહારે એમ બોલે તે કીરપારામ.

વલણ.

રાજા રાણી ચાલ્યાં જાય છે ઝાલી બ્રહ્મક્ષેત્રની વાટરે, દેવ મુને મળશે કે નહિ મળે એમ ઘણો કરે ઉચાટરે ઇતિશ્રી કાશીક્ષેત્રથી રાજા રાણી જાયરે, દોષ નિવારણ કરવા સારૂ પ્રથમોધ્યાયરે.

ચોપાઈ ત્રીતાલી.

ચાલ્યા રાજાને રાણી સાથે, ઘણુ દુ:ખ પડયુ છેરે માથે,
ધ્યાન ધર્યુ છે એકરે ચિત્તે, આરાધન કરે છેરે નિત્યે,
ઘણું દ્રવ્ય લીધું છેરે સાથે, પારે પલવું છે બ્રહ્મને હાથે,
પ્રથમ જાવુંરે ભવનાથ, દુ:ખ હરશે અનાથનો નાથ,
રાજા રાણી જંગલમારે જાય, નથી કરતાં ઘણી હાય હાય,
શંકરનું ધર્યુ છેરે ધ્યાને, કાશીક્ષેત્રનું ભૂલી ગયા ભાને,
હર હર બોલે છે મુખે મુખે, આસન કરે છે જંગલમાં
ઘણા વાઘરે સામા ધાયે, પ્રભુ કરે તેની સાહ્યે,
રસ્તામા થયો એકરે માસ, શંકર પુરશે તેનીરે આશે,
આવ્યા ભવનેશ્વરને દ્વારે, ભવનેશ્વર શંકર તારે,
આસન વાળ્યું છે જંગલમાંહે, ઘણું ધ્યાન ધર્યું છેત્યાંહે,

ઓહુંગ સોહુંગ ધ્યાન ધરે છે, જ્ઞાન કુંપમાં ચીત્ત ઠર્યું છે,
મહા અઘોર વનમાં જારે, ભવનેશ્વર શંકર તારે,
ભવનેશ્વર શંકરના ધામે, ચવન રૂષિએ તપ કર્યું ત્યાંએ,
કાશીરાજાના વિસ્તારે, રૂષિની આંખો ફોડી તે વારે,
અજાણે કામ થયુ છે, શ્રાપ વાંદર રૂપ બન્યું છે,
થાશે દોષ નિવારણ તે ઠામે, લેખ લખ્યા છે શંકરના ધામે,
કારણુ કારણુ મળ્યો છે જોગ, સરવે જાશે રાજાનારે રોગ,
સરવે જાણે ભવનેશ્વરના જોશી, સતો મારી અકલ ઓછી,
માટે સંદેહ શંકરના ધામે, સતો મારૂરે કંઇ નથી કામે.

રાગ બીજો છે.

ધ્યાન ધરીને રાજારે બેઠા કૌતક એક થયું તે ઠારજી,
વન ચરતી એક ગાયરે આવી સન્મુખ ઉભી તેવીજી.
તે ગાયે દુધની ધારારે છોડી ત્યારે ધારાનું થયુ એક રૂપજી,
ધારા પડે તે શિવનારે ઉપર તે રાજા જુવે અનુપજી.
સેવા કરીને ગાય જાયે ત્યારે શિવ પાતાળે જાયજી,
ગાયની ચરચા જોવા કારણે ગોવાળ આવ્યો તે જગ્યાએજી.
ગોવાળે જોયું નજરે નિહાળી તાર ધન ધન ગવરી માયેજી,
તારા પ્રતાપે હુ દર્શન પામ્યો તું કરજે નિત્ય શિવની સેવાયેજી.
ગોવાળ શિવનો ભકત રે થયો શિવજીના શરણુમા રહ્યોજી
ચાર દિવસ તે રાજાને દર્શન લીંગના થયાં તે ઠારજી.
ફરીને દર્શન નવરે થાયે રાજાએ કરેલો અન્યાયજી,

ભોળા શંકરની અગમ ગતી છે કોઈ નવ પામે પારજી,
નીસવાસ નાખી આરાધન કરવા રાજા બેઠા તે ઠારજી.

રાગ લાવણી દેશી માં છે

ભજનમા પાનું ૮૭ મા લખેલુ છે. હર હર હર હર શંકર તે.

વલણ.

પ્રગટ થઈ બોલ્યા પ્રભુ માગ્ય કંઈ વરદાન રે, રાજા કહે પ્રભુ મે ધર્યું તમારૂં ધ્યાન રે. એમ અનેક વર આપી દેવળ બંધાવી રાજાને કર્યો વિદાય રે, સામળીઆનું ધ્યાનજ ધરવા રાજા રાણી જાયરે. ઇતિ શ્રી ભવનેશ્વર શંકરે દોષ નિવારણ કરી રાજા રાણી જાયરે દ્વીતીયો અધ્યાયરે

ચોપાઇ ત્રીતાલી.

ચાલી સામળીઆનીરે વાટે, જાતા ઘણા કરેરે ઉચાટે,
ત્યાથી થાય છે કોશરે બાર, સામળીઓ ગીરધારી તારે
આવ્યા અઘોર વનમા જ્યારે, ટીટોઈ સેરસાના ડુંગર પાર;
ઘણા વાઘ હુંકારારે મારે, નજીક આવ્યા સામળીઓજી તારે
આવ્યા શામળીઆનારે દ્વારે, આકાશ વાણી થવા માડી ત્યારે;
રાજા કાન ધરે તે વારે, સામળીઓ ગીરધારી તારે.
ધન્ય ધન્યરે વાણીરે થાયે, ત્યારે રાજા રાણી હરખાય,
આ ઠેકાણે ધ્યાનજ કરવુ, આ ઠેકાણે મરવુ ને તરવુ,
સતો ઘણી વિધીએ ધર્યું ધ્યાન, પછી પ્રગટ થયા ભગવાન;
માગ્ય માગ્ય થયોરે પ્રસન પ્રભુએ તેને દીધુરે દર્શન.

બાંધ્યું દેવળ મારૂરે આજ, તારૂં સર્વસ્વ થાશે કાજ,
બાંધ્યુ દેવળ ઘણું ચણી, શોભા ઇંદ્રના ઘર જેવી બણી.
કરો તરવેણીનોરે ઘાટ, મેળો ભરાવાનો હાટ;
શામળીઆજી મેહુઓ કહેવાયે, ત્રણ નદીઓનો સંગમ થાય.
સતો જોગોને જઇને જય રે, દર્શન કરે પ્રભુનારે,
ઘણા દેવળ બાંધ્યારે ત્યાંહે નજીક જ ગઢનારે માંહે,
અંતરના પડદારે ખોલો, શામળીઆની જે ઘણી બોલો,
શામળીયા ગીરધારીનું ધામ, હરીશ્ચંદ્ર થયા તે ઠામ,
પ્રભુ રૂપનો નથીરે પારે, શામળીયો ગીરધારી તારે,
ઇંદ્રના ઘરની શોભા બનાવી, ત્યાં હરીચંદ્રપુરી વસાવી,
દુખી કર્યા રાજા ને રાણી, ભર્યું નીચને ઘેરરે પાણી,
હરીચંદ્રપુરી કહેવાય, કાશી રાજા બ્રહ્મક્ષેત્રે જાય,
બીજી મુરતીના કરો દર્શન, શામળીઓ થાશેરે પ્રસન્ન,
પ્રભુ કારણ પ્રસંગે ગયા હતા, સતો ગઢળા ગામે રહ્યા હતા,
સતો શોધ કરોનેરે મન, ગઢળા ગામે કરોરે દર્શન,
બ્રહ્મક્ષેત્રથી કોસરે ચાર, પશ્ચિમ દીશાએ શામળીઓ તારે,
મુરતીના શુરે કરૂરે વખાણ, આખા જગમાં નથી તેવી જાણ,
બને મુરતીના કરો દર્શન, શામળીઓ થાશેરે પ્રસન્ન,
રાજાને હરખ ન માય, કાશી રાજા બ્રહ્મક્ષેત્રે જાય,
જાની વખત સ્મરણ કરે, શામળીઆજી કાનમાં ધરે.
(રાગ પદ જય જય બોલો શામળીયાની જય બોલો.)

પાન ૮૯ માં લખેલું છે.

રાગ ધોળ.

પ્રભુએ આપી જવાની રજાયરે, પછી રાજાનું મન હરખાયરે, બ્રહ્મદેવનું ધર્યું છે ધ્યાનરે, કાશી રૂષીઓએ આપ્યુ વરદાનરે, ચાલ્યા જાય છે વાટની વાટેરે, આવ્યા નારદ કરાવા ઉચાટરે, ખભે તુંગ વળગાડેલુ સારરે, ધર્યો ભીક્ષુ બ્રાહ્મણના જેવો અવતારરે, ભીક્ષુ બ્રાહ્મણના જેવા ઢંગરે, ચાલ્યા રાજાનો કરી સંગરે, પુછી સુખ દુઃખની વાતરે, બન્યું હતું તેવું કહ્યું તારેરે, બોલ્યા નારદ મુખથી વચંનરે, તુંને નહિ થાયે દર્શનરે, એમ બહુ સમજાવ્યો અન્યોઅન્યરે, પણ સમજ્યા નહિ રાજા મનરે, કરી પરીક્ષા નારદ મુન્યરે, સુખે જાઓ તમે ધન્ય ધન્યરે, થઈ પ્રસન્ન આપ્યુ વચનરે, થયા નારદ અંતરધ્યાનરે, કાશી રાજાને થાશે દર્શનરે, ચાલ્યા જાય છે બ્રહ્મક્ષેત્રની વાટરે નંદ ઘણા કરેછે ઉચાટરે, આવ્યા બ્રહ્મખેડના ધામરે, જોવા ન મળે માણુસ નામરે, પ્રભુ કરશે તેનું કામરે, નથી વસ્તીનું તે ઠાર ધામરે, જોવા ન મળે માણુસ નામરે, રાજાએ કરવા માડયું આરાધનરે, પ્રભુએ કર્યું શુદ્ધ તેનું મનરે.

(રાગ પદ જય જય બોલો બ્રમા વિષ્ણુ મહેશ્વરકી.)

પાન ૯૦ મા લખેલું છે

(રાગ ભૂલી ભમેછે ભામની) દેશી.

પ્રગટ થાઓરે એ પદ પાનુ ૯૧ માં લખેલું છે.

ચોપાઈ ત્રીતાલી.

થઇ પાતાળ વાણીરે જયારે, રાજા રાણી ધ્યાન ધરે ત્યારે;
પછી પાતાળ ડોલવા લાગ્યુ, પ્રભુ ધ્યાન તમારૂં રે માગુ.
થયો સરોવરમાથી ઉચ્ચાર, ત્યારે રાજા ધ્યાનમાં ધારે;
પ્રભુ નીકળ્યા જળમાથી બહાર, થયાં રાજાને દર્શન તે વારે.
બાધ દેવળ આણુારે ધામ, મણીધર્મ ધરાવું તારૂં નામ;
બને દેવને મળીને આવ્યો, તારો સ્નેહ મારા મન ભાવ્યો.
સરોવરની બનાવીરે વાવ, બ્રહ્મા બેઠારે બેડા નાવે;
કાશી રાજાએ કર્યો વિચાર, અહી નગ્ર વસાવવું મારે.
ઘણાં ઘર બંધાવ્યાં ઉચાં ભેદ, દાન દીધાં વિપ્ર ભણે વેદ;
બાર ગાઉના પથમાં કર્યું શહેર, મણીધરમે કરી લીલા લહેર.
આપ્યાં વિપ્રોને ઘણારે માન, ખુશી થઇને દીધાં કન્યાદાન;
ગયા પોતાના રજતરે કોડ, રાજા રાણીરે હાથ જોડે.
નીચે થાશે તેનુ વર્ણન, જ્ઞાની લોકો ધરી લેજો મન;
ખેડવા બ્રાહ્મણનાં ઘર હજાર, બીજા બ્રાહ્મણોનો નથી પાર.
ઉંમણુ વાણીઆના ઘર અઢાર હજાર, બીજી વસ્તીનો નથી પાર;
પછી બ્રહ્મા કરે વિચાર, યજ્ઞ કરૂં તરવેણીને પાર.
મોટા મંડપ જુગતે રચાવુ, આખી પૃથ્વીના દેવ અહીં લાવું.
બ્રહ્મા કરવારે બેડા યજ્ઞ, જાણુ કરેછેરે લગન;
દેવ સ્રીઓ ગીતારે ગાયે, તારે બ્રહ્મા ઘણુ હરખાય.
(રાગ પદ ધોળ ગણેશ્વર દુંડાલા એ પદ પાન ૨૯ મા છે.

ચોપાઇ ત્રણ તાલની.

બ્રહ્મા યજ્ઞ પુજારે કરે, પોતાના ગણુને અનુસરે;
લાવે ગાવેત્રી આણુરે ઠાર, મારે પુજાની થાયરે વાર.
ગયો ગણુરે તેડવા કાજ, ચાલો બ્રહ્મા બોલાવેરે આજ;
શણુગાર સજતાં થઇ ઘણી વાર, ત્યારે બ્રહ્માએ કર્યો વિચાર.
પછી ક્રોધ થયો છેરે મન, બીજી સ્ત્રી કરૂરે ઉત્પન્ન,
દર્ભને મંત્ર કર્યોરે આવાહન, ત્યારે સ્ત્રી થઇને ઉત્પન્ન.
જમણી બાજુએ બેસાડીરે સાર, બીજી સ્ત્રી આવીરે તે વાર,
આખોમાંરે નિર ભરાયે, પણ બ્રહ્માને દયા ન આવે.
તમે સરવે દેવના દેવ, મારે કરવી તમારીરે સેવ;
ત્યારે બ્રહ્માને દયારે આવી, ડાબી બાજુએ બેસાડીરે લાવી.
તરવેણીનો સંગમ થાયે, તારે બ્રહ્મા ઘણુ હરખાયે,
અઠાંશી હજાર રૂષીરે આવ્યા, દધીરૂષી જ્ઞાન દ્રવ્ય લાવ્યા.
સર્વ રૂષીઓથી મોટા કહેવાય, જેજે કાર્યમા દધીરૂષી જાયે,
ત્યારે વૃત સંપૂરણ થાયે, તે વિના કાર્યે ન થાય.
કરે કાર્યે તો નિષ્ફળ જાય, તેવો શીત્રપુત્રોનો છે મહીમાયે,
દધી રૂષી બેસે સર્વને આગે, બીજા રૂષીઓ આપે તેમને માગ,
તેના તપનો નથીરે પાર, થયા તપોધન બ્રાહ્મણો સાર,
તેથી સ્થુળ બીજો ન કહેવાયે, જુએ શીવપુરાણુ મહીમાયે,
સર્વ જ્યોતીષ્યો ધ્યાનમા પુરા, એક વાતમા નથીરે અધુરા,
તપોધન્ય શ્લોકોમાં ઘણા, વાચી જુએ તેની મણા,

સતો કોઇ ન કરશો ક્ષેદ, વાચો જુઓ પુરાણો મા ભેદ,
તેને નહીરે મુકવો વિસરતો, શાસ્ત્ર પુરાણો પ્રમાણે વર્તો,
દધી રૂષીનો જુઓરે મર્મ, શીવપુરાણમા તેનોધર્મ,
આવે દધી રૂષી જ્યારે, સર્વ રૂષીઓ આનદ પામે ત્યારે,
શિવ નિરમાલ્ય બીજો નવ ખાય, એવો શિવજીએ કર્યો છે ન્યાય
હીર્ણ્ક્ષ નદી લાવ્યા રે દધી રૂષી, પછી બ્રહ્મા થયા રે ખુશી,
ભીમાશકરી નામેરે નદી, ભ્રગુ રૂષી લાવ્યારે આનદી,
ત્રીજી કોસંબી નદીરે આવી, કષ્પ રૂષીએ લાવી વસાવી,
કર્યો તરવેણીનોરે ઘાટ, જામા ભરવાના બનાવ્યા હાટ,
ત્રણ નદીઓના સગમ આરે, પખેશ્વર સ્થપન કર્યા ત્યારે,
જમણી બાજુ વસ્યા પખનાથ, ડાભી બાજુ વસ્યા ભ્રગુનાથ,
વસ્યા ભીમનાથરે ત્યાહે, રહ્યા ડુગર ઉપર જ્યાહે,
માતા ખેરજા નામે દેવી, ભ્રગુ શકરના પાસ વસાવી,
આવ્યા સીતારે લકાથી જ્યારે, અગ્ની કુડમા ન્હાશેરે ત્યારે,
થયો બ્રહ્માનો શ્રાપરે જ્યારે, થાશે દોષ નિવારણ ત્યારે,
પ્રગટ થયા છે સર્વેના કાજ, તહા થાશે બ્રહ્માનુરે રાજ,
મળ્યો કારણ કારણ જોગ, પછી સરવેના જાશેરે રોગ,
ભ્રગુક્ષેત્ર મહીમા કહેવાયે, કારતકી પુનેમની જાત્રા ભરાયે,
માહા મહીનાનો મેળા ભરાય, એક માસનો મેળોરે થાયે,
સરવે દેવના દેવરે આવે, પછી બ્રહ્મારે યજ્ઞ કરાવે,
સર્વ દેવોની સ્ત્રીઓ ગીત ગાયે, ત્યારે બ્રહ્મા ઘણુરે હરખાયે.

(રાગ ધોળ મંગળ. બ્રહ્મા બેઠા યજ્ઞ કરવા) પાન ૯૨ છે.
રાગ ધોળ બ્રહ્મા યજ્ઞ કરીને ઉઠયારે આનંદ થયો. પદ પાન ૯૪.

વલણ.

દેવ મળી સર્વે હરખીયા, આનદ પામ્યા તે ઠારરે, કાશી રાજાએ દેહ શુદ્ધ કરી કાશી જવાની તૈયારી કરી તે વારરે, ઇતિ શ્રી બ્રહ્મક્ષેત્રે સર્વ દેવ મળી દોષ નિવારણ કરી સર્વ દેવો પોત પોતાને સ્થાન જાયરે, કીરપારામ કહે સંતો સર્વ પ્રભુને ભજી લ્યો મનુષ્યાદેહી નહી આવે વારંવારરે. ઇતિ શ્રી તૃતીયો અધ્યાયરે.

ચોપાઇ ત્રણ તાલની.

કાશી રાજાએ ધર્યુ રે ધ્યાન, પછી બ્રહ્માએ કરીરે સાન,
જાઓ કાશીમા રાજરે કરો, કહેલુ કામ અનુસરો,
થાશે કુશળ કલ્યાણ તરે, તારૂ કુળ પોતાનુંરે તારે,
એક માતવરી પુત્રી નામે, ભક્તિવાન ઘણુ કરશે કામ,
એ પુત્રી થાશે ગુણવાન, રૂપવતી ધરે ઘણુ ધ્યાન,
એ મર્મ કહુ છુરે કથી, ત્રણ પુત્રની વાત કહી નથી,
જન્મ મરણનો ટળી ગયો ફેરો, નથી કરવો સંસારનો ઘેરા,
એ બે વાતનો કહ્યોરે સાર, કાશી જઇને કુળરે તાર,
સંતો વર્ણન કરૂ જોજો જાગી, જરા મનનીરે ભ્રાત ભાગી,
બ્રહ્મા કહે કાશી તમો જાવો, તમો સંસારનો લ્યો લાવો.
જન્મ મરણ તમારે નથી, ચોરાશીમા ફરવુરે નથી,

તેવું સાભળી થયા વિદાય, સ્મરણ કરતા કાશીમારે જાય,

રાગ ધોળ.

કાશીનો રાજા મણીધરમ ઘેર આવે ટેક. હરે થાળ ભરીને મોતીડે વધાવે, કાશી. કર્યું બ્રહ્માએ શુદ્ધ શરીરે, ગયા ગંગ તરવેણીના નીરે કાશી. તેત્રીસક્રોડ દેવને મળી આવ્યો, હરે બ્રહ્માની એડે મોટ્રો યગ્ન કરાવ્યો. કાશી પ્રસન્ન થયા સામળીઓ ગીરધારી, વરયા હરીશ્ચંદ્ર રાજા સુખ-કારી, કાશી. કાશી નગ્રના લોક ઘણા આવે, ત્યા પુષ્પની વૃષ્ટિ કરાવે, કાશી. ઘણા મીઠાઇ મેવારે લાવે, નરનારી ધ્યાન ધરીને ગીત ગાવે, આનદ થયો સરવેના મન હરખી, ચાલો પ્રભુની મુર્તી લો નીરખી, કાશી. રાજા રાણીને આનદ થાયે, ફરતે નિશાણે ડકે ઘેર જાયે, કાશી. બધ હતો રાજાનો મહેલ સારે, તુટયા તાળા તેની મેળે તે વારે, કાશી. આનંદ ઓચ્છવથી ઘેર આવે, કીરપારામનુ મન હરખાયે, કા.

ચોપાઈ ત્રીતાલી.

મણીધરમ ચલાવે રાજ, ધરમ નીતીનું કરાવે કાજ,
દુ:ખ સુખ નથી લગાર, પુન્ય માર્ગે સર્વેરે ધારે,
પર દુ:ખ ભજન હારે, ધર્મ નીતીનુ કુળરે તાર,
કઇક વર્ષ કર્યુ તેણે કાજ, ભોજની પેરે ચલાવ્યું રાજ,
થઇ પ્રભુ ઇચ્છા બળવાન, લેવું ચરણોમા ધરે મારૂ ધ્યાન,
આવ્યા પ્રભુજીર દ્વારે, મોક્ષ ગતિ પમાડે તે વારે,

લીધુ સર્વ કુટુંબ સાથે, પ્રભુ સ્મરણ જેના માથે,
પામ્યા મોક્ષ ગતિ તે વાર, કાશીખંડમા સર્વે સાર,
કાશી નગ્રી લે સૌ પરખી, સતો બ્રહ્માની ખેડ તેના સરખી,
જેવા તેવા પ્રભુના ગુણે, જ્ઞાની લોકો કદી ન ફણે.

વલણ.

કાશીમા સર્વ આનંદ થયો, કહેતા ન આવે પારરે, હવે હુ કહુછુ બ્રહ્મક્ષેત્રની કથાયરે, કહે કીરપારામ કુટુંબ સહીત મણીધર્મ મોક્ષ ગતિ પામ્યા તે ચતુર્થ અધ્યાયરે.

દોહરા

સર્વ દેવ આનંદ કરી ગયા પોતાને દ્વાર, બ્રહ્મદેવ ત્યા એકલા રહ્યા નગ્ર મોઝાર, કઇ કાળ વીત્યા પછી ઘણા દૈત આવ્યા તે ઠાર, મોટા મોટા દેવ તે નાશી ગયા તે વાર, નિત્ય નિત્ય એક ગામનો કરે છે સંહાર, સર્વ દેવ ભેગા થઇ કરે છે વિચાર, ચાલો જઇએ આપણે, ક્ષીર સાગર મોઝાર, આરાધન કરી લાવીએ બળા દેવી તે વાર, ગયા દેવ સર્વ મળી ક્ષણુ ન લાગી વાર, આરાધન કરી લાવીયા બળા મા તે વાર, બળા આકાશમા ઉડી ગયા તે વાર, મૂકી બાણ અંત્રીક્ષથી ઘણા દૈત્ય હણ્યા તે ઠાર, બ્રહ્મખેડનું વર્ણન કર્યું જાણવા સાર, ન જાણુતાને કર્યું જાણવા કહેતા ન આવે પાર, બ્રહ્મદેવ તે ત્યા થયા બ્રહ્મખેડ મોઝાર, તીરથનો મહીમા ઘણો ઉતારે ભવ પાર, રૂદ્રનો વરસાદ પડે તેવો કરે સંહાર,

આરાસુર એક નામનો દૈત્ય નાઠો તે વાર, છુપી રહ્યો ડુંગર વિષે ઘણા વરસ તે ઠાર, પ્રગટ થઈ કરવા માંડયો મનુષનો સંહાર, ખબર થઈ બ્રહ્મખેડમા અંબા માને સાર, તુરત ઉઠીને ચાલીયા આરાસુર મેઝાર, દૈતના સાથે યુદ્ધ કરી, દૈત માર્યો તે વાર, આરાસુર એવુ નામ ધરી માત રહ્યા તે ઠાર, કઈક કાળ વીત્યા પછી માએ કર્યો વીચાર, દુનીઆ દુઃખી થાય છે આરાસુર મોઝાર, દેવલ ફોડી નીકળ્યા ક્ષણુ ન લાગી વાર, પાછા આવ્યા બ્રહ્મક્ષેત્રમા ૩૬ ની સાલ મોઝાર, કળીયુગમા આવીયા ખેડ પુરી રહ્યાં વાસ, દુઃખ દારીદ્ર નાશી ગયા રહ્યા બ્રહ્મને પાસ, અનેક દેવ એમ આવીઆ બ્રહ્મખેડ મોઝાર, વારે વારે શુ વર્ણવુ કહેતા ન આવે પાર, જ્ઞાની લોકો મન ધરો બ્રહ્મખેડનુ ધ્યાન, નીત્ય નીત્ય આરાધન કરો મુકી માન ગુમાન, શાસ્ત્રના બહુ બોધ તે ભૂલ ચુકનો હુ રાંક, અવગુણ બહુ થયા હશે ક્ષમા કરો માગો વાક, કારતક મહીનાની પુનમે જાત્રા કરે બહુ લોક, સ્નાન કરે નરનાર તે ભૂત પ્રેત જાય મૂકી પોક, કળીયુગના તે કાળમા ભૂત જાય તે ઠાર, મનુષ્યના ત્યા કુલ પડે કુલ ગળે તે ઠાર, સર્વે તીરથનુ ધામ તે ઉતારે ભવ પાર, નર નારી જાત્રા કરે પાપ જાયે તે ઠાર, મહા માસનો મેળો તે એક માસ ગણાય, મુલક મુલકના માનવી જાત્રા કરવા જાય, બ્રહ્મા રહ્યા તે ગામમા, બ્રહ્મક્ષેત્ર કહેવાય, વારે વારે

શું કહું બ્રહ્મખેડ મહીમાય, વર્ણન કર્યું સર્વ દેવનું અલ્પ મતી અનુસાર, જય જય બોલો શ્રીહરી એક ચિત્તે નરનાર, ગાય શીખે ને સાંભળે બ્રહ્મક્ષેત્ર કથાય, દુ:ખ દારીદ્ર દુરે ટળે વઇકુંઠપુરી જાય.

(રાગ ધોળ. ચાલોરે જઈએ દરશન કરવા આજેરે; પાન ૯૫ મું.

(છંદ ઝુલણ બ્રહ્મક્ષેત્રમા આનદ થાય છે) પદ. પાન ૯૬ મું.

ચલણ

કૃપા કરી સુખ માનવા, વાચે શીખે ને ગાયરે, એવો મહીમા બ્રહ્મક્ષેત્રને, ઉતારે ભવ પારરે, કીરપારામ કહે જય જય બોલો એક વાર, ઇતી શ્રી બ્રહ્મક્ષેત્ર કથા સપૂર્ણ પચમો અધ્યાયરે.

ગુરૂના ગુરૂની કથા ને તેના તપનો મહીમા.

ધન્ય ધન્ય ગુરૂ મહારાજરે, મળ્યા સદ્‌ગુરૂ એક આજરે. ધ. ગગા જમના નદી બહુ ભારીરે, તેનું વર્ણન કરૂં છુ વારીવારીરે. ધ. આવી પૂર્વ દક્ષીણથી સુખકારીરે, તેનો સગમ થયો મનોહારીરે ધ સગમ મધ્યે દેવળ મહુ ભારીરે, લક્ષ્મી દેવી ઉભા સુખકારીરે. ધ તેમા રહેતા હતા મહા મુનીજી, થઇ પ્રસન્ન બોલ્યા વચનરે. ધ ભાઇ કયાથી આવ્યા ને કયા જાવુરે, આવ્યા આકલુજ નીપાણી જાવુરે. ધ કરૂ દેવીનું દર્શન આજરે, બીજુ દર્શન તુમ મહારાજરે. ધ. ભાઇ શુરે તમારૂ નામરે, કીયા ઠેકાણે તમારૂ ગામ'. ધ ગાન જુહું તે આગલોડ ગામરે, સાચુ ગામ તે પ્રભુનું નામરે ધ અવદીચ બ્રાહ્મણ મારી જાતરે, ભકિત થાય તો સારી વાતરે. ધ.

કેવળ સુત નરભેરામ નામરે, સત્ય નામ છે રામ રામરે ધ. ત્યારે સાધુ બોલ્યા નિર્વાણુરે, તને ઉપદેશ કરૂં ગીરવાણુરે. ધ. મહા નારી તે નરકનો કુપરે, તમે સમજ્યા નહિ તે સુખ સ્વરૂપરે. ધ. સારી ચમકીતી તરવારરે, તેવી રૂપવતી મહા નારરે. ધ. પેટ નાખવી કર્યો વિચારરે, તેનો ગુણુ થાયે અ પારરે. ધ. તેથી દૂર રહે સુખ થાયરે, બહુ જન્મના પ્રાશ્ચીત જાયરે. ધ. દયા ધર્મ વૈરાગ જેના મનરે, ચોરી કરવી નહિ કોઈ દીનરે. ધ. વિવક વિચાર જેનું મનરે, તેનુ સાધન તે ધન્ય ધન્યરે ધ. મરી ગયો જેમ ઉંટરે, ગોપીચંદને ચોર ન લુંટેરે. ધ. બીજાં શાસ્ત્ર કહ્યા તે ટાણેરે, થયુ નિરભ રામને જાણેરે. ધ. સુણી કથા થયું મન ભંગરે, ઉતરી ગયો માયાનો રંગરે. ધ. હરી હીરો હાથ આવ્યો આજરે, સર્યું નરભેરામનું કાજરે. ધ. થોડા દીવસ રહ્યા ગુરૂ શીષ્યરે, ફરવા ગયા ગુરૂ છોડીને શીષ્યરે. ધ. ગુરૂ ગયા ને શું કરૂંરે, બુડી મરૂં કે વીખ ખાઇને મરૂંરે. ધ. હાથે આવેલું રત્ન જતું રહ્યુંરે, તે દુઃખ પ્રભુ મારે મન રહ્યુંરે. ધ. નાખી નિસવાસ મન વૈરાગથીરે, બેઠા આસનવાળી એક મનથીરે. ધ. ખોદી ગુફા એક મહા ધ્યાનથીરે, બેઠા આસન વાળી એક મનથીરે. ધ. લીધો જોગ મહા જોગેશ્વરરે, કૃપા કરી એક મહા ઇશ્વરરે. ધ એક નિમ લીધો વરસ બારનોરે, ઘોળી પીવા માંડયો રસ લીમનોરે. ધ. અન્ન ખાવું વરસ બારમારે, પ્રભુ

સ્હાય થાજો કળીયુગમાંરે. ધ. થઇ સંપૂર્ણ તપસ્યા વરસ બારનીરે, થઇ મહેર બાલાજી મહારજનીરે. ધ. બીજો નિયમ લીધો જોગીશ્વરરે, લેવો પ્રસાદ આશા પુરે ઇશ્વરરે. ધ. પ્રભુ વાર કરજો પરમારથરે, પ્રભુ આશા પુરે સ્વાર્થરે. ધ. બ્રહ્મ ભોજન થાય જ્યારેરે, મારે પ્રસાદ લેવો ત્યારેરે. ધ. પ્રસાદ થાયે વીશ માણસનોરે, ત્યારે થાળ ગવાયે બાલાજીનો રે. ધ. તેવુ ભકતને સર્વ આવી મળેરે, સત વચન પ્રભુ આવી જ લેરે. ધ. ત્રણ કોશ નીપાણી ગામરે, પશ્ચિમ બાજુ અ બામાનું ધામરે. ધ. તેમાં રસોઇ કરી બહુ સારીરે, પ્રસાદ પીરસાણો તે વારીરે ધ. પ્રસાદ કેવો થયો મોગ ભાઇરે, આવ્યા વીશ માણસ બીજાં સાઇરે. ધ. ભલે આવ્યા ભાઇ આજેરે, સુખે જમવા બેસો મહારાજરે. ધ લાડુ પીરસી ગાયો થાળરે, રસોઇ પુરજો દિનદયાળરે ધ. રસોઇ ઢાકી દીધી તે વારેરે, જે જોઇએ તે આલો ભાળીરે. ધ. જમી ઉઠયા સર્વ બ્રહ્મરે, પાચ લાડું વધ્યા તે આશ્રમરે. ધ જમ્યા નરભેરામ મહારાજરે, સર્યું ભકતનું સર્વ કાજરે. ધ જય જય બોલો પઢરીનાથનીરે, આશા પુર્ણ કરી નરભેરામનીરે. ધ જય જય બોલે સર્વે સજનરે, અગલોડ રહી કરે ભજનરે. ધ. આસન વાળ્યુ મદીર દ્વારીરે, કીરપા થઇ રામની ભારીરે. ધ. વારી કરતાં પઢરીનાથનીરે, ત્યારે શન્તિ થાય મહારાજનીરે. ધ. કર્યું વર્ણન ગુરૂના ગુરૂ તાણુરે, કીરપારામના પ્રભુએ દુઃખ હર્યુંરે. ધ.